# વિદ્યાવિનાશને માર્ગે



સુરેશ જોષી

# વિદ્યાવિનાશને માર્ગે

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

સુરેશ હ. જોષી

વિદ્યાવિનાશને માર્ગે Copyright © by સુરેશ હ. જોષી. All Rights Reserved.

# Contents


મુખપૃષ્ઠ vi

‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ I

સર્જક-પરિચય iv

વિદ્યાવિનાશને માર્ગે vi

વદામિ viii

અર્પણ ix

૧ 11

૨ 21

૩ 29

૪ 33

૫ 37

૬ 41

૭ 45

૮ 49

| | |
|---|---|
| ૯ | 53 |
| ૧૦ | 56 |
| ૧૧ | 62 |
| ૧૨ | 66 |
| ૧૩ | 69 |
| ૧૪ | 73 |
| ૧૫ | 76 |

# મુખપૃષ્ઠ

મુખપૃષ્ઠ



# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શક્તિવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# વિદ્યાવિનાશને માર્ગે




**વિદ્યાવિનાશને માર્ગે**

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: નિબન્ધ

# વિદ્યાવિનાશને માર્ગે

સુરેશ હ. જોષી

**સંકલન: શિરીષ પંચાલ**

# વદામિ

હું કોઈ શિક્ષણશાસ્ત્રી કે તત્ત્વચિન્તક હોવાનો દાવો કરતો નથી. શિક્ષણ, મારી દૃષ્ટિએ, એક કળા છે. પ્રત્યક્ષ અનુભવ જો કોઈ પ્રામાણ્ય હોય તો તે આ લખાણની પાછળ છે. વિદ્યાપીઠોના તન્ત્રમાં પ્રવર્તતી ગેરરીતિનો ભોગ બનનાર તરીકે પણ મને આ લખવાનો અધિકાર છે. આ મારું દૃષ્ટિબિન્દુ છે, એમાં ક્ષતિ સમ્ભવે તે સ્વીકારું છું. મારો આશય, આ નિમિત્તે, આપણા જીવનના એક મહત્ત્વના અંગ વિશે, ઊહાપોહ શરૂ થાય એ જ છે. છૂટા લેખો રૂપે આ બધું લખાયું હોવાને કારણે વિચારોનું પુનરાવર્તન પણ થયું હશે. એ બદલ ક્ષમા યાચું છું.

– **સુરેશ જોષી**

# અર્પણ

વિનાશમાંથી થોડુંઘણું ઉગારવા મથનાર

‘આઇ.પી.’ને

To reconstitute one’s self is for a man to remake the world in which he is defined. To know what we might become is not a simple act of the intellect; it requires that we engage in such committed action as can destroy the deforming boundaries of our lives. So action and thought require each other, inform each other, and complete each other. The obligation imposed on the intellectual, as it is imposed on any one man, is not merely to speak against the world but refashion it.

It is not a violation of the purpose of a university that some parts of the activity serve society; but the university must determine through its own critical agencies that the society it is to serve is a place in which the spirit of man may be nurtured and advanced.

અર્પણ

– Richard Lichtman

# ૧

આપણી વિદ્યાપીઠો અંગેના કેટલાક પ્રશ્નો આપણા ચિન્તકો અને સારસ્વતોએ તાત્કાલિક વિચારી લેવા જોઈએ. વિદ્યાપીઠો કેવળ ઉપલબ્ધ જ્ઞાનનું વિતરણ કરનારી અને પરીક્ષા લેનારી સંસ્થા નથી. જે અદ્યાવત ઉપલબ્ધ જ્ઞાન છે તેની બદલાતા માનવસન્દર્ભ પ્રમાણે હંમેશાં ચકાસણી થતી રહેવી જોઈએ. એ ચકાસણીને પરિણામે જે ટકી રહી નહીં શકે એવું હોય તેનો પરિહાર, જે અંગે નવી વિચારણા કરવાની આવશ્યકતા ઊભી થઈ હોય તે અંગે પુનર્વિચારણાનો સાત્ત્વિક ઉદ્યમ, નવા સન્દર્ભાનુસાર ઊભી થતી સમસ્યા-ઓની પદ્ધતિસરની માંડણી. આ પ્રવૃત્તિઓ વિદ્યાપીઠોમાં સતત ચાલતી રહેવી જોઈએ. સ્થિતસ્ય સમર્થનમ્ માટે વિદ્યાપીઠો નથી. વિદ્યાપીઠો પરમ્પરાની જાળવણીને નામે નવા સન્દર્ભમાં ઊભા થતા વૈચારિક સંઘર્ષોને ટાળે નહીં, ઊલટાનું એ સંઘર્ષોનું સાચું સ્વરૂપ, અનુચિત અભિનિવેશથી મુક્ત રહીને, ઉપસાવી આપે.

પોળે પોળે જેમ દૂધની કેબિનો હોય છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠો ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહ્યો છે એવી ભ્રાન્તિને વશ થનારા બાલિશ જ લેખાય. હવે એ તપાસવું જરૂરી છે કે અનેક પ્રકારના બોજાથી કચડાતો આપણો સમાજ અને આપણો આ દરિદ્ર દેશ કેટલી નકામી અકાર્યકર સંસ્થાઓ નાહક નભાવી રહ્યો છે. દરેક વિદ્યાપીઠનો કશોક આગવો વિશેષ હોવો જોઈએ; એની કશીક આગવી મુદ્રા હોવી જોઈએ. જો એવું નહીં બને તો એક સરખા માલનું ઉત્પાદન કરનારાં કારખા-નાં જેવી વિદ્યાપીઠો બની રહે. આજે લગભગ આપણે એ સ્થિતિમાં આવી પડ્યા છીએ. સમાજનો ધુરીણ વર્ગ એમ માનતો થઈ ગયો છે કે વિદ્યાપીઠોએ આપણા ઉત્પાદકોને

ખપમાં આવે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા જોઈએ. જે સાંસ્કૃતિક મૂલ્યોની નિર્માણની પ્રક્રિયા વિદ્યાપીઠોમાં ચાલવી જોઈએ તે ચાલતી નથી. આનું કારણ એ છે કે વિદ્યાપીઠો પણ સમાજના વગ ધરાવનારાં જૂથોના નિયન્ત્રણ હેઠળ આવી ગઈ છે. વિદ્વાન દેશને ગમે તે ખૂણે પડ્યો હોય તોય તેને શોધીને વિદ્યાપીઠોએ તેના જ્ઞાનનો લાભ લેવો જોઈએ. તેની જ્ઞાનની સાધના નિરન્તરાય અવિરત ચાલુ રહે એ માટે એના યોગક્ષેમનો ભાર ઉપાડવો જોઈએ.

સમાજે અને રાજ્યે પણ પ્રજાના વિકાસની દૃષ્ટિએ વિદ્યાપીઠના મહત્ત્વને સ્વીકારીને એની ઉન્નતિ માટેનાં બધાં જ સાધનો ઉપલબ્ધ કરી આપવાં જોઈએ. હવે આર્થિક કટો-કટીને નામે શિક્ષણસંસ્થાઓ માટેના અનુદાન પર કાપ મૂકવામાં આવે છે. ચૂંટણીને નામે આ ગરીબ દેશ કરોડોનો અપવ્યય કરે છે, પણ વિદ્યાપીઠોમાં ચાલતી સંશોધનની પ્રવૃત્તિ અને એને અંગે જરૂરી એવાં અદ્યતન પુસ્તકાલયો માટેના જરૂરી ખરચ પર સૌ પ્રથમ કાપ મૂકવામાં આવે છે. વિદ્યાપીઠોને મહેલ જેવાં મકાનો વગર ચાલે, પણ સારાં પુસ્ત-કાલય વગર કેમ ચાલે?

શહેરમાં ચાલતા ‘કોચિંગ ક્લાસ’માં વિદ્યાર્થીઓનો ધસારો થાય છે, ત્યાં વિદ્યાર્થીઓ શાન્તિથી ભણે છે, તોફાન કરતા નથી. આ કોચિંગ ક્લાસ વિદ્યાપીઠોનાં પૂરક અંગ છે એમ માનવાની કોઈ રખે ભૂલ કરે. એ ક્લાસ નભે છે વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળ બનાવવાની એની વહેવારુ ઉપયોગિતાના પર. જ્ઞાનના વિકાસ કે સંવર્ધન સાથે એને કશી નિસબત નથી. વિદ્યાપીઠના વર્ગોમાં આથી જ વિદ્યાર્થીઓને તોફાન કરવાનું પરવડે છે. આવા કોચિંગ ક્લાસ સાથે વિદ્યાપીઠના અધ્યાપકો પણ છૂપો કે પ્રગટ સમ્બન્ધ ધરાવતા હોય છે. પરીક્ષામાં ઉપયોગી થઈ પડે એવાં સાહિત્યનો ઢગલો વળે છે. આ સાહિત્ય વિદ્યાર્થીઓને જ્ઞાનના મૂળ સ્રોત સુધી જવા દેતું નથી.

વિદ્યાપીઠના રોજ બ રોજના સંચાલનમાં ઊભા થતા પ્રશ્નોનો તત્પૂરતો ઉકેલ લાવવામાં આવે છે. પણ જે પ્રશ્નો વધારે ગમ્ભીર સ્વરૂપના અનિષ્ટના સંકેતરૂપ છે તેનો વિચાર કરવામાં આવતો નથી. આ કારણે મૂળ વ્યાધિ અસાધ્ય બનતો જાય છે. હવે એવી સ્થિતિ આવી છે કે વિદ્યાપીઠો નિરર્થક જ નહીં પણ સમાજની શાન્તિ અને વ્યવસ્થામાં ખતર-નાક અન્તરાયરૂપ ગણાવા લાગી છે. જે નગરમાં વિદ્યાપીઠ હોય તે નગરમાં જાહેર મિલ-

કતનું ભારે નુકસાન થાય છે. શાન્તિ અને વ્યવસ્થા નજીવા કારણસર વારેવારે જોખમાય છે, રાજકારણના અખાડાબાજોનો એ અડ્ડો બની જાય છે, મોટે ભાગે મધ્યમ વર્ગમાંથી આવનારા વિદ્યાર્થીઓને આર્થિક રીતે નહીં પરવડે એવી કેફી દ્રવ્યો, ખાણીપીણી, મનોરંજન વગેરેની ખરચાળ જીવનરીતિને કારણે પૈસા મેળવવા માટે વિદ્યાર્થીઓ રાજકારણનાં અને સમાજનાં અનિષ્ટ તત્ત્વોના હાથા બને છે ત્યાંથી જ એનો શતમુખ વિનિપાત શરૂ થાય છે. એ ઉદ્ધતાઈને યુવાનીનો વિશિષ્ટ અધિકાર માને છે, એને પોતાની કોઈ ભાષા હોતી નથી, એ એને ખરીદનારની ભાષા વાપરે છે. મૌલિક પ્રમાણભૂત વિચારણા સાથે એને કશી લેવાદેવા નથી. એવી પ્રવૃત્તિની એ ઠેકડી ઉડાવે છે. અમૂલ્ય ગ્રન્થસંગ્રહો કે સાધનસામગ્રીનો નાશ કરતાં એ ખચકાતા નથી. એની આ ખતરનાક પ્રવૃત્તિ સામે જો પોલિસનું રક્ષણ માગવામાં આવે તો ‘દમનનો દોર છૂટો મૂક્યા’નું કહીને એ ગોકીરો મચાવી મૂકે છે.

પશ્ચિમમાં પણ આવી પરિસ્થિતિની મીમાંસા કરનારા કેટલાક ચિન્તકોએ અન્તિમે જઈને સ્પષ્ટ કહી દીધું છે કે હવે વિદ્યાપીઠનું કાર્ય રહ્યું નથી. આજની પરિસ્થિતિમાં એ કાર્ય કરી શકે તેમ પણ નથી. માટે વિદ્યાપીઠોને તાળાં મારી દો. ફ્રાન્સના પ્રખ્યાત નવલકથાકાર અને ચિંતક આન્દ્રે ગોર્ઝ આવો મત ધરાવે છે. વિદ્યાપીઠોની અકાર્યકરતા ખુલ્લી પડી ગઈ છે. કોઈ પણ પ્રકારના કહેવાતા સુધારાઓનાં થીંગડાં મારવાથી હવે કશું વળવાનું નથી. વિદ્યાપીઠો કેવા તન્ત્રવાહકોને એમની પ્રત્યે આકર્ષે છે તે જોવાથી પણ ઘણું સમજાઈ જશે. આથી આપણે આ કહેવાતા સુધારાઓ◌ેનો સામનો કરવો જોઈએ. એ સુધારાથી આવતાં વહેવારુ પરિણામો અને એને વાજબી ઠરાવવાને માટે રજૂ કરવામાં આવતી સૈદ્ધાન્તિક ભૂમિકાનો વિરોધ કરવો જોઈએ. ખતરનાક છે એટલા માટે નહીં પણ એ ભ્રામક છે એટલા માટે. વિદ્યાપીઠમાં આવેલી કટોકટી વિદ્યાપીઠ પૂરતી જ મર્યાદિત રહી નથી, એ શ્રમકાર્યના સામાજિક તથા ટેકનિકલ વિભાજનને પણ આવરી લે છે. આથી સ્ફોટ થતો અટકાવવો એ હિતાવહ નથી. સ્ફોટ કાલે થતો હોય તો આજે ભલે થાય.

આ શી રીતે કરવું એ ચર્ચાનો વિષય છે. પણ આ આલોચના અને ચર્ચા કાર્યકર નીવડે

તે માટે સૌ પ્રથમ એ ભૂમિકા સ્વીકારવી જરૂરી છે કે સર્વ ક્ષેત્રોમાં સુધારાની સુષ્ઠુ સુષ્ઠુ વાતો હવે છોડી દેવી જોઈએ.

અમુક વયે પહોંચેલા પૈકીના મોટા ભાગના વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ લે અને એમાં સફળ નીવડેલા પૈકીના મોટા ભાગના વિદ્યાપીઠોમાં પ્રવેશ મેળવવા ધસારો કરે ત્યારે બુર્ઝવા વર્ગે ઊભું કરેલું સામાજિક પસંદગીનું તન્ત્ર આ આક્રમણનો ભોગ બને. એની પાછળ રહેલી વૈચારિક પીઠિકા અને એને આધારે ઊભી કરેલી સંસ્થા – બંનેમાં કટોકટી સરજાય. આ પાછળ રહેલી વૈચારિક ભૂમિકા તે ‘સામાજિક પ્રગતિ માટે સૌ કોઈને એક સરખી તક મળે’ એ સિદ્ધાન્ત પર રચાયેલી છે. આ એક સરખી તક અને સમાનતાની વાત જ ભ્રામક છે. આમ છતાં બે દાયકા પહેલાં આને માટેના તન્ત્રમાં તથા વિદ્યાર્થી-ઓની પસંદગીમાં વસ્તુલક્ષી(ઓબ્જેક્ટિવ) ધોરણો જળવાતાં હતાં. આથી એની પાછળ રહેલી વર્ગભેદની ભૂમિકા તથા યદચ્છાવૃત્તિ ઢંકાયેલાં રહેતાં હતાં. બધાને માટે ‘અનુકૂળ માનસિક વલણ’ અને ‘દક્ષતા’ની અમુક એકસરખી વ્યાખ્યા બાંધવામાં આવતી હતી. ડાબેરીઓ લડ્યા તે પસંદગીની પાછળ રહેલા આ વર્ગભેદની સામે નહીં. જો એમ કર્યું હોત તો પસંદગી જ માત્ર નહીં સમગ્ર શિક્ષણવ્યવસ્થાની સામે જ એમને ઝૂઝવું પડ્યું હોત. આ પસંદગી માટે સૌ કોઈ એકસરખો હક્કદાર છે એટલી એક જ વાત કદાચ એમને સ્વીકાર્ય બની હોત.

આ હક્ક સૈદ્ધાન્તિક દૃષ્ટિએ બધાંને આપવામાં આવ્યો હતો ત્યાં સુધી આ માગણી પાછળ રહેલા વિરોધાભાસ પ્રગટ થઈ આવ્યા નહોતા. પણ આ હક્ક ભોગવવાની વહે-વારુ શક્યતા ઘણા મોટા ભાગને નિષિદ્ધ હતી. પણ જ્ઞાનના વિસ્તાર સાથે જ એ અધિ-કાર વિશેની સભાનતા વધી અને વિરોધો છતા થયા. જો ઉચ્ચ કેળવણી પામવાનો બહુસંખ્ય લોકોનો અધિકાર હોય તો પછી એ શિક્ષણમાં પસંદગીનાં ધોરણનો કશો અર્થ રહેતો નથી. હવે સામાજિક પ્રગતિ સાધવાનો અધિકાર અને શિક્ષણ પામવાનો અધિકાર એક સાથે જઈ શકે નહીં, સૈદ્ધાન્તિક દૃષ્ટિએ એક શક્યતા લેખે જો આપણે એ મંજૂર રાખીએ કે દરેક વ્યક્તિને એ શિક્ષણ આપી શકાય તો પછી દરેક વ્યક્તિને વિશિષ્ટ સ્થાને પ્રતિષ્ઠિત ન કરી શકાય. એક વાર તમે વિદ્યાર્થીઓની પસંદગીનાં ધોરણો પર

પ્રહાર કરો, તો પછી સમાજ એને પૂરક નીવડે એવું કશું તન્ત્ર ઊભું કરશે અથવા તો શિક્ષણના અધિકારને વહીવટી પગલાંઓથી નિયન્ત્રિત કરશે.

આ વહીવટી મર્યાદાઓ, વિદ્યાપીઠની પ્રવેશપરીક્ષા એ પણ એવો તો નાજુક રાજકીય મુદ્દો બની રહે છે કે એમાં પ્રચ્છન્ન રીતે શાસક વર્ગ અથવા શાસકો પર વગ ધરાવનારો વર્ગ હસ્તક્ષેપ કરતો થઈ જાય છે. આમાં એક વિરોધાભાસ રહેલો છે : વિદ્યાર્થીઓની સંખ્યાને મર્યાદિત કરવી એ ન્યાયના સિદ્ધાન્તનો છડેચોક ભંગ છે અને એક સામાજિક ભ્રાંતિ છે, કારણ કે શિક્ષણ દ્વારા સામાજિક ઉન્નતિ સાધવાની તક સૌને માટે સરખી હોવી જોઈએ એમ કહીએ અને પછી એમ કહીએ કે શિક્ષણ પામવાની સમ્ભવિતતા કેવળ અભ્યાસ માટેના અનુકૂળ વલણથી જ મર્યાદિત બનેલ છે તો એનો અર્થ શો થાય?

આ સ્વતન્ત્રતાના આભાસને દૂર કરવાની જરૂર છે. આ બધું 'ડેમોક્રેટિક રેશનાલિટી'ને નામે થઈ રહ્યું છે. શિક્ષણ ખરચાળ છે અને સ્નાતકોને 'ઊંચે સ્થાને' બેસાડી ન શકો તો એથી લાભ શો? કહેવાતા મધ્યમ વર્ગને 'સામાજિક ઉન્નતિ'નાં વચનોથી ફોસલાવીને જ મૂડીવાદીઓ◌ પોતાના તરફ ખેંચી શકે. આ ઉન્નતિ કેવળ એને મેળવનારની શક્તિ-અશક્તિથી જ બાધિત થાય છે એવું કહેવાનું એઓ ચૂકતા નથી. ગુણવત્તાને આધારે પસંદગીની ભ્રાંતિને જો દૂર કરવામાં આવે તો મધ્યમ વર્ગ મૂડીવાદીઓ◌નો વિરોધી થઈ જાય ને સામી છાવણીમાં જઈને બેસી જાય. મધ્યમ વર્ગમાં રહેવું તે દુર્ભાગ્યને કારણે સરજાયેલી પરિસ્થિતિ નથી, મધ્યમ વર્ગમાં જ જન્મ્યા હોવાને કારણે અનિવાર્યતયા વેઠવી પડે એવી અવદશા નથી. પણ કઠોર શ્રમને સહેનાર ખમતીધર અને છતાં ગૌણ સ્થાન સ્વીકારીને મધ્યમ વર્ગને ટકાવી રાખનાર, છતાં એની બરોબરીના હોવાનો કદી દાવો ન કરનાર વર્ગની પણ જરૂર તો ખરી જ ને!

આથી મધ્યમ વર્ગે 'સામાજિક ઉન્નતિ માટેની સરખી તક' એ વાક્યનો શુકપાઠ કર્યે રાખવો રહ્યો! પણ વાસ્તવિકતા આ ભ્રમને છેદે છે. શિક્ષણ પામવાનો અબાધિત અધિકાર છે તે કબૂલ, પણ શિક્ષણ આપણને ક્યાંય લઈ જતું નથી. શિક્ષિતોની વધતી સંખ્યાને કારણે શિક્ષણનું અવમૂલ્યન થયું છે. તેડું તો ઘણાંને થાય પણ પસંદ થાય થોડા બડભાગી, એવાં ઉચ્ચ સ્થાનો જ આ લોકશાહીમાં વિરલ છે. શેઠિયાના જમાઈ કે સાળાબનેવી થઈને અથવા તો 'પ્રધાનના માણસ' થઈને આ વિરલ સ્થાને શૈક્ષણિક

ગુણવત્તા વિના જઈ શકો. વિદ્યાપીઠમાં પસંદગીમાં 'વિકાસની સરખી તક'ને નામે મોટી સંખ્યાને આવકારો, પછી વ્યવસાયના ક્ષેત્રમાં થતી પસંદગીમાં મોટી સંખ્યાને નકારીને એનું સાટું વાળી દો. હિસાબ ચૂકતે થઈ ગયો!

આ ઉપરાંત બીજું એક તત્ત્વ ગણાવાય છે તે 'સંજોગોનું પરિબળ!' માતાપિતા એમનાં બાળકોને ઉત્તમ પબ્લિક સ્કૂલમાં મૂકે, ત્યાંથી ઉચ્ચ શિક્ષણની 'ઉત્તમ' સંસ્થાઓ઼માં એઓ જાય અને ત્યાંથી સીધાં 'ઉત્તમ' સ્થાનો પર ગોઠવાઈ જાય. ત્યાં ભાગ્યચક્ર પૂરું થાય. ઉચ્ચ શિક્ષણ આપનારી વિદ્યાપીઠો દર વર્ષે બેકારોનો ઢગલો કરતી જાય, શિક્ષ-ણને કારણે પણ જેમને કશી વિશિષ્ટતા કે અસાધારણતા પ્રાપ્ત નથી થઈ એવા ચહેરા વગરના આદમીઓનો ગંજ ખડકતી જાય તેને 'જ્ઞાનનો પ્રસાર' કહીને બિરદાવીને રાજી થવા જેટલા હજી બુદ્ધુ રહીશું? રાજ્ય વિદ્યાપીઠો ખોલ્યે જાય છે, પણ એ વિદ્યાપીઠો જે ડીગ્રી આપે છે તેનું ક્રમશઃ અવમૂલ્યન કરતું જાય છે. સરકાર વિદ્યાપીઠોને ફાંસો ખાવા માટે પૂરતું દોરડું પૂરું પાડી રહી છે. કોણ કહેશે કે સરકાર ઉદાર નથી? આ દરમિ-યાન આ કે તે રાજકીય પક્ષના તકવાદીઓ દ્વારા યેનકેન પ્રકારેણ વિદ્યાપીઠોમાં પહેલાં નાનાં છમકલાં, પછી ધાંધલ, પછી હુલ્લડ મચાવીને વિદ્યાપીઠોમાં એસ.આર.પી. અને બી.એસ.એફ.ને ઘુસાડી દઈને બહુ સિફતથી એમ સાબિત કરી આપવામાં આવે કે આ શિક્ષણ જ નકામું થઈ ગયું છે, સંસ્કારવિહોણું છે, શિક્ષકો વૈતરું ઢસરડે છે વગેરે વગેરે.

એક વાર આપણે કશાની શેહમાં દબાયા વિના આજની પરિસ્થિતિનું નિદાન તો કરી લઈએ.

વિદ્યાપીઠોમાં દેખાતા આવા વિરોધાભાસો આપણને કેટલાક પાયાના વિરોધો તરફ દોરી જાય છે. અત્યાર સુધી આપવામાં આવતી ડીગ્રીઓ઼નું આર્થિક મૂલ્ય એવા ડીગ્રીધારી-ઓની અલ્પ સંખ્યા અને ઉચ્ચ શિક્ષણ માટેનું અનુકૂળ વલણ ધરાવનારાઓની અલ્પ-સંખ્યા પર આધાર રાખતું હતું. પણ હવે જો ઉચ્ચ અભ્યાસ માટેનું અનુકૂળ વલણ ધરાવનારાઓની સંખ્યા વધી ગઈ હોય તો આપોઆપ એનું મૂલ્ય પણ અદૃશ્ય થઈ જાય છે અને એની સાથે જ અનિવાર્યતયા શ્રમવિભાજનની ચઢતીઊતરતી ભાંજણી પણ ભાંગી પડે છે. ઉચ્ચ શિક્ષણ માટેનું અનુકૂળ વલણ (એપ્ટિટ્યૂડ) પછી એને કશીક ડીગ્રીથી પ્રમાણિત કર્યું હોય કે ન કર્યું હોય, જો વધુ વ્યાપક બનતું દેખાતું હોય તો આ

ડીગ્રી પસંદગીના એક નિર્ણાયક ધોરણ તરીકે કામ આપી શકે નહીં : સામાજિક દૃષ્ટિએ જે સન્તોષ પ્રાપ્ત થવો જોઈએ તે પણ દક્ષતા અને ગુણવત્તાના પર જ આધાર રાખે છે એમ કહી શકાય નહીં. ઉચ્ચ શિક્ષણ માટેનો અધિકાર અને વિકાસ માટેના અધિકાર સાથે સાથે જઈ શકે નહીં. આમ શિક્ષણથી ઉન્નતિની ખાતરી મળતી ન હોય તો બેમાંથી એક વસ્તુ સાચી છે. ક્યાં તો એ કેવળ સમયનો અપવ્યય છે, સમાજના પર લાદેલો વૃથા ભાર છે (કારણ કે એથી નથી લાભ થતો વિદ્યાર્થીને કે નથી લાભ થતો મૂડીવાદી સમા-જને) ક્યાં તો એ સામાન્ય સ્વરૂપની ઉપયોગિતાનિરપેક્ષ એવી કેળવણી છે અને એવો વૈભવ સમાજને પરવડે છે. પણ એમ હોય તો શિક્ષણ માટેના અબાધિત અધિકારની એક અનિવાર્ય ઉપપત્તિ પણ આપણે સ્વીકારી લેવી પડે; જે શિક્ષણ કોઈ વ્યવસાય કે કારકિ-દી તરફ લઈ જતું નથી તેને વિદ્યાર્થીઓ સ્વીકારે છે તે કેવળ 'જ્ઞાનના ખાતર જ્ઞાન માટે,' વ્યવસાયલક્ષી શિક્ષણ તરીકે નહીં.

આ તબક્કે જ વિદ્યાપીઠની સંસ્થામાં રહેલા વિરોધો છતા થવા માંડે છે. વિદ્યાર્થીઓને અમુક ધોરણે જ પ્રવેશ માટે પસંદગી આપવાની પદ્ધતિનો વિદ્યાર્થીઓએ શિક્ષણ માટેના લોકશાહીમાંના અબાધિત અધિકારને નામે વિરોધ કર્યો. 'સૌને સરખી તક' એ સૂત્રને અનુસરીને કરેલી માંગણી અનિવાર્યતયા આપણને શ્રમવિભાજનના ચઢતાઊતરતા ક્ર-મની વ્યવસ્થાનો છેદ ઉરાડીને સમાનતા માટેના આગ્રહ તરફ લઈ જાય. શિક્ષણ માટેનો અધિકાર જો સૌ કોઈનો હોય, શિક્ષણ એ અમુક લોકોનો વિશિષ્ટાધિકાર ન હોય તો પછી એ શિક્ષણ પામનારને પણ કશો વિશિષ્ટાધિકાર પ્રાપ્ત ન થાય તે સ્પષ્ટ છે. ઉચ્ચ ઉપાધિ ધારણ કરનારાઓએ પણ શરીરશ્રમ કરવાનો રહે, આને પરિણામે સમાજની શ્રમવ્યવસ્થાને, ટેકનિકલ શ્રમવ્યવસ્થાને પણ ફગાવી દેવાની રહે.

પણ આટલેથી જ અટકવું શક્ય નથી, કારણ કે શિક્ષણથી કારકિર્દી કે વ્યવસાય આપોઆપ પ્રાપ્ત થઈ જતા નથી. એવી જો પરિસ્થિતિ હોય તો શિક્ષણના સ્વરૂપ વિશે ફરીથી વિચાર કરવાનો રહે. એ શેનું બનેલું હોય? એનું પ્રયોજન શું? આ પ્રશ્નો વિચા-રવાના રહે. જો એ 'ઉપયોગી નીવડે એવી સંસ્કૃતિ'નું નિર્માણ કરતું હોય તો પછી એ 'વિદ્રોહાત્મક સભ્યતા' ઊભી કરે, 'રિબેલ કલ્ચર' ઊભું કરે. સમાજની અપેક્ષાને જો એ

લક્ષમાં ન લેતું હોય તો એ સમાજનો નાશ કરવા ઇચ્છનારા અને એણે યોજેલી શ્રમવ્ય-વસ્થાનો પણ સાથે નાશ કરવા ઇચ્છનારા વિદ્યાર્થીઓની માંગણી એણે સંતોષવાની રહે.

પણ વિદ્યાપીઠોનું બંધારણ જ એવું છે કે એ આવી માંગણીને સન્તોષી ન શકે : મૂડીવાદી અર્થતન્ત્રની માગણીઓ ેને સંતોષવામાં પણ એ કાર્યક્ષમ નથી અને મૂડીવા-દને ઉથલાવી પાડવા ઇચ્છનારાઓની અપેક્ષાઓને પણ એ સન્તોષી શકે તેમ નથી. એ જે શિક્ષણ આપે છે તેનો સમ્બન્ધ ઉત્પાદનની પ્રવૃત્તિઓ સાથે નથી કે વિદ્રોહાત્મક પ્ર-વૃત્તિઓ સાથે પણ નથી. ટૂંકમાં કહીએ તો એ એક એવું સ્થાન છે જ્યાં જીવનનાં થોડાં વર્ષો કશું કર્યા વિના, કશું પામ્યા વિના કે કશામાં ગમ્ભીરતાથી રસ લીધા વિના ગાળી શકાય. આથી જ તો વિદ્યાપીઠના વર્ગો ખાલી હોય છે, પણ એના કંપાઉન્ડમાં વિદ્યાર્થી-ઓનાં ટોળેટોળાં કશું કર્યા વિના સદા ઘૂમ્યાં કરતાં હોય છે. સામેનાં થિયેટરોમાં, રેસ્ટોરાં કે કોલેજ કેન્ટિનોમાં એવા વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં હોય છે. તમે ગમે તેવા સુધારા કરો તોય હવે આ પરિસ્થિતિમાં સુધારો થવો શક્ય નથી. આથી વિદ્યાપીઠોમાં સુધારણા કરવાનો પ્રશ્ન જ નથી, એનો નાશ કર્યે જ છૂટકો છે. કારણ કે તો જ લોકોથી વેગળી પડી જતી સંસ્કૃતિનો(મેન્ડેરિન કલ્ચર) નાશ થઈ શકે, તો જ એથી ઊભી થતી સામાજિક ભ્રાન્તિનો નાશ થઈ શકે. આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ પણ એ એક હકીકત છે કે આપણી વિદ્યાપીઠો આ ભ્રાન્તિ ઊભી કરવામાં સાધનરૂપ બની રહી છે.

આથી વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓને ભણવા કરતાં ‘ગેરિલા વોરફેર’(છાપામાર પ્રવૃત્તિ) ચલાવવામાં વધારે રસ પડે છે. એથી જડ બની ગયેલી સંસ્થાઓમાં થતી રૂંધામણમાંથી જલદી જલદી છુટકારો મળે છે, એથી આવી સંસ્થાઓ ેમાં પ્રવર્તતી દામ્ભિકતાને અને એનો ધૂર્તતાથી બચાવ કરનારાઓને ખુલ્લા પાડ્યાનો સન્તોષ પણ મળી રહે છે. ડાબેરી વલણ ધરાવનારા વિદ્યાર્થીઓ આની અવેજીમાં બીજું કશું સ્થાપવામાં કે સમાજને બદલીને એને સ્થાને તરત જન્મીને મરી ન જાય એવું કશુંક સંગીન સ્થાપી આપવામાં નિષ્ફળ નીવડ્યા છે એ પણ સ્વીકારવું જ રહ્યું. વિદ્યાર્થીઓ આપમેળે તો બીજી સંસ્કૃ-તિનું નિર્માણ કરી શકવાના નથી કે વિદ્રોહ પણ કરી શકવાના નથી. એ લોકો આવી પડેલી કટોકટી તરફ આંગળી ચીંધી શકે, ભ્રાન્તિને ઢાંકનારા પડદાને ચીરી શકે, શ્ર-મવિભાજનની ગેરવ્યવસ્થા અને કહેવાતી ‘શ્રેષ્ઠની પસંદગી’ પાછળના દમ્ભને ખુલ્લો

પાડી શકે. આ જ વસ્તુ એ લોકો કંઈક અણઘડપણે અને અણઆવડતથી કરી રહ્યા છે, અને એ તરફ આંગળી ચીંધીને સત્તાવાળાઓ એમની ટીકા કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ એકલા ઝાઝું આગળ વધી શકે તેમ નથી. થોડી ભાંગફોડ કરી શકે, શ્રમવિભાજનની વ્યવસ્થાને પડકારવા જેટલી સભાનતા કે સૂઝ પણ એમનામાં નથી. આ પદ્ધતિ, કારખાનાંઓમાં કે વેપારી સંસ્થાઓ◌ેમાં કાર્યકર નીવડી શકે નહીં. આવી પ્રવૃત્તિમાં પડતાં પહેલાં ઉત્પાદક સંસ્થાઓ◌ેની કાર્યપદ્ધતિનું બુદ્ધિપૂર્વક વિશ્લેષણ કરવું પડે, એમાં દેખાતી ‘ટેકનિકલ રેશનાલિટી’ અને બતાવવા પૂરતી વસ્તુલક્ષિતા તે અધિકાર જમાવવાનો જ એક તરીકો છે. જો આ બધાંને પડકારવાં હોય તો એની કાર્યપ્રક્રિયાનું ઝીણવટભર્યું જ્ઞાન હોવું જોઈએ, તો જ એમાં ફેરફાર લાવી શકાય. યાન્ત્રિક શ્રમવિભાજનને સ્થાને ઐચ્છિક શ્રમવિભાજન સ્થાપી શકાય.

આ પ્રકારના કાર્યકારી પૃથક્કરણ દ્વારા જ શિક્ષણસંસ્થાઓ(જે સીધી કે આડકતરી રીતે મૂડીવાદી સમાજરચનામાં મેનેજરોને અને અધિકારીઓને તૈયાર કરે છે)ની પણ અસરકારક આલોચના થઈ શકે. આથી વિદ્યાપીઠોની નાબૂદી અને વર્ગભેદના પર આધાર રાખતી શિક્ષણવ્યવસ્થામાં ફેરફાર કરવો એ કેવળ વિદ્યાર્થીઓની જ જવાબદારી નથી. મૂડીવાદી સમાજરચનામાં જે શ્રમવ્યવસ્થા છે તેને તોડવી હોય અને એને ટકાવી રાખનાર શિક્ષણસંસ્થાઓને નાબૂદ કરવી હોય તો શ્રમિકોએ પણ વિદ્યાર્થીઓ જોડે હાથ મિલાવવા જોઈએ.

આ પ્રશ્નનું મહત્ત્વ હજી બરાબર સમજાયું નથી. આથી કોઈ પણ પ્રકારની વૈચારિક પૂર્વભૂમિકા વિનાની વિદ્રોહની પ્રવૃત્તિ માત્ર કોઈક વાર થતાં છમકલાંરૂપે મરી પરવારે છે. એની એ જ દશા થાય એમાં તન્ત્રવાહકોને રસ છે. આથી સમ્પત્તિનો નાશ એમને ચિન્તાતુર બનાવતો નથી, છમકલું છમકલાની અવસ્થાએ જ રહે અને એમાંથી સંગીન વિદ્રોહનું કોઈ પણ રીતે નિર્માણ ન થાય એની જ એ લોકો તકેદારી રાખતા હોય છે. આને માટે રાજકીય પક્ષો વિદ્યાર્થીઓને ખરીદી લે છે, ભ્રષ્ટાચારનો ચેપી રોગ વિદ્યાર્થીઓમાં ફેલાવે છે. ગઈ કાલનો વિદ્રોહી આવતી કાલનો રીઢો ભ્રષ્ટાચારી બનતો દેખાય છે. માનવશક્તિનો આવો અપવ્યય સરકારને પણ એટલો કઠતો નથી. આ દોષ વિદ્યાર્થી-આન્દોલનનો જ માત્ર નથી. એમને આવી વિક્ષુબ્ધતાની દશામાં રાખીને વધુ સંગીન સ્વરૂપમાં

થતા વિદ્રોહની દિશામાં જતા રોકી રાખવાનો આશય આની પાછળ કામ કરી રહ્યો હોય છે. વિદ્યાપીઠનાં વર્ષો પૂરાં થયાં પછી વિદ્યાર્થી સમાજના વિશાળ સમૂહમાં ફેંકાઈને નગણ્ય બની જાય એટલે બસ. પછી એ નિરુપદ્રવી બની રહે. આમ સમાજ પણ ક્રાન્તિથી ડરીને વિદ્યાર્થીઓને વિદ્યાપીઠોના મર્યાદિત ક્ષેત્રમાં જ બધાં છમકલાં કરવા દે છે, પછી બધો દોષ વિદ્યાર્થીઓ પર અને વિદ્યાપીઠો પર ઢોળી દેવાનું સગવડભર્યું બની રહે છે. આથી જ ભાંગફોડ અને મર્યાદિત સ્વરૂપની હિંસાને એ ઉદારભાવે સાંખી લીધાનો ઢોંગ કરે છે. સમાજ સમસ્યાઓને સ્પષ્ટ રૂપ આપવાનું ઇચ્છતો નથી. રાજકારણમાં પડેલાઓ આ પ્રશ્નો અને સમસ્યાઓનો અભ્યાસ કરીને એનો ઉકેલ લાવવાની નિષ્ઠાવાળા નથી. આ બધાં માટે એમની પાસે સમય નથી. સમાજના આવા વર્ગને બચાવી લેવાને માટેના ‘બફર’ જેવી સ્થિતિમાં વિદ્યાપીઠોને રાખી મૂકવી, એમાં અમુક વગ ધરાવનારા વર્ગનું હિત જળવાતું હશે ખરું, પણ એમાં વિદ્યાપીઠની શોભા નથી, માટે બહેતર છે કે વિદ્યા-પીઠો નાબૂદ થાય.

# ૨

વિદ્યાપીઠોને નાબૂદ કરવાની વાત ઘણાને અન્તિમવાદી લાગશે. સમાજમાં કોઈ ને કોઈ સ્વરૂપે વિદ્યા-સંસ્થાઓની આવશ્યકતા તો રહેવાની જ. અલબત્ત, હવે એવી માન્યતા પ્રસરતી જાય છે કે શાસક પક્ષ અથવા મૂડીવાદીઓ કે સમાજનો વગ ધરાવનારો વર્ગ પોતાને ઇષ્ટ એવી વિચારણાના પ્રચાર માટે વિદ્યાસંસ્થાઓનો ઉપયોગ કરે છે. જ્ઞાન પણ સાધન છે. એ એક વાર સાધ્ય હતું. હવે બીજાં પ્રયોજનો અનુસાર એનું સ્વરૂપ બદલી શકાય છે. શિક્ષણસંસ્થાઓ આર્થિક રીતે સ્વાયત્ત બની શકતી નથી. આથી ધનિકોનાં કે સરકારનાં અનુદાન પર એ નભતી હોય છે. આથી જ શિક્ષણનાં સ્વરૂપ અને નીતિ ઘડવામાં એ વર્ગની દખલગીરી રહેતી જ હોય છે. આવાં વલણને કારણે જ વિદ્યાસંસ્થા-નું કે શિક્ષકવર્ગનું સમાજમાં મહત્ત્વનું સ્થાન રહ્યું નથી. અધ્યાપકોના જેવી જ શૈક્ષણિક યોગ્યતાવાળાઓ ખાનગી પેઢીઓમાં કે સરકારી નોકરીઓમાં વધારે વેતન પામતા હોય છે. આથી સમાજમાં એવી છાપ પડે છે કે જે કશે ખપમાં આવે એવા નથી હોતા તેનો જ શિક્ષણસંસ્થામાં સમાવેશ થાય છે. શિક્ષકો જે સંસ્થામાં કામ કરતા હોય છે તેનું સંચાલન શિક્ષણના ક્ષેત્રની બહાર કેટલાંક તત્ત્વોના હાથમાં હોય છે. પરિસ્થિતિ આવી હોય ત્યાં અધ્યાપકો પોતાનું કે પોતાના વ્યવસાયનું ગૌરવ ભાગ્યે જ જાળવી શકે.

વિદ્યાપીઠો કાર્યક્ષમ નથી રહી, ઊલટાની કેટલાંક અનિષ્ટ તત્ત્વોના ઉછેરના સાધનરૂપ બની રહી છે, માટે એને નાબૂદ કરવી જોઈએ એવી દલીલ આન્દ્રે ગોર્ઝ જેવાઓ◌ેએ કરી તે આપણે જોઈ ગયા. બુર્ઝવા વર્ગ પોતાને દૃઢમૂળ કરવા માટે એનો ઉપયોગ કરે, ‘હાઇ કલ્ચર’ પ્રાપ્ત કર્યાનો સિક્કો મેળવવા માટે, સામાજિક ઉન્નતિને નામે, ભોળે ભાવે

એમાં વિદ્યાર્થીઓ દર વર્ષે ઉત્તરોત્તર મોટી સંખ્યામાં પ્રવેશતા રહે, પછીથી નિર્ભ્રાન્ત બને, એમનામાં કડવાશ અને રોષ ઉપજે, એમાંથી હિંસાત્મક પ્રતિકારની પરિસ્થિતિ ઊભી થાય, આખરે જે મૂલ્યોનાં સંવર્ધન માટે વિદ્યાપીઠોની સ્થાપના કરીએ તે જ મૂલ્યોની વિડ-મ્બના થઈને ઊભી રહે.

વિદ્યાપીઠોથી જ્ઞાન વધે છે એવી ભ્રાન્તિ તો હવે આપણામાંના કોઈ પ્રામાણિકપણે સેવી શકે નહીં. કાગળ પર બધું મોટું મોટું બતાવવાની કુનેહ રીઢા થઈ ગયેલા તન્ત્રવાહકો-માં હોય છે ખરી, પણ વાસ્તવમાં એવું કશું હોતું નથી. અનેક સામયિકો, પુસ્તકપ્રકાશ-નની શ્રેણીઓ, સંવિવાદો, ફાઉન્ડેશનનાં વ્યાખ્યાનો આ બધું જ છે છતાં એમાંથી કશું સંગીન નીપજતું નથી જેનો પ્રભાવ વિદ્યાક્ષેત્ર પર અસરકારક રીતે પડ્યો હોય. ગરીબ દેશનાં નાણાંનો અક્ષમ્ય એવો અપવ્યય આવી બધી ઔપચારિક વિધિઓમાં થતો રહે છે. વિદ્યાર્થીઓને પણ પ્રાપ્ત થયેલું ‘જ્ઞાન’ કાર્યકર નીવડતું નથી. છતાં એ ‘જ્ઞાન’ પ્રાપ્ત કર્યાનો સિક્કો મેળવવા એની જિન્દગીનાં કેટલાંક મહત્ત્વનાં વર્ષો એ ખરચતો હોય છે. શિક્ષણના માધ્યમરૂપ ભાષા, પરીક્ષાપદ્ધતિ, જ્ઞાનવિતરણની પદ્ધતિ, આ બધાં પરત્વે ઘડાતી નીતિ હંમેશાં જ્ઞાનને જ ઉપકારક હોય એવું બનતું નથી, પરિવર્તન લાવવાની પ્રક્રિયા અમલદારશાહીને કારણે નાહકની જટિલ અને અસહ્ય રીતે મંદ હોય છે. આને કારણે ધીમે ધીમે નિષ્ક્રિયતાભરી ઉદાસીનતા જ વધતી રહે છે. એનો ગેરલાભ ઉઠા-વનારાં બળો ટાંપીને જ બેઠાં હોય છે. હિંસાનો ઉદ્ગમ એમાં જ રહેલો છે. આ બધા સમય દરમિયાન વિદ્યાપીઠો સમાજની સ્વાયત્ત સંસ્થાઓ છે એવી ભ્રાન્તિને તો ટકાવી જ રાખવામાં આવે છે.

શિક્ષણનો લોકશાહી ઢબે પ્રચાર કરવો એ બુર્ઝવા વર્ગનું લાક્ષણિક પ્રયોજન છે. સમા-જમાંના વર્ગભેદને એ પ્રચ્છન્નરૂપે ટકાવી રાખવામાં મદદ કરે છે. કોઈ શ્રમિક મેનેજર બને, કોઈ ખેડૂતનો દીકરો યુનિવર્સિટી પ્રોફેસર બને તો તે દૃષ્ટાન્તોને એ સમાજની નજર સમક્ષ ધર્યા કરે છે અને સામાજિક ઉન્નતિના ખ્યાલને દઢાવવા મથે છે.

આવો દામ્ભિક આચાર એનો ભોગ બનનાર શા માટે આટલી સહેલાઈથી સહી લે છે? કદાચ વિદ્યાપીઠ વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય આગળ ધપાવે છે એવી શ્રદ્ધાથી? જેમ નફાના પર આધાર રાખતો છતાં મૂડીવાદી સમાજ ઉત્પાદનને ઉત્તેજન આપે છે તેમ વિદ્યાપીઠો

પ્રવર્તમાન સમાજવ્યવસ્થાને ટકાવી રાખવામાં મદદ કરતી છતાં જ્ઞાનના વિકાસ અને વિતરણનું કાર્ય તો કરતી રહે છે.

વિદ્યાપીઠો નાબૂદ કરવાનું જોખમ ખેડીએ તો બાકીનું બધું આપણને પ્રાપ્ત થઈ જશે એવી આશા રાખી શકીએ? આમ્લેટ ખાવાની ઇચ્છા હોય તો ઈંડાં ભાંગવા જ પડે, પણ શરત એ કે ઈંડાં કચરાટોપલીમાં નહીં, પણ તવા પર ભાંગવાં જોઈએ. યન્ત્રોનો નાશ કરવાથી મૂડીવાદનો નાશ થવાનો નથી આ વાત શ્રમિકોને ઘણા વખતથી સમજાઈ ચૂકી છે. વિદ્યાપીઠ નાબૂદ કરવાથી જ સામાજિક વિષમતાને દૂર કરી દઈ શકશે એવું પણ કહી શકાય નહીં. ઉદ્દામ વલણ અખત્યાર કરીને કરેલી નાબૂદીથી વધુ સારો સામાજિક ન્યાય સુલભ બની રહેશે એવું પણ કહી શકાય નહીં. પણ એટલું તો નક્કી કે આપણે એવું પગલું ભરવાથી સાંસ્કૃતિક દૃષ્ટિએ ખતરનાક નીવડે એવી પીછેહઠ કરીશું. આપણે હંમેશાં આ હકીકત ધ્યાનમાં રાખવાની છે : આપણો દેશ વિકાસની દૃષ્ટિએ પછાત રહી ગયો હોવા છતાં આપણે સમાજવાદ તરફનો માર્ગ છોડી દીધો નથી. આવા સંજોગોમાં વિદ્યાપીઠોની નાબૂદી ઉત્તમ આશયથી કરવામાં આવે તો પણ, શંકાભર્યું અને ખતરનાક પગલું નીવડે એવો પૂરેપૂરો સમ્ભવ છે.

તો કરવું શું? આપણે જે સુધારાઓ કરવા માંગીએ છીએ તે પરત્વે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે મતૈક્ય સ્થાપી શકાશે? વિદ્યાર્થીઓને હવે થાબડી થાબડીને 'ફોર્થ પાવર'રૂપે આગળ લાવવામાં આવ્યા છે. અનુકૂળ થઈ પડ્યું છે, ત્યારે ત્યારે અમુક રાજકીય પક્ષોએ વિદ્યાર્થીઓને આગળ કરીને પોતાનું કામ કઢાવી લીધું છે. આથી, સમ્ભવ છે કે સુધારાનો મુસદ્દો ઘડવાનો આવશે ત્યારે હિત ધરાવનારા વર્ગો તરફથી વિદ્યાર્થીઓ પર દબાણ આવશે. કેવળ તર્કસંગતિ કે બૌદ્ધિક પ્રતીતિનાં ધોરણે કશું નક્કી થાય એવી સમાજમાં ભૂમિકા પ્રવર્તે છે ખરી? એમ પણ બનવાનો સંભવ છે કે જે સુધારાઓ સૂચવવામાં આવે તે પ્રતિષ્ઠાન(એસ્ટાબ્લિશમૅન્ટ) તરફથી થયેલા હોઈ વિદ્યાર્થીઓએ અને ઉદ્દામવાદી અધ્યાપકોએ એનો, વિદ્રોહને વફાદાર રહેવા ખાતર પણ, વિરોધ કરવો જ જોઈએ એવું મન્તવ્ય પ્રવર્તે. આવાં પરિબળો વિદ્યાર્થી વર્ગમાં અસર કરતાં દેખાવા લાગ્યાં છે. એ જ કારણે અરાજકતા વધતી જાય છે. વિદ્યાપીઠોનું સંચાલન સન્તોષકારક રીતે થતું નથી. વિદ્યાર્થીઓ પોતાની ગેરવ્યાજબી માગણીઓને

પણ ધાકધમકીથી સત્તાવાળાઓ પાસે કબૂલ કરાવતા થઈ ગયા છે. જે ક્ષેત્રમાં બુદ્ધિનું, વિચારસ્વાતન્ત્ર્યનું, ગૌરવ થવું જોઈએ તે ક્ષેત્રમાં વકરેલા પશુબળને છુટ્ટો દોર આપવામાં આવતો જોઈએ છીએ. ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થીઓને સાર્વત્રિક વિકાસ માટેની બૌદ્ધિક સજ્જતા સંપડાવી આપે એ મુખ્ય હેતુને જ વિસારે પાડવામાં આવ્યો છે. સૅનેટમાં કેટલી બેઠકો કોને મળે, સત્તાની વહેંચણી કેવી રીતે થાય આ પ્રશ્નો જ જાણે મહત્ત્વના હોય એવું માની લેવામાં આવ્યું છે. સમાજમાં શ્રમવિભાજન યોગ્ય રીતે થાય એ જ જો આપણો હેતુ હોય તો પણ એની યોગ્યતાની ભૂમિકા સમજવા આપણે વિદ્યાપીઠ પાસે જ જવું રહ્યું.

આપણાં એ લક્ષ્યને સિદ્ધ કરવા માટે આપણે શું કરવું જોઈએ? વિદ્યાપીઠો અમુક વર્ગના અધ્યાપકો કે વિદ્યાર્થીઓનો અડ્ડો બની રહેવી ન જોઈએ. સામાજિક વાસ્તવિકતા શી છે તેને જાણ્યા વિના, વિરોધ કરનારાઓમાં હોય છે તેવા જુસ્સા માત્રથી, તો એમનો સામાજિક પરિવર્તનનો હેતુ ભાગ્યે જ સિદ્ધ થઈ શકશે. વિદ્રોહ પર આધારિત એમનો સંસ્કૃતિ વિશેનો ખ્યાલ સામાજિક વાસ્તવિકતાથી ઘણો છેટે રહી જાય છે. આવી આ પરિવર્તનસિદ્ધિ કરવા માટેની અસરકારક ક્રિયાશીલતા એમનામાં આવતી નથી. માધ્યમિક શાળામાં વિદ્યાર્થીને ગાળવો પડતો સમયનો લાંબો ગાળો અને વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર વધતી જતી સંખ્યા – આ કારણે એક જાદુઈ વર્તુળમાં વિદ્યાર્થીઓ◌ને પૂરી રાખીને એમને દીર્ઘકાળ સુધી સગીર અવસ્થામાં રાખી મૂકવામાં આવે છે. એમને માથે કશી જવાબદારી લાંબા સમય સુધી નહીં હોવાથી એઓ બિનજવાબદાર સ્વભાવના થઈ જાય છે.

આવી એક કૃત્રિમ સ્વપ્નાવસ્થા, કૃતક સ્વરૂપની ચેતનામાંથી એમને ઢંઢોળીને બહાર કાઢવા જોઈએ. એમની સાચી સ્વતન્ત્રતા તે વૈચારિક સ્વતન્ત્રતા છે, એને અખત્યાર કરવા માટેની જરૂરી બૌદ્ધિક સજ્જતા એણે વિદ્યાપીઠમાંથી પ્રાપ્ત કરવાની છે. એને બદલે કૃતક સ્વતન્ત્રતા કે વિદ્રોહનાં પ્રલોભનો આપી આગળ ધરીને પ્રચ્છન્ન નિયન્ત્રણ હેઠળ રાખવાથી જ એનો સાચો વિકાસ રૂંધાઈ જાય છે તે સમજી લેવું જરૂરી છે.

હવે રામરાજ, કલ્યાણરાજ કે આદર્શરાજની કલ્પના જુવાન પેઢી પર ઝાઝો પ્રભાવ પાડતી નથી. પ્રવર્તમાન ધોરણોથી ઉફરા જઈને, તત્સમવૃત્તિ(કન્ફોમિર્ઝમ)ને ત્યજી દઈને, જાણી કરીને લોકાપવાદનો વંટોળ ઊભો કરી એમાંથી આનન્દ લેવાનું વલણ પણ ઓસરતું જાય છે. હવે તો સૌથી કઠિન કાર્ય કરવાનું રહ્યું છે અને તે છે સાચા સંઘર્ષ-

માં સક્રિય બનીને ભાગ લેવાનું. સમાજના સંઘર્ષમાં બહાર રહીને કેવળ ગોખેલી વિદ્યાને આધારે ક્રાન્તિના કાર્યક્રમો આપવાનું હવે મુનાસિબ રહ્યું નથી. તમે સમાજમાં ઓતપ્રોત થઈને જીવતા હો તો જ સમાજની ગતિવિધિની આલોચના અસરકારક રીતે કરી શકો. આથી વિદ્યાપીઠ વિસ્તાર એ સમાજમાં પ્રવર્તતાં દૂષણોથી બચવાને ઊભાં કરેલાં ક્વોરેન્ટાઇનો નથી.

આથી આકળા થઈને વિદ્યાપીઠોને નાબૂદ કરવાને બદલે વિદ્યાપીઠનો એકહથ્થુ કબજો લઈ બેઠેલાં બે તત્ત્વોની પકડમાંથી એને મુક્ત કરવી જોઈએ. એ બે તત્ત્વો છે વિદ્યાથીઓ◌ં અને અધ્યાપકો. વિદ્યાર્થીજીવન અને સક્રિય સમાજજીવન વચ્ચેના ક્રમિક વિચ્છેદને દૂર કરવો જોઈએ. તો જ સમાજજીવનનો અનુભવ અભ્યાસનાં સર્વ ક્ષેત્રોમાં વ્યાપી જશે, તો જ સમાજજીવનની આલોચના જીવનના ક્ષેત્રમાં અસરકારક બનશે.

આ દૃષ્ટિએ અભ્યાસક્રમનું જે માળખું અત્યારે પ્રવર્તે છે તેમાં કેટલાક ધરમૂળના ફેરફારો કરવા પડશે. નવી રીતે વિચારાતા આ અભ્યાસક્રમમાં ભાષા તથા અન્ય અનિવાર્ય વિષયો(વિજ્ઞાન, ગણિત, લલિત કળાઓ) પરનો કાબૂ પ્રાપ્ત કરવાને માટેના જરૂરી ગાળા પછીના સમયમાં સક્રિય સમાજજીવન અને અભ્યાસ સમાન્તર ચાલે એવી યોજના થવી જોઈએ. આ બંને ભેગા ચાલે એવો ગાળો એવી રીતનો હોવો જોઈએ કે એના પ્રારમ્ભમાં જ્ઞાનપ્રાપ્તિનો સમય વધુ હોય, પછી ક્રમિક રીતે એ ઘટતો જાય. પણ એનો સમૂળો લોપ તો થાય જ નહીં. પણ પછીથી શાળા કે મહાશાળામાં મેળવાતી કેળવણી તે જીવન જીવવા માટેની કાયમી કેળવણીના એક વિશિષ્ટ અંશરૂપે જ લેખાવી જોઈએ.

વિદ્યાપીઠોને વ્યવસાયલક્ષી બનાવી દેવાનો આ પ્રયત્ન નથી. એથી ઊલટું જ કરવાનો આ અભિગમ છે. શિક્ષણને કેવળ અમુક વ્યવસાયો સાથે જોડીને એને વધુ વહેવારુ, ઉપયોગી અને ઉત્પાદક સ્વરૂપનું બનાવવાનો આગ્રહ શાસક વર્ગ કે વગ ધરાવનારા વર્ગ તરફથી અનેક બહાનાં હેઠળ થતો રહે છે. પણ જે વિકલ્પો આપણી આગળ રજૂ થાય તેમાંથી આપણે મોડીવહેલી પસંદગી તો કરવાની જ રહેશે, અને આજના સંજોગોને વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો થોડાંક સમાધાનો સ્વીકારવામાં આપણી હાર નથી, પણ એ તત્કાળ પૂરતી સ્ટ્રેટેજી છે. જ્યાં સુધી ભણતરને અમુક ઉંમર સુધીનાંને માટે જ

મર્યાદિત રાખવામાં આવશે ત્યાં સુધી એ સમાજના અમુક વર્ગ પૂરતું જ મર્યાદિત રહેશે એ પણ સ્વીકારવું જ રહ્યું.

શિક્ષણના વ્યવસાયને વ્યવસાય લેખી નાબૂદ કરવો જોઈએ. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં તો આ થવું જ જોઈએ. સમાજની ગતિવિધિનો આલોચક સમાજથી અમુક અંશે દૂર રહેનારો હોય તો તે પોતાનું આલોચનનું કાર્ય દક્ષતાથી ન કરી શકે. બધું જ્ઞાન વિજ્ઞાન કે અનુભવમાંથી પ્રાપ્ત થવું જોઈએ, પુરોહિતો કે પંડાઓ પાસેથી જ એ પ્રાપ્ત થાય એવી કોઈ મિથ્યા રહસ્યમય ભ્રમણા ઊભી ન કરવી જોઈએ. જે મેં જાણ્યું છે અને અપરોક્ષપણે અનુભવ્યું છે તે જ હું શીખવી શકું. અમુક માળખામાં રહીને, એસ્કેલેટરની સીડી પર પગ મૂકી દેવાથી જ આખરે હું અમુક ઉપાધિ પ્રાપ્ત કરીને નીકળું એટલે સમાજ મારી પંડાગીરી માન્ય કરે. પછી હું બધાંને શિક્ષણ આપવાને આપોઆપ પાત્ર ગણાઈ જાઉં તો મને જે પઢાવ્યું છે તેનું હું પુનરાવર્તન માત્ર કરું. અને શિક્ષણ જો કેવલ આવું પુનરાવર્તન માત્ર બની રહે તો એનાં પરિણામો કેવાં ખતરનાક નીવડે તે આજે આપણે જોઈ રહ્યા છીએ. આથી જ તો માર્ગદર્શિનીઓનો રાફડો ફાટે છે. વિદ્યાર્થીપ્રિય થવા ઇચ્છનારા અધ્યાપક અહીંતહીંથી એકઠી કરેલી ઉછીની સામગ્રીને આધારે ‘નોટ્સ’ લખાવે છે. આ પ્રક્રિયા જો જ્ઞાનની નથી તો એને પરિણામે જ્ઞાન ઉપલબ્ધ થાય જ ક્યાંથી? અધ્યાપક તૈયાર એવી સામગ્રીની વહેંચણી કરનારો આડતિયો કે દલાલ જ માત્ર બની રહે છે. અધ્યાપકની ‘નોટ્સ’માંથી એ વિદ્યાર્થીની ‘નોટ્સ’માં એ જાય તે દરમિયાન બંનેના ચિત્તમાં કશું બનતું નથી. આથી જ તો કશે નહીં ચાલી શકનારા, મૌલિક વિચારશક્તિ વિનાના વૈતરું કૂટી જાણનારા કે ઓછી મૂડીએ બહોળો વહેપાર કરવાની વ્યવહારુ કુનેહવાળા શિક્ષણને પણ અનેક વ્યવસાયો પૈકીનો એક વ્યવસાય ગણીને પ્રવેશે છે. આવા અધ્યાપકો માટે પુસ્તકાલયો નિરર્થક છે, વેકેશનો ટોળટપ્પાં કરવાનો કે બીજી ‘સાઇડ ઇન્કમ’ ઊભી કરી લેવાનો ગાળો છે, અથવા તો અન્યોન્યને ફાયદો કરાવી આપનારા સહકારના બળે પરીક્ષક થવું, દૂરના હવા ખાવાનાં સ્થળોમાં ભરાતી પરિષદોમાં જવું, મહત્ત્વની સરકારી કમિટિઓ◌માં સ્થાન મેળવી મોભો જ નહીં માન પણ સુધ્ધાં વધારવું. આવી બધી પ્રવૃત્તિઓ વેકેશનમાં થતી હોય છે. અધ્યાપકો બૌદ્ધિક શ્રમ કરતા નથી, છતાં બૌદ્ધિક તરીકેનો આદર વિદ્યાર્થીઓ તરફથી અને સમાજ તરફથી મેળવવા ઇચ્છે છે.

આમ અધ્યાપકોના 'મોનોપોલી કોર્પોરેશન'ને શિક્ષણના ક્ષેત્રમાંથી નાબૂદ કરવું જોઈએ. પોતે સમગ્ર જ્ઞાન ધરાવે છે અને એનું વિતરણ કરી શકે છે એવો જે એનો દાવો છે તેને આપણા રોજ-બ-રોજના અનુભવના આધારે આપણે પડકારી શકીએ છીએ. આથી દરેક શિક્ષકે નવા નવા જ્ઞાનની પ્રાપ્તિ માટે, પોતે જે માળખામાં ગોઠવાઈ ગયો છે તેની બહાર પણ જોવું જોઈએ અને પોતે અધ્યાપનને નામે જે આત્મપ્રવંચના કરી રહ્યો હોય છે તે સિવાયની પ્રવૃત્તિ પ્રામાણિકપણે કરવાનું પણ વિચારવું જોઈએ.

આજના શિક્ષકો ખરેખર તો અધ્યાપકો નથી પણ 'ટ્યૂટરો' છે. ફ્રેન્ચ ભાષામાં ટ્યૂટર માટેનો જે શબ્દ છે તેનો અર્થ 'પુનરાવર્તન કરનાર' એવો થાય છે. વિજ્ઞાનનો કોઈ અધ્યાપક દર વર્ષે નવી શોધ કરીને આપણને અચરજમાં મૂકી દે એવી અપેક્ષા આપણે રાખતા નથી પણ બધી કારકિર્દી દરમિયાન એણે પોતાના વિષયમાં મહત્ત્વનું સંગીન અર્પણ કર્યું હોય તે પણ જરૂરી છે. પણ આપણે ત્યાં તો પરિસ્થિતિ સાવ જુદી છે. નીચલી કક્ષાએ હોય ત્યાં સુધી ઉપલી પાયરીએ પહોંચવા માટેની તરકીબ લેખે આપણો અધ્યાપક કશુંક લખે છે, છપાવે છે. એની ગુણવત્તાની આલોચના કરનારું વિદ્વન્મંડળ પણ નથી એટલે એવા 'લેખો'ની સંખ્યા જ માત્ર મહત્ત્વની બની રહે છે. એને જોરે એ જેવો ઉપલી પાયરીએ પહોંચે છે તેવો આપ્તકામ બની જાય છે. પછી સાચા અર્થમાં એ ક્ષેત્રસંન્યાસ લઈ લે છે. જ્ઞાનોપાર્જનની કશી પણ જંજાળથી નિલિર્પ્ત રહીને અર્થોપાર્જન કર્યે જાય છે. આથી 'પ્રોફેસર' તો આપણા જ્ઞાનજગતનો સાચો સંન્યાસી છે. એય 'લેક્ચરર' હતો ત્યારે કશુંક લખવાના ઉધામા હતા. 'રીડર' થયા પછી થોડો જ્ઞાનપ્રવૃત્તિ કરવાનો દેખાડો ચાલુ રહ્યો, પણ પ્રોફેસર થયા પછી તો મહત્ત્વની કમિટિઓમાં 'સેવા' આપવી, પોતાના બહોળા અનુભવમાંથી માર્ગદર્શન આપવું બસ, એથી વિશેષ પ્રકારની રાજસિક વૃત્તિનો એ ભોગ બનતો નથી!

શિક્ષણ એ આખા સમાજની જવાબદારી છે, એ જવાબદારી આવા અપ્રામાણિક નિરુદ્યમી અને નિષ્ક્રિય વર્ગને જે સમાજ સોંપીને નિશ્ચિંતિ બને તેની શી દશા થાય તે આપણે પ્રત્યક્ષ અનુભવથી આજે જાણતા થયા છીએ. પણ પ્રામાણિકતા એ એક વિરલ એવો ગુણ છે. જે પોતાનામાં હોવાનો દાવો આપણામાંના સૌ કોઈ, અપ્રામાણિક બન્યા વિના ન કરી શકે. શિક્ષકોને 'કોન્ટ્રેક્ટ' પદ્ધતિએ જ નિમવા જોઈએ. એ કોન્ટ્રેક્ટની શરતમાંની

મુખ્ય તે વિદ્યાક્ષેત્રમાં અસરકારક રીતે સક્રિય રહેવાની. જો એ શરત સન્તોષી ન શકે તો કોન્ટ્રેક્ટ પૂરો, પણ નોકરી વિશેની અનિશ્ચિતતાનો ભય દુર્ભાગ્યે, કઈ નહીં તો જ્ઞાનવિતરણના કાર્યમાં પ્રમાણમાં વધુ ક્રિયાશીલ એવા, લેક્ચરરોને જ વિશેષ હોય છે. પ્રોફેસરો તો અસ્પૃશ્ય જ છે. એક વાર પ્રોફેસર થયા પછી કોઈ એમને છેડી શકે નહીં.

જો વિદ્યાપીઠોને હજી બચાવી લેવી હોય તો પ્રામાણિકપણે આત્મશોધન કરવું પડશે, ક્રાન્તિકારી પરિવર્તનો કરવાં પડશે.

# ૩

લેનિને કહ્યું હતું કે દરેક સામાજિક સંસ્થાનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરી શકાય. વિદ્યાપીઠ વિશે આ આજે સાચું પડતું હોય એવું લાગે છે. એમાંથી જ નવી વિચારસરણીનો પ્રાદુ-ર્ભાવ થાય છે, માટે એના પર શાસકોનો અંકુશ અનિવાર્ય બની રહે છે. પોતાને અભિમત નહિ એવી વિચારણાનો વિદ્યાપીઠોમાં વિકાસ થાય એવું શાસકો નહિ જ ઇચ્છે તે દેખીતું છે, પણ આપણે ત્યાં તો પરિસ્થિતિ જુદી જ છે. થોડાક ભોળા માણસો જ એમ માનતા હશે કે નવી વિચારણાનો પાયો વિદ્યાપીઠમાં નંખાતો હોય છે. આજની વિદ્યાપીઠો વિચા-રબીજને ઉછેરતી નથી, વાસી અને ઉછીની માહિતીનું પ્રસારણ માત્ર કરે છે. આથી મોટે ભાગે તો એ નિરુપદ્રવી જ ગણાય. છતાં શાસકો એના પર અંકુશ રાખવા ઇચ્છતા હોય તો એની પાછળ કઈ વૃત્તિ કામ કરતી હશે તે કળવાનું અઘરું નથી. સરકારો બદલાતી રહે. દરેક સરકાર અભ્યાસક્રમો સાથે ચેડાં કરે, એને કારણે વિદ્યાર્થીની કેટલીય પેઢી-ઓને સહેવાનું આવે.

નવનિર્માણ પછી વિદ્યાજગતમાં એક અનિષ્ટ ખાસ ફાલ્યું છે : વિદ્યાર્થીઓ પોતાનું સાચું હિત શેમાં છે તે વિચાર્યા વિના ધાકધમકીથી અને ગુંડાગીરીથી પોતાનું ધાર્યું કરાવતા થઈ ગયા છે. આ અનિષ્ટને ફાલવા દેવામાં સરકારનો અને તન્ત્રવાહકોનો પણ ફાળો છે. જે શહેરમાં વિદ્યાપીઠ હોય તેની શાન્તિ વરસમાં એકાદ વાર તો જોખમાવાની ખરી જ, એ શહેરની જાહેર મિલકતને નુકસાન થવાનું જ. વિદ્યાર્થીઓને પોતાની વિદ્યાસંસ્થા માટે આદર હોય તો એ સંસ્થાની સાધનસામગ્રીને બાળે નહિ, તોડેફોડે નહિ. પણ હમણાંથી તો એવું જોવા મળે છે કે એમનો પહેલો હુમલો પોતાની વિદ્યાસંસ્થા પર જ હોય છે.

વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રવેશે છે ત્યારે વડીલોથી અને શિક્ષકોથી નિયન્ત્રિત જીવનનો તબક્કો પૂરો થાય છે અને આત્મનિર્ણયની સ્વતન્ત્રતાનો તબક્કો શરૂ થાય છે. એને માટેની સજ્જતા કેળવવાની ભૂમિકા એને શાળામાંથી કે કૌટુમ્બિક સંસ્કારોમાંથી પ્રાપ્ત થઈ હોય છે કે કેમ એ ચિન્ત્ય છે. હવે એઓ પોતાને માટે તૈયાર કાર્યક્રમને અનુસરે તે જરૂરી નથી. એ કાર્યક્રમ પોતે ઘડી શકે છે. આવી, ભાવિને ઘડવાની, તકનો ઉપયોગ આજે કેટલા વિદ્યાર્થીઓ કરતા હશે? હવે પોતાના ભાવિનો વિચાર કરીને પોતાનું જીવન ઘડવાની જવાબદારી પોતે ઉપાડવાની હોય છે.

આથી યુનિવર્સિટીમાં પ્રવેશતી વેળાએ વિદ્યાર્થીને પોતાના ભાવિ જીવન વિશે કશોક ખ્યાલ હોવો જોઈએ. ગાડરિયા પ્રવાહની સાથે ખેંચાઈને યુનિવર્સિટીમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને આનું ભાન કોઈ કરાવે છે ખરું? આમ તો ‘સ્ટુડન્ટ કાઉન્સેલિંગ સેન્ટર’ અને ‘ઓરિયેન્ટેશન પ્રોગ્રામ’ જેવું કંઈક હોય છે, પણ આ હેતુ એનાથી સિદ્ધ થાય છે ખરો? એને વધુ સક્ષમ બનાવવા માટે શું કરવું ઘટે તે વિચારવાનું રહે છે. પોતાના ભાવિ કાર્યક્રમ વિશે જો વિદ્યાર્થીએ વિચાર્યું હોય છે તો જ એને ઉપકારક સાધન-સામગ્રી અને પોષણ યુનિવર્સિટીમાંથી એ મેળવી લઈ શકે છે અને એ રીતે વિદ્યાપીઠમાંનાં એનાં વર્ષોને એ લેખે લગાડી શકે છે. જો ભાવિનો વિચાર એણે આજીવિકા મેળવવામાં મદદ કરે એવી તાલીમ લેવા પૂરતો જ મર્યાદિત રાખ્યો હોય તો એવા વિદ્યાર્થીઓ માટે બે કે ત્રણ વર્ષમાં એ અંગેની તાલીમ આપતી પોલિટેકનિક જેવી સંસ્થાઓ સરકારે ખોલવી જોઈએ. બધા જ ડીગ્રી લેવા તરફ વળે એ સમાજમાં પ્રવર્તતી એક અનિચ્છનીય પરિસ્થિતિને આભારી છે. વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભમાં ડીગ્રીનું સર્ટિફિકેટ ફાડી નાખવાનું નાટક કરતા હોય છે ત્યારે એમને ચોક્કસ ખબર હોય છે કે બે રૂપિયા ભરવાથી એ સર્ટિફિકેટ પાછું મેળવી શકાય છે. ઘણા વિદ્યાર્થીઓને મેં કહેતા સાંભળ્યા છે, ‘તમારે જોઈએ તો પાંચ હજાર દશ હજાર રૂપિયા અમારી પાસેથી લઈ લો અને અમને ડીગ્રી આપી દો. મહેરબાની કરીને ભણવાનો અને પરીક્ષા પાસ કરવાનો બોજો અમારા પર નાખશો નહિ.’ વ્યવસાય માટે ઉપયોગી થાય એવું શિક્ષણ લેનારા માત્ર ‘માર્કેટેબલ સ્કીલ’ પ્રાપ્ત કરવાનું જ ઇચ્છતા હોય છે, છતાં ડીગ્રીનું સમાજમાં મૂલ્ય હોવાને કારણે ડીગ્રી લેવા તરફ વળે છે. હવે એવી પરિસ્થિતિ આપણી યુનિવર્સિટીઓમાં ઊભી થઈ છે જેને કારણે આપણી વિદ્યાકીય અવસ્થા વિશે હવે સમાજનો અભિપ્રાય બદલાવા માંડ્યો છે. અનુ-

સ્નાતક કક્ષાઓ પહોંચેલો પણ અભણ હોઈ શકે એ વિરોધાભાસને હવે આપણે વાસ્ત-વિકતા લેખે સ્વીકારતા થઈ ગયા છીએ.

આથી આ વાત પર ફરીથી ભાર મૂકવાની જરૂર છે કે પોતાના ભાવિ જીવનના કાર્યક્રમના સંદર્ભમાં જ યુનિવર્સિટીના શિક્ષણ વિશે દરેક યુવાને વિચારવું જોઈએ. કેટલાક વિદ્યાર્થીઓ કહેશે, ‘હા, એવી સૂફિયાણી સલાહ તો અમનેય આપતાં આવડે છે. પણ હજી અમે અમારી ઇચ્છા મુજબનું શિક્ષણ લઈએ એવા દિવસો આવ્યા નથી. યુનિવર્સિટીમાં અમારું કશું ચલણ નથી. અમારું જીવન સ્વતન્ત્રપણે ઘડવાનો અમને અધિકાર છે જ; પણ આજે તો એના પર બહારના અંકુશો છે. યુનિવર્સિટીનું તન્ત્ર ચલાવનારા, અભ્યાસક્રમો ઘડનારા, ઘણી વાર જડ અને ગતાનુગતિક ન્યાયે ચાલનારા હોય છે. બદલાતા સમયની એંધાણી એઓ વર્તી શકતા નથી, ભવિષ્યને જોવાની કલ્પનાશક્તિ એમનામાં હોતી નથી. આથી એઓ જડ પરમ્પરાને વળગી રહે છે, શિસ્તપાલનને નામે ખોટી વફાદારી રાખવાનો આદેશ આપે છે. શિક્ષકો શિક્ષણના ઉત્કર્ષનો નહિ, પણ પગારમાં બઢતી શી રીતે મળે તેનો જ વિચાર કરતા હોય છે. આમ શિક્ષણ એ ‘મિશન’ નથી, પણ ‘પ્રોફેશન’ છે.

આના જવાબમાં કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ કહે છે, ‘તન્ત્રવાહકો આગળ વિદ્યાર્થીના હિતો જાળવવા માટે શિક્ષકો કામ કરતા નથી. એમનું કાર્ય તો શિક્ષણના વિતરણનું છે; જેની પાસે જ્ઞાન છે તે એને જેની પાસે નથી તેને આપે છે. આ સિવાયના વહીવટના બીજા કશા પ્રપંચમાં અમને રસ નથી.’ પણ આ વલણ વિદ્યાર્થીઓને સ્વીકાર્ય નથી, કારણ કે એથી તો એઓ વિદ્યાપીઠમાં કોઈને વશ વર્તીને ગૌણ સ્થાન સ્વીકારીને રહેતા હોય એવું એમને લાગે છે. વળી એક બીજી પરિસ્થિતિ પણ સ્વીકારવાની રહે છે : જેમની પાસે જ્ઞાનનો સંચય છે અને જેઓ એનો વિનિમય અને પ્રસાર કરે છે તેમની પાસે વિદ્યાપીઠના સંચાલનનાં સૂત્રો હોતાં નથી. શિક્ષણના પ્રસારની પ્રક્રિયામાં અમલદારશાહીની, વગ ધરાવનારા સમાજના વર્ગની, અને સરકારની દખલગીરી હોય જ છે. હવે તો એ દખલગીરીને ઢાંકવાની પણ કોઈને જરૂર લાગતી નથી. સરકારી અનુદાન અમુક શરતે મળતાં હોય છે. આર્થિક પરાવલમ્બનને કારણે વિદ્યાપીઠ પર બહારના અંકુશો આવે જ

છે. આથી શું શીખવવું અને એ કોણે શીખવવું એના નિર્ણયો પણ પૂરી સ્વતન્ત્રતાથી કે હંમેશાં શિક્ષણના હિતમાં જ થતા નથી હોતા.

આપણા દેશમાં સત્તાલાલસા અને વર્ચસ્ સ્થાપવાની વૃત્તિએ જીવનનાં બધા જ ક્ષેત્રોમાં અનિષ્ટને ફેલાવ્યું છે. આજે તો એવી પરિસ્થિતિ છે કે ‘જ્ઞાનસાધના’ જેવો શબ્દ ઉચ્ચારનાર વેદિયો અને હાસ્યાસ્પદ લાગવા માંડ્યો છે. જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવાની કોઈ વાત કરતું નથી. શિક્ષણ લક્ષ્ય નથી, રોજી રળવાનું સાધન છે. આથી એ સમગ્ર માનવને માટેનું નથી, માત્ર એના રોજી રળનારા અંશ પૂરતું જ મર્યાદિત છે. આવી પરિસ્થિતિને પરિણામે અધૂરા ભણતરે કે ભણ્યા વિના ડિગ્રી આંચકી લેવાનાં આન્દોલનો થતાં રહે છે. વિદ્યાર્થીનાં જૂથો વચ્ચે વર્ચસ્ જમાવવાના હિંસક સંઘર્ષો થાય છે. શિક્ષણનાં ચાર વર્ષ જેને માટે નિરંકુશ સ્વેચ્છાચારના બની રહે એવો સુખી લોકોનો વર્ગ આજે યુનિવર્સિટીનો કબજો લઈ બેઠો છે.

# ૪

યુનિવર્સિટી પર અત્યારે કોનો અંકુશ છે એની ચર્ચા અત્યારે ન કરીએ. આપણો પ્રશ્ન આ છે : યુનિવર્સિટી પર કોનો અંકુશ હોવો જોઈએ? એના પર કોની ‘સત્તા’ ચાલે? વિદ્યાર્થીઓ પોતાનો દાવો આગળ કરીને કહેશે : ‘અમે છીએ તો યુનિવર્સિટી છે. અમે ત્યાં અમારાં સ્વપ્નોને સાચાં પાડવા આવીએ છીએ. અમારું જીવન ઘડવા આવીએ છીએ. અમને લક્ષમાં લેવામાં ન આવે તે કેટલે અંશે ઉચિત છે? અમને લક્ષમાં લેતા નથી માટે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે યુનિવર્સિટીમાં ભણેલું બાજુએ મૂકીને અમારે જીવનના સંઘર્ષમાં ઊતરવું પડે છે. પછી ઠોકરો ખાતાં અમે જે શીખીએ તે જ અમારું સાચું શિક્ષણ છે.’

આની સામે શિક્ષકો કહેશે : ‘યુનિવર્સિટીઓ ઉદ્દેશ જ્ઞાનનું પ્રસારણ કરવાનો છે. એ ગ્રામપંચાયત નથી કે સહકારી શરાફી પેઢી નથી. એમાં સત્તા ચલાવવાનો કે એ વિશે હોંશાતૂંસીમાં પડવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. વિદ્યાર્થીઓ જો જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ રાખીને યુનિવર્સિટીમાં આવતા હોય તો એ જ્ઞાનપ્રાપ્તિ જેમણે કરી હોય અને જ્ઞાન આપવાની જેમનામાં શક્તિ અને આવડત હોય તેમને જ યુનિવર્સિટીના સંચાલનનું સૂત્ર સોંપવું જોઈએ.’

આજે, પોતાના અધિકાર પરત્વે સભાન એવી, પ્રજાનો પણ આ સમ્બન્ધમાં અધિકાર છે. એ લોકો કહે છે : ‘અમે કર ભરીએ છીએ, અનુદાનો આપીએ છીએ, એથી જ તો યુનિવર્સિટીનું અર્થતન્ત્ર સાબૂત રહે છે. જો એ ન હોય તો યુનિવર્સિટી પોતાના કાર્યમાં પ્રવૃત્ત જ ન થઈ શકે. યુનિવર્સિટી અમારી પાસેથી જે લે છે તેનો બદલો એણે અમારું હિત

જાળવીને આપવો જોઈએ. આથી યુનિવર્સિટીનું વ્યવસ્થાતન્ત્ર અમારા અંકુશ નીચે રહે એ જ યોગ્ય છે.' લોક, લોકોની ચૂંટેલી સરકાર, ઔદ્યોગિક સંકુલો, અને વેપારી પેઢીઓ આવો દાવો કરે છે તે હવે આપણાથી અજાણ્યું નથી.

આ બધા દાવાઓને ધ્યાનમાં લઈને આપણે આ મુદ્દો વિચારવાનો છે. સ્વસ્થ અને તટસ્થ દૃષ્ટિએ વિચારનારા એમ કહેશે કે આમાં જુદા જુદા ત્રણ પક્ષો વચ્ચે કશી સ્પર્ધા કે સંઘ-ર્ષ છે જ નહિ, કારણ કે એ ત્રણે યુનિવર્સિટીના આધારસ્તમ્ભ છે. યુનિવર્સિટીના લક્ષ્ય પરત્વે જો આ ત્રણેમાં એકવાક્યતા હોય તો આ ત્રણે એકબીજાના સહકારી અને પૂરક થઈને રહે. જો વિદ્યાર્થીઓ જ્ઞાનપ્રાપ્તિને બદલે ડિગ્રીને જ લક્ષ્ય ગણતા હોય, જો શિક્ષકો શિક્ષણને વ્યવસાય ગણીને બધા જ ફાયદા મેળવવાના આગ્રહી બનીને કોઈ ટ્રેડ યુનિય-નની જેમ જ વર્તતા હોય અને ઔદ્યોગિક સંકુલો, વેપારી પેઢીઓ, સરકાર તથા સમા-જનો વગ ધરાવનારો વર્ગ યુનિવર્સિટીને પોતાના ધંધાના વિસ્તાર માટે, આથિર્ક લાભ માટે કે પોતાના વગ વિસ્તારવા માટે કેવળ સાધનરૂપ ગણતા હોય તો અનુચિત સ્પર્ધા અને સંઘર્ષને ટાળી નહિ શકાય.

આથી બીજા કેટલાક પ્રશ્નો ઊભા થાય છે : અભ્યાસક્રમ આજની જરૂરિયાતને સંતોષે એવો છે કે નહિ? યુનિવર્સિટીની સ્વાયત્તતા કેટલે અંશે હિતાવહ છે? પ્રજાના સમાજ-જીવનમાં અને રાજકારણમાં યુનિવર્સિટી કેટલે અંશે સક્રિયપણે સંડોવાય તે ઇષ્ટ છે? યુનિવર્સિટીનું સાચું કાર્યક્ષેત્ર કયું? કોને આપણે ઉદારમતવાદી શિક્ષણ પ્રણાલી કહીશું? અત્યાર સુધી આપણે એવું રટતા આવ્યા કે યુનિવર્સિટીમાં જ પૂરી તટસ્થતાથી વસ્તુલક્ષી પદ્ધતિએ સત્યનું અનુસન્ધાન થતું હોય છે. એ સત્ય માનવસમાજને ઉપયોગી નીવડવું જોઈએ. પણ આ વિધાનને જો તપાસીશું તો ઘણા પ્રશ્નો ઊભા થશે. અહીં બે વિરોધી વાતો એક સાથે કહેવાઈ હોય એવું લાગે છે. એક બાજુ વસ્તુલક્ષિતાનો આગ્રહ છે અને બીજી બાજુ સમાજને પ્રસ્તુત હોય એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. વસ્તુ-લક્ષિતાને તટસ્થતાની અપેક્ષા છે. એ આ કે તે વર્ગને અને એના લાભને જ લક્ષમાં લે નહિ તે દેખીતું છે. આ પ્રકારનું 'ડિસઇન્ટરેસ્ટેડનેસ'નું વલણ સમાજને પરવડશે ખરું? એમાં આપણા અંગત અભિગ્રહોની પૂરી બાદબાકી થઈ ગઈ હોવી જોઈએ. આપણે જ્યારે અનુસન્ધાનને માટેની સામગ્રીનો સંચય કરીએ, એને આધારે અમુક નિષ્કર્ષ પણ

આવીએ અને નિર્ણયો કરીએ ત્યારે એ બધું બને તેટલી બિનંગતતાથી થવું જોઈએ. માટે આ કે તે વર્ગનું જ હિત જોવાની વાત અહીં ઉપસ્થિત થઈ ન શકે. પણ જો કોઈ પક્ષનું કે વર્ગનું હિત જોવાનું હોય, એ દૃષ્ટિએ શિક્ષણ અનુકૂળ છે કે નહિ તે વિચારવાનું હોય, તો આપણું હિત શી રીતે વધુ જળવાય તેનો જ વિચાર કરવાનો રહે, આ દૃષ્ટિએ શિક્ષણમાં શેને કેટલું મહત્ત્વ આપવું તે નક્કી કરવું પડે. આમ 'ઓબ્જેક્ટિવિટી' અને 'રેલેવન્સ'ના ખ્યાલો વચ્ચે રહેલો વિરોધ કેટલાક ચિન્તકોએ ચીંધી બતાવ્યો છે.

યુનિવર્સિટી સાથે સમ્બન્ધ ધરાવનારા ત્રણે વર્ગોમાં લક્ષ્ય પરત્વે વિરોધ શા માટે રહે છે? સાચી જિજ્ઞાસાથી યુનિવર્સિટીમાં પ્રવેશતો વિદ્યાર્થીનો વર્ગ ખૂબ થોડો છે, ઘણા બીજું કશું તરત કરવાનું સૂઝતું નથી માટે યુનિવર્સિટીમાં જાય છે, ઘણા દેખાદેખીથી જાય છે, ઘણા સામાજિક મોભો વધે એવા ખ્યાલથી જાય છે. એમ.એ. થયેલા રિક્ષા ચલાવતા હોય કે પટાવાળાની નોકરી કરતા હોય તો આપણી શિક્ષણવ્યવસ્થામાં નહિ પણ સમાજવ્યવસ્થામાં અને અર્થતન્ત્રમાં કશી મોટી ખામી રહી છે એવું જ કહેવું જોઈએ. સમાજમાં જો જ્ઞાન કરતાં અર્થપ્રાપ્તિને જ ઝાઝું મહત્ત્વ હોય, એથી જ જો સમાજમાં માનમરતબો મળતો હોય, તો એવા સમાજમાં જ્ઞાનનું ગૌરવ ન જળવાય તે દેખીતું છે. ઉચ્ચ શિક્ષણને શિખરે પહોંચેલા અમેરિકા જઈને 'મોટેલ' ચલાવે છે તે આપણે ક્યાં નથી જાણતા? મોટા ભાગની પ્રજા આજે એવા સ્તર પર જીવે છે જ્યાં સાંસ્કૃતિક મૂલ્યોની, ગવેષણાની, સૂક્ષ્મતાની, રસવૃત્તિની, ઝાઝી મહત્તા નથી એ હકીકત આપણે સ્વીકારવાની જ રહે છે. સમાજની યોગ્યતાની કક્ષા પ્રમાણે જ સમાજને યુનિવર્સિટી પણ મળે. આજે તપોવનની સંસ્કૃતિમાં આપણે જીવતા નથી. આ જનક વિદેહીનો કે યાજ્ઞવલ્ક્યનો જમાનો નથી. આજે તો તુમુલ સંઘર્ષ અને વર્ગવિગ્રહ વચ્ચે આપણે જીવી રહ્યા છીએ. આથી પુરાણાં મૂલ્યોનો શુકપાઠ કરવાથી કશો અર્થ નહિ સરે એવું આપણને કહેવામાં આવે છે.

આમ છતાં એક વાત તો સ્વીકારવાની રહેશે જ. આપણે જે પરિસ્થિતિમાં છીએ, આપણે જે પરિબળોની અસર નીચે આવ્યા છીએ તેને પણ ઓળખી લેવાનાં તો રહેશે જ. આજે આપણા જીવનમાં ઘણા વિરોધાભાસો છે : આપણે સાહિત્ય, સંગીત, નૃત્ય વગેરે કળાઓને સ્થાન આપ્યું છે ખરું, પણ તે સમાજના ઉપલા સ્તરના લોકોએ પોતાને ઊંચા ગણાવવા માટે. આથી આ કળાઓના પરિશીલનથી જીવનમાં જે ઉદાત્તતા અને સાર્થ-

કતાની અનુભૂતિ થાય તે આપણને થતી નથી. આ બધી કળાઓ અને એનાથી થતો ચેતોવિસ્તાર, વ્યક્તિત્વને પ્રાપ્ત થતી ગરિમા – આ બધું આપણું લક્ષ્ય નથી, આ બધી કળાઓ તો બીજા કશાક પ્રયોજનના સાધનરૂપ છે, આથી એનું ગૌણ સ્થાન જ છે. સરસ્વતી લક્ષ્મીની દાસી છે. સ્વેચ્છાએ અકિંચનતા અને અપરિગ્રહ સ્વીકારીને જ્ઞાનો-પાસનાને જ મહત્ત્વ આપનારો વર્ગ આજે સમાજમાંથી લુપ્ત થઈ ગયો છે. જ્ઞાન પરત્વે પણ વ્યવસાયલક્ષિતા જ મહત્ત્વની બની રહી છે. ધર્મ આજે ધારકબળ નથી. માનતા, બાધાઆખડી, કથાવાર્તા, અનુષ્ઠાન – આ બધાંએ ધર્મનું સ્થાન લીધું છે. પ્રજાને ધર્મ તરફ વાળનારો એક વર્ગ છે. પણ એને જેટલો પ્રચારમાં રસ છે તેટલો જીવનના ઊંડા-ણને સ્પર્શવાનો રસ નથી. ત્યાગીને ભોગવવાનો આદર્શ હવે રહ્યો નથી. યુનિવર્સિટી-ઓને ઓક્સફર્ડ અને કેમ્બ્રિજનાં બીબાં પ્રમાણે ગોઠવવાનો પ્રયત્ન થયેલો. પછી વળી નાલન્દા અને તક્ષશિલાની વાત પણ ચાલી. આજે આપણે જાણીએ છીએ કે આ બેમાંથી એકકેય આદર્શને આપણે ચરિતાર્થ કરી શક્યા નથી.

# ૫

આજની શૈક્ષણિક પરિસ્થિતિ વિશે, આ કે તે જૂથના પક્ષકાર થયા વિના, તટસ્થતાપૂર્વક, સ્વસ્થતાથી, દૂરગામી દૃષ્ટિએ, જોઈને વિચારીએ તો આપણી સામે અમુક એક જ ઉકેલ નહિ પણ એક કરતાં વધારે વિકલ્પો રહેલા દેખાશે. આ વિકલ્પો ઘણી વાર તો તુલ્યગુણ અને તુલ્યબળ હોય છે. આથી ક્રિયાશીલ બનવા માટે એમાંથી યોગ્યની પસંદગી કરીને નિર્ણય લેવાનું અઘરું થઈ પડે છે. અહીં જ દાર્શનિક વિચારણાની આવશ્યકતા વરતાય છે.

આપણી સામે જે ત્રણ વિકલ્પો છે (વિદ્યાર્થી, અધ્યાપક, સરકાર) તે અંગે આપણે વિચાર કરવાનો રહે છે. આ વિકલ્પો વચ્ચેનો ભેદ, ઘણી વાર એમ બને કે, ઉપરછલ્લો હોય, એને સહેજ ઊંડું વિચારવાથી ટાળી શકાય. જો વિરોધ ખરેખર હોય તો જાગૃત વિવે-કબુદ્ધિથી એનું તારતમ્ય નક્કી કરી લેવાનું રહે. દીર્ઘસૂત્રી બનીને નિષ્ક્રિયતાને પોષીએ તે હિતાવહ નથી. આપણે આ વિકલ્પો પૈકીના કેટલાક વિશે, બને તેટલી તટસ્થતાથી, વિચારવાનો પ્રયત્ન કરીએ.

સરમુખત્યારશાહીમાં કે રાજકીય અને સામાજિક ક્રાન્તિ લાવવાને અધીરા સમાજમાં વિદ્યાપીઠોનું શાસકો દ્વારા નિયન્ત્રણ અનિવાર્ય બની રહે છે. એથી જે પ્રકારની ક્રાન્તિ લાવવાની હોય તેને પોષક એવું શિક્ષણ આપવાની વ્યવસ્થા થઈ શકે, એવી વિદ્યાપી-ઠમાંથી બહાર પડતા યુવાનો આ વિચારધારાને જ ગળથૂથીમાંથી સ્વીકારીને એના જ પક્ષકાર બની ચૂક્યા હોય, એઓ જગતને શાસકસમ્મત દૃષ્ટિએ જ જોતા થઈ ગયા હોય. આને પરિણામે ક્રાન્તિને પ્રતિકૂળ એવાં બળો સામે એઓ વધુ ઉગ્ર આક્રમકતાથી

ઝૂઝે. આમ શાસકોને અભિમત પરિસ્થિતિનું નિર્માણ કરવામાં એઓ ઉપકારક રીતે સહાયભૂત થાય.

આપણી નજીકના ભૂતકાળમાં સોવિયેત રશિયામાં અને નાત્ઝી જર્મનીમાં શિક્ષણ પરત્વે આવી નીતિ ત્યાંની સરકારોએ અપનાવી હતી તે આપણે જાણીએ છીએ. 'ન્યૂ સોવિયેત એન્સાઇકલોપીડિયા' અને નોબેલ પારિતોષિક વિજેતા જર્મન ભૌતિક વિજ્ઞાની પી. લેના-ર્ડના ભૌતિકવિજ્ઞાન વિશેનાં પુસ્તકો આનાં જાણીતાં નિદર્શનો છે. જર્મનીમાં તે સમયમાં પ્રકટ થતું સામયિક 'ડ્યુશ માથેમાટિક'ને પણ આ સન્દર્ભમાં ટાંકી શકાય. આવા સમાજ-માં વિદ્યાર્થીઓ જ સૌથી ઉદ્દામ સામ્યવાદી કે ફાસીવાદી હતા તે અત્યન્ત સૂચક ઘટના છે.

આપણે ત્યાં આ કે તે રાજકીય પક્ષને સ્થાપિત સરકારને ઉથલાવી પાડવાની ચળ ઊપડે છે ત્યારે ગાંધીજીની જીવનદૃષ્ટિ, ભારતની પ્રાચીન ગૌરવવન્તી સંસ્કૃતિ, નેહરુનો સમા-જવાદ – આ બધાંનું નામ લઈને, અપ્રામાણિકતાથી, પોતાના સંકુચિત હેતુને ઉપકારક નીવડે એવી રીતે, વિદ્યાર્થીઓને જ ઉશ્કેરવામાં આવે છે. નવનિર્માણના આંદોલન પછી વિદ્યાર્થીઓ પોતે પણ 'ચોથી સત્તા' રૂપે પોતાને જોતા થયા છે. હર્બર્ટ માર્ક્યુઝે અમેરિ-કાની પરિસ્થિતિના સન્દર્ભમાં એવું નિદાન કર્યું જ હતું કે હવે શ્રમિકોનો પણ એક સ્થા-પિત હિતવાળો વર્ગ બની ચૂક્યો છે. માટે આન્દોલનની જવાબદારી વિદ્યાર્થીઓ પર આવી પડી છે.

શાસકીય અર્થઘટનનો ભોગ ઇતિહાસ, સમાજવિદ્યા અને મનોવિજ્ઞાન પણ બનતાં હોય છે તે પણ આપણે આપણા સમયમાં જોયું છે. ઇતિહાસ તો જાણે રાજકર્તા માંધાતા-ઓની બાંદી હોય એવું જ લાગવા માંડ્યું છે. કલાના અને સાહિત્યના ક્ષેત્રમાં પણ એની દખલગીરી શરૂ થાય છે. કહેવાતા પ્રગતિવાદી સાહિત્યની બોલબાલા થતી દેખાય છે. આવો શાસકીય અભિગમ રાજકર્તા પક્ષની વફાદારીની ભૂમિકા તૈયાર કરવામાં વિદ્યા-પીઠોનો ઉપયોગ કરે છે. પણ એમાંય અમુક મર્યાદાને ઉલ્લંઘી જઈ શકાતી નથી, શાસકો પણ આને માટે, રાજકીય વિચારણાથી નિરપેક્ષ એવી, કેટલાંક ક્ષેત્રની માહિતી આપવા-નું જોખમ ખેડવાનું ઇચ્છતા હોતા નથી. યુદ્ધસરંજામ, ઉદ્યોગ, આરોગ્ય – આ ક્ષેત્રની માહિતી આપવામાં મુત્સદ્દીઓની દરમિયાનગીરી થતી જ હોય છે. અધ્યાપકો પોતાની

વિચારણાને સરકારસમ્મત વિચારણાનાં ચોકઠામાં ગોઠવે અને હકીકતોનું અર્થઘટન એને અનુકૂળ રહીને કરી આપે એવી અપેક્ષા એમની પાસે રાખવામાં આવે છે. લાયસેન્કોનો મામલો તો આ સમ્બન્ધમાં જાણીતો જ છે. જર્મનીમાં અધ્યાપકોએ હિટલરના સમર્થનમાં ખરીતાઓ બહાર પાડ્યા હતા. હાઇડેગર જેવા ફિલસૂફે પણ એનાં કેટલાંક લખાણમાં હિટલરનું સમર્થન કર્યું હતું. આ રીતે યુનિવર્સિટીને પોતાના હિત માટે એક શસ્ત્ર તરીકે વાપરવાનો પ્રયત્ન થયો હતો. પોતાની વિચારસરણીને અનુકૂળ પક્ષકારો સમાજમાં ઊભા કરવા અને પોતાના હિતને ઉપકારક વિચારસરણી ઊભી કરવી – આ બંને ઉદ્દેશો માટે યુનિવર્સિટીનો ઉપયોગ થતો રહ્યો. એથી ઊભા કરેલા સત્તાના માળખાને ટકાવી રાખવામાં આવ્યું. માનવજાતિના ઇતિહાસમાં એવા પણ ગાળાઓ આવ્યા છે જ્યારે યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ પામેલા જ સરકારના વહીવટી તન્ત્રમાં, લશ્કરમાં અને ધર્મમાં મહત્ત્વનું સ્થાન પામતા. પ્લેટોના 'રિપબ્લિક'માં તેમ જ બ્રિટિશ ફિલસૂફ બ્રેટલીના લખાણમાં આનું સમર્થન મળી રહેશે. જર્મની ફિલસૂફ હેગલે પણ એવું જ કહ્યું છે.

શિક્ષિતો અને બુદ્ધિશીલોના વર્ગની નિષ્ક્રિયતા વિશે આપણે ત્યાં ઘણો ઉપાલમ્ભ અપાતો રહ્યો છે. આમ છતાં કહેવું જોઈએ કે ઇષ્ટ એવી સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાને જાળવી રાખવા માટેની બૌદ્ધિક જાગૃતિ કેળવવામાં આ યુનિવર્સિટીમાંના અધ્યાપકો અને શિક્ષિતોનો ફાળો છેક નહિવત્ નથી. કટોકટીના ગાળા દરમિયાન લોકશાહીનાં મૂલ્યોનો ક્રૂર ઉપહાસ થયો ત્યારે ભારતભરની કેટલીક વિદ્યાપીઠોના અધ્યાપકોએ વિરોધ નોંધાવેલો તે તો હજી હમણાંની ઘટના છે. અમેરિકામાં કેટલીક યુનિવર્સિટીના પ્રાધ્યાપકોએ વિયેતનામ યુદ્ધનો સ્પષ્ટપણે વિરોધ કર્યો હતો. આમ યુનિવર્સિટીમાંથી શિક્ષણ પામેલાઓ અને અધ્યાપકો સાંસ્કૃતિક અને સામાજિક મૂલ્યોનું જતન કરવા માટે, એ વિશે પ્રજા આત્મસંશોધન કરતી રહે તે માટે, જાગૃત પ્રહરીનું કામ કરતા હોય છે. આથી જ તો કહેવાયું છે કે સરમુખત્યારોને જેટલો તલવારનો ભય નથી તેટલો કલમનો ભય છે. રશિયામાં કેટલાય સર્જકોનો ભોગ લેવાયો છે. આપણે ત્યાં પણ સરકારી અને અર્ધસરકારી સાહિત્ય અને કલાનાં પ્રતિષ્ઠાનોની રીતિનીતિનો વિરોધ થતો રહે છે તે આપણી બૌદ્ધિક પ્રામાણિકતા અને જાગૃતિનાં જ દ્યોતક છે.

આ સાથે એક અનિષ્ટ પરિસ્થિતિને પણ નોંધવાની રહે છે. અમુક સામાજિક પરિબળો પોતાને અભિમત માન્યતાઓને વશ વર્તીને નહિ ચાલનારી વિદ્યાપીઠોને નિષ્ક્રિય બનાવી દેવાની તરકીબો અજમાવતા રહે છે. આજે આપણે ત્યાં ઘણી બધી યુનિવર્સિટીઓ આવાં જ કશાં કારણે સામાન્ય સક્રિયતા જાળવી શકતી નથી. યુનિવર્સિટીમાં રાજકારણનો વિષય ભણાવવો તે એક વાત છે અને એને આ કે તે રાજકીય પક્ષનું શસ્ત્ર બનાવવો તે બીજી વાત છે. યુનિવર્સિટીને બારણે કેટલા બધા રાજકીય પક્ષો વિદ્યાર્થીઓને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે ઝડપી લેવાને તત્પર ઊભા હોય છે! નવનિર્માણના સમય દરમિયાન વિદ્યાર્થીઓ બૌદ્ધિક પ્રામાણિકતાથી પોતાના વ્યવહારનો નિર્ણય લઈ શકે એ માટે વિકલ્પાત્મક બધી વિચારસણીઓનો પરિચય કરાવવાને મેં યોજના કરી હતી, એની એક બેઠક થઈ. અમુક રાજકીય પક્ષે પછી એની બેઠકો થવા જ ન દીધી. વિદ્યાર્થીઓને હાથા તરીકે વાપરનારા જ એમને હિંસા આચરવા માટે ઉશ્કેરતા હોય છે. એનો બુદ્ધિપૂર્વકનો પ્રતિકાર કરવા જેટલી સજ્જતા આપણી વિદ્યાપીઠો આપી શકે છે?

# ૬

વિદ્યાપીઠને શસ્ત્ર તરીકે વાપરવી એમ કહેવાનો અર્થ શો? પહેલી વાત તો એ કે એના વડે બીજું કશુંક સિદ્ધ કરવાનો ઇરાદો હોય છે. શસ્ત્ર આત્મસંરક્ષણ માટે વપરાય, અથવા શત્રુના વિનાશ માટે વપરાય. આમ શસ્ત્ર ક્યાંક સંઘર્ષમાં વપરાતું હોય છે. વળી બીજી વાત એ છે કે ગમે તે વસ્તુને શસ્ત્ર તરીકે વાપરી શકાય. શાક સમારવાને માટે વપરાતા ચપ્પુછરીથી કોઈનું ખૂન કરી શકાય. ખુરશી બેસવાના ઉપયોગમાં આવે છે, પણ એને શસ્ત્ર તરીકે બીજા સામે ઉગામી શકાય. બીજા માણસોનો પણ શસ્ત્ર તરીકે ક્યાં ઉપયોગ થતો નથી? પોતાના હેતુ માટે બીજા માણસોને વાપરનારાનો વર્ગ રાજકારણમાં મોટો છે. વિચારોને પણ માણસે સબળ શસ્ત્ર તરીકે વાપર્યા છે. વોલ્તેર અને રૂસોની વિચારણા જ ફ્રેન્ચ ક્રાન્તિનો દારૂગોળો નહોતી? પણ વિચારોનો સારો અને ખરાબ બન્ને રીતે ઉપયોગ થઈ શકે. એથી લોકોને સારી માહિતી આપીને યોગ્ય માર્ગે દોરી શકાય. તો વિચારોથી જ લોકોની ખોટી ઉશ્કેરણી કરીને એમને ખોટે માર્ગે પણ દોરી શકાય. આમ ગમે તેને ગમે તે અર્થે શસ્ત્ર તરીકે વાપરી શકાય.

યુનિવર્સિટી વર્ગવિગ્રહમાં શસ્ત્ર તરીકે આજે વપરાય છે એમ કહેવાતું સાંભળીએ છીએ. આથી એમ સૂચવાય છે કે સમાજમાં વર્ગવિગ્રહ ચાલી જ રહ્યો છે અને એમાં બધા જ સ્તરના લોકો સંડોવાયેલા છે. બીજો સૂચિતાર્થ એ છે કે શસ્ત્રની ઉત્તમતા એ વિજય સંપ-ડાવે તેમાં રહેલી છે. જેમ મજૂર મહાજન કે ટ્રેડ યુનિયન વર્ગવિગ્રહથી પર રહી શકતાં નથી, તેમ યુનિવર્સિટી પણ વર્ગવિગ્રહથી અલિપ્ત રહી શકતી નથી. યુનિવર્સિટી પણ ખૂબ અટપટી રીતે તેમાં સંડોવાયેલી હોય છે. યુનિવર્સિટીમાંના વિદ્યાર્થીઓ અધ્યાપક

સંઘો અને વહીવટી તન્ત્રના વાહકો વર્ગવિગ્રહમાં સંડોવાયેલા જ હોય છે. એ લોકોનાં વર્તન અને આચારસંહિતા આ વર્ગવિગ્રહને લક્ષમાં રાખીને જ રચાતાં હોય છે. એ પણ એટલું જ સાચું છે કે કોઈ પણ સમાજને જો સ્થગિત ન થઈ જવું હોય તો વિદ્યાપીઠની કે એવી કશીક સંસ્થાની જરૂર રહેશે જ. જો એવી સંસ્થા નહિ હોય તો સમાજ ધીમે ધીમે ક્ષીણ થતો જાય.

હવે આ સમસ્યાનું બીજું પાસું તપાસીએ. જો યુનિવર્સિટીનો એક શસ્ત્ર તરીકે ઉપયોગ થવાનો હોય તો બે જ વિકલ્પો ખુલ્લા રહે છે. જો યુનિવર્સિટી શત્રુઓના હાથમાં જતી રહી હોય તો ક્યાં તો આપણે એની પાસેથી એને પાછી આંચકી લેવી જોઈએ અથવા તો એનો નાશ કરવો જોઈએ. ઘણા ક્રાન્તિકારીઓએ તો કહ્યું છે કે યુનિવર્સિટી એક અત્યન્ત સબળ શસ્ત્ર છે. એને ક્રાન્તિનાં વિરોધી બળોના હાથમાં રહેવા દઈ શકાય નહિ. આવું બને ત્યારે દરેક યુનિવર્સિટીનું કાર્ય ખોટકાઈ જાય એવી હિલચાલ કરવી જોઈએ, અને સૌથી સારું એ કે યુનિવર્સિટીનો કબજો મેળવી લેવો જોઈએ. આજે આપણે જોઈએ છીએ કે પરસ્પરવિરોધી એવાં અનેક બળો આ કે તે નામે યુનિવર્સિટી પર પોતાનું વર્ચસ્ સ્થાપવા મથી રહ્યાં છે. જ્યાં એ બની નથી શકતું ત્યાં યુનિવર્સિટીને કામ કરતી અટકાવી દેવાના પ્રયત્નો થતા રહે છે. આજે ભાગ્યે જ કોઈ યુનિવર્સિટી પૂરો અભ્યાસક્રમ શીખવતી હોય છે. શૈક્ષણિક વર્ષ અનેક ઉત્પાત, ઉપદ્રવોથી ભરેલું હોય છે. પરીક્ષાપદ્ધતિમાં હવે એવાં તો દૂષણો પેઠાં છે કે ડિગ્રીનું કશું મૂલ્ય જ એણે રહેવા દીધું નથી. આમ છતાં ‘બધું સલામત છે’ એમ માનીને ચાલતી સરકાર અને યુનિવર્સિટીના તન્ત્રવાહકો યુનિવર્સિટીની કાર્યક્ષમતાને ઉત્તરોત્તર નિકૃષ્ટ કોટિની બનાવવામાં જાણ્યે અજાણ્યે ફાળો આપી રહ્યા છે. સેનેટ સિન્ડીકેટની સભામાં દાવપેચ, સામસામા આક્ષેપો, લગભગ અસભ્યતાની હદે પહોંચી જતો વર્તાવ આ બધું કોઠે પડતું જાય છે. આથી આપણે હતાશ થઈને એમ માનવા પ્રેરાઈએ છીએ કે સર્વત્ર માનવદ્રવ્યની નિ:સત્વતા અને હીનતા જ દેખાઈ રહી છે.

સમાજનો દરેક વર્ગ પોતાના હિતનું ઉગ્ર ભાન ધરાવતો થઈ ગયો છે. આથી જુદાં જુદાં અનેક સ્તરે આવા પરસ્પરવિરોધી હિતો વચ્ચેનો સંઘર્ષ ચાલ્યા જ કરતો હોય છે. આ વાતાવરણમાં આપણે જીવી રહ્યા છીએ એ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો રહ્યો. કેટલાંક

જૂનાં અનિષ્ટોએ એટલાં ઊંડાં મૂળ નાખ્યાં હોય છે કે કાયદાની એકાદ બે પેટાકલમમાં સુધારો કરવાથી એ મૂળને ઊખેડી નાખ્યાનો બાલિશ સન્તોષ લેવો એ ભવિષ્યમાં ભારે ખતરનાક પુરવાર થશે. આજેય સમાજમાં વગ ધરાવનારું અમુક જૂથ, સાધનશુદ્ધિનો આગ્રહ નેવે મૂકીને, મહત્ત્વની સંસ્થાઓ પર પોતાનું વર્ચસ્ જમાવવાનો ઝનૂની પ્રયત્ન કરે છે. સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રોમાં પણ આ કારણે સંસ્થાકીય અભિગમ પરત્વે શંકા ઉત્પન્ન થવા લાગી છે. સંસ્થા સ્થપાતાંની સાથે જ એના પર વર્ચસ્ જમાવીને એનો કબજો લઈ લેનારું જૂથ ટાંપીને જ બેઠું હોય તો હજી આપણે વ્યક્તિપૂજામાંથી પૂરેપૂરા મુક્ત થયા નથી. આવી પૂજા વિવેકબુદ્ધિને જાગૃત રહેવા દેતી નથી. આથી એવું જોવામાં આવે છે કે મોટા ભાગની સંસ્થાના કેન્દ્રમાં એક વ્યક્તિ અથવા અમુક 'કોકસ' કામ કરતું હોય છે. એ ભાષા પરમાર્થની વાપરે છે, પણ તાકે છે પોતાના સંકુચિત સ્વાર્થને. પહેલાંના વખતમાં એવાં મૂલ્યો પ્રવર્તતાં હતાં કે તપસ્વી ઋષિ રાજસભામાં જાય તો રાજા ઊભો થઈને આદર કરતો. રૈકવ તો ગાડાવાળો હતો. એણે તો ગામના પાદરે જ ગાડું છોડ્યું હતું. રાજા સામે ચાલીને એને મળવા ગયો. આજે અકિંચન વિદ્વાન કે મનીષીનું સમાજમાં ગૌરવ નથી. યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓ વિદ્યાપીઠમાંના ગણમાન્ય મનીષીઓને, સર્જકોને, પોતાના હાથ નીચેના નોકર ગણીને વર્તતા હોય છે.

આ બધાંને પરિણામે ક્ષુદ્ર ખટપટો અને ચડસાચડસીમાં સમય અને શક્તિનો દુર્વ્યય થાય છે. વિદ્યાર્થીઓ પણ તુચ્છ વસ્તુને 'પ્રેસ્ટિજ ઇસ્યુ' બનાવીને આક્રમક વલણ ધરાવતા હોય છે. વિદ્યાપીઠનાં જે અંગો એકબીજાના પૂરક બનીને વિદ્યાપીઠનું જ્ઞાનપ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ કરવામાં ઉપકારક બનવાં જોઈએ, તેઓ વાસ્તવિક રીતે જોતાં, એ લક્ષ્યને નેવે મૂકીને એનાથી વિરોધી પ્રવૃત્તિ જ આચરતાં દેખાય છે. આમ છતાં બૌદ્ધિક ધૂર્તતાથી એઓ આવી હીણી પ્રવૃત્તિને પણ મોટા આદર્શની પરિભાષામાં વર્ણવતા હોય છે. દરેક યુનિવર્સિટી વાર્ષિક અહેવાલ તૈયાર કરતી હોય છે. એમાં નરી પ્રગતિ અને પ્રવૃત્તિની વાતો જ કહેવાઈ હોય છે. જ્યારે વાસ્તવિક ચિત્ર જુદું જ હોય છે. શિક્ષકોને અમલદારશાહીના ખુશામતિયા બનાવીને જ આ તન્ત્ર જપે છે.

યુવાનોને ઘડવા, એમની શક્તિઓને ખિલવવી, જાગૃતિક પરિસ્થિતિનો એમને ખ્યાલ આપવો, બૌદ્ધિક સજ્જતાથી એ પરિસ્થિતિને પહોંચી વળવાને એમને યોગ્ય બનાવવા.

વ્યાપક અર્થમાં વિદ્યાપીઠનું લક્ષ્ય આ છે. હું ગમે તે દેશકાળનો હોઉં તે છતાં વિદ્યાપીઠ મને માનવીના સર્વ બૌદ્ધિક પુરુષાર્થથી પરિચિત કરાવે, અત્યાર સુધી મેળવેલી જ્ઞાનના ક્ષેત્રની સિદ્ધિઓનો મહિમા સમજવા જેટલી સૂઝ કેળવી આપે અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં આજના માનવસન્દર્ભને અને એમાં રહેલી સમસ્યાઓને સમજીને એનું નિદાન કરવાની ક્ષમતા આપે. માનવ નિયતિને એ ઓળખાવે અને માનવ્યના ગૌરવને અક્ષુણ્ણ રાખવા પ્રેરે પણ આજે આ બધું ઠાલી વાતો જેવું નથી લાગતું?

# ૭

વિદ્યાપીઠનાં કાર્યક્ષેત્ર અને લક્ષ્ય વિશે ફરીથી વિચારવાનો સમય આવી ગયો છે. વિદ્યા-પીઠના તન્ત્રવાહકો એના સંચાલન માટેનાં ધારાધોરણો કાયદાની કુનેહથી બરાબર ઘડી કાઢે છે. પણ એ બધાં વહીવટી પ્રપંચની સાભિપ્રાયતા જેના પર આધાર રાખે છે તે મૂળ હેતુ વિશે કશી સ્પષ્ટતા છે ખરી? સામાન્ય રીતે એમ કહેવાતું આવ્યું છે કે, વ્યાપક દૃષ્ટિએ જોતાં, યુવાનોને કેળવવા તે વિદ્યાપીઠનું લક્ષ્ય છે. સહેજ સરખું કારણ મળતાં કે કારણ ન હોય ત્યારે આ કે તે પક્ષનો હાથો બનીને દંગલ મચાવનાર આજના વિદ્યાર્થીને આપણે કેળવાયેલો કે કેળવણી પામવાના હેતુથી વિદ્યાપીઠમાં આવેલો ગણી શકીશું?

આજની વિદ્યાપીઠોમાં શિક્ષણ પરત્વે ત્રણ લક્ષ્યને સ્વીકારવામાં આવ્યાં હોય એવી સમજ પ્રવર્તે છે. ક્રમિક રૂપે એ ત્રણ લક્ષ્ય આ પ્રમાણે છે : વિદ્વાનો અને તે તે વિષયના તદ્વિદોએ પ્રાપ્ત કરેલું જ્ઞાન તથા ભૂતકાળમાં પ્રાપ્ત થયેલું અને પુસ્તકાલયોમાં સંચિત થયેલું જ્ઞાન વિદ્યાથીઓને આપવું; વિદ્યાર્થીઓને ભવિષ્યમાં એ જે વ્યવસાય કે કારકિર્દી સ્વીકારવા માંગતા હોય તે માટેની સજ્જતા પ્રાપ્ત કરાવવી; માનવી, એ જે જગતમાં રહે છે તે અને તેનું પોતાના સન્દર્ભ વિશેનું જ્ઞાન – આ વિશે જે વિચારાયું છે અને વિચા-રાઈ રહ્યું છે તેનું પરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની સજ્જતા કેળવવી. મને લાગે છે કે આ પરત્વે તો ઝાઝો મતભેદ હોવાનો સમ્ભવ નથી. કોઈ પણ વિદ્યાપીઠ પોતાના વિદ્યા-ર્થીને એની સમકાલીન વિચારણાને આલોચનાત્મક રીતે તપાસીને પોતાના વ્યવહાર માટે વિવેક કરવાની શક્તિ આપી શકતી ન હોય તો એ પોતાના મૂળભૂત ઉદ્દેશમાં નિષ્ફળ ગઈ છે એમ જ કહેવાનું રહે. પ્લેટોની અકાદમીથી માંડીને આપણે જેના આદર્શને દૃષ્ટિ

સમક્ષ રાખીને આપણી વિદ્યાપીઠોને સ્થાપી હતી તે ઓક્સફર્ડ કે કેમ્બ્રિજ આ છેલ્લા હેતુને ચૂકી જઈને નિષ્ફળતા વહોરી લેવાનું સ્વીકારે નહિ. એ બધાને માટે એ જ તો સૌથી મહત્ત્વની શૈક્ષણિક પ્રવૃત્તિ હતી. અમેરિકામાં તો ઘણી મહત્ત્વની ઇજનેરી અને ટેકનોલોજીનું શિક્ષણ આપનારી સંસ્થાઓ આ હેતુનો પોતાના અભ્યાસક્રમમાં સમાવેશ કરે છે. આપણે ત્યાં તો વિજ્ઞાન અને વાણિજ્યના વિદ્યાર્થીઓ ભાષાજ્ઞાનને પણ વધારાના બોજારૂપ વિષય ગણીને વિરોધ કરતા રહ્યા છે. સંકુચિત ઉપયોગિતાવાદી દૃષ્ટિબિન્દુને સ્વીકારી લેવાથી હવે સર્વાંગીણ કેળવણી કે 'લિબરલ એજ્યુકેશન'ની વાત કરવાનો કશો અર્થ રહ્યો નથી.

પોતાના વ્યવસાય કે કારકિર્દીને માટેનું જરૂરી શિક્ષણ મેળવતી વેળાએ પણ એ સમાજના વિકાસના હિતને ઉપકારક થઈ પડે એ વાત ભૂલવાની હોતી નથી. શિક્ષણ ક્યારેક કેવળ વૈયક્તિક ઉત્કર્ષની મનોવૃત્તિને જ કેન્દ્રમાં રાખતું નથી. એવી મનોવૃત્તિ અનુચિત સ્પર્ધાનું વાતાવરણ રચે છે જે સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ હાનિકારક નીવડે છે. અહીં પણ પોતાના વ્યવસાય અને સમાજ સાથેના સમ્બન્ધોની વિચારણા તથા તેની આલોચના જરૂરી ગણાય છે.

કોઈ પણ ઊંચું નિશાન તાકતી વિદ્યાપીઠ કેવળ પ્રાપ્ત જ્ઞાનના વિતરણથી સન્તોષ માનતી નથી, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવાનો પુરુષાર્થ મહત્ત્વનો લેખાય છે. એ ક્ષેત્રમાં નવું અર્પણ કરવાની મહત્ત્વાકાંક્ષા દરેક વિદ્યાપીઠ ધરાવતી હોય છે. જ્ઞાનનાં જુદાંજુદાં ક્ષેત્રો વચ્ચેના સમ્બન્ધો સમજવાની ભૂમિકા પણ સિદ્ધ કરવાની રહે છે. સમાજવિદ્યા, અર્થશાસ્ત્ર, દાર્શનિક વિચારણા, વિજ્ઞાન – આ બધાંનું તાર્કિક પૃથક્કરણ અને તેના તારતમ્યનો વિવેક કેળવવો એ કોઈ પણ વિદ્યાપીઠ માટે આવશ્યક લેખાવું જોઈએ.

આમ પ્રાપ્ત જ્ઞાનનું આલોચનાત્મક મૂલ્યાંકન અને જ્ઞાનની નવી ક્ષિતિજોની શોધ આ બે વિદ્યાપીઠનાં મહત્ત્વનાં કાર્યો છે. વિદ્યાપીઠે તૈયાર કરેલા ઈજનેર, દાક્તર કે વિજ્ઞાનીનું જો આ પાસું નબળું હોય તો એનો શૈક્ષણિક વિકાસ અધૂરો જ લેખાવો જોઈએ. આ બાબતમાં વિદ્યાપીઠના વાતાવરણમાં સર્ગગ્રાહિતા અને ઉદારતા હોવાં જોઈએ. નહિ તો વિદ્યાપીઠો આ કે તે નીતિ કે વાદના પ્રચારના અખાડા જેવી બની જાય છે. ગાંધીવાદને સમજવાનો આગ્રહ રાખનારે એને અન્ય વિચારણાઓના સન્દર્ભમાં જ સમજવો

જોઈએ. ઘણી વાર પહેલેથી આ કે તે વિચારણાની કે અભિગમની સ્વીકૃતિ થઈ ચૂકી હોય છે તો કહેવાતી બૌદ્ધિક આલોચનાની પ્રવૃત્તિ કેવળ એનાં સમર્થનો ઊભા કરવા પૂરતી જ મર્યાદિત રહે છે. અથવા તો પોતાને અભિમત નહિ એવી વિચારણા પર આક્રમણ કરવાનો સંકુચિત હેતુ જ એમાં સ્વીકારાયો હોય છે. કેટલીક વાર તો અમુક એક વ્યક્તિની કે અમુક જૂથની વિચારણા કે કાર્યક્રમના પ્રચારનું સાધન વિદ્યાપીઠને બનાવી દેવામાં આવે છે. આવાં કશાં સામાજિક કે રાજકીય દબાણોથી વિદ્યાપીઠને મુક્ત રાખી શકે એવું કૌવત ધરાવનારાના હાથમાં જ એનું સંચાલન હોવું જોઈએ. એણે તટસ્થ વસ્તુલક્ષી દૃષ્ટિ સ્વીકારીને વિદ્યાપીઠોમાં, નવી વિચારણાને પોષણ મળે એવું, વાતાવરણ ઊભું કરવું જોઈએ. જ્યાં આ બનતું નથી ત્યાં વિદ્યાપીઠમાં જ્ઞાનવિકાસને માટે અનિવાર્ય સ્વાતન્ત્ર્ય જાળવી શકાતું નથી.

આથી જ તો, આગળ કહ્યું તેમ, વિદ્યાપીઠને વર્ગવિગ્રહમાં એક શસ્ત્ર તરીકે વાપરી શકાય નહિ. આમ થાય તે અટકાવવાનું બહુ સહેલું નથી. કારણ કે કોઈ વિદ્યાપીઠ તેના સંચાલનની આર્થિક વ્યવસ્થા પરત્વે આત્મનિર્ભર નથી હોતી. દરેક દાતા અને અનુદાન આપનારી સરકાર નિઃસ્વાર્થભાવે એવું કરતાં નથી. એમની સમક્ષ કેવળ જ્ઞાનના ઉત્કર્ષનો જ હેતુ હોતો નથી. એમની કેટલીક બીજી સ્વાર્થપ્રેરિત અપેક્ષાઓ હોય છે. આમ છતાં વિદ્યાપીઠોની સ્વાયત્તતાનો આગ્રહ રાખવો જરૂરી છે. કારણ કે સત્યનું અન્વેષણ પક્ષિલ મનોવૃત્તિથી દૂષિત નહિ થાય તો જ એનું સાચું ગૌરવ થઈ શકે. એના પર અનિચ્છનીય એવા કશા અંકુશો હોવા જોઈએ નહિ. આ આજે વધારે કપરું છે. કારણ કે ઘણી બધી સામાજિક અને રાજકીય સંસ્થાઓ વચ્ચે સત્તા ભોગવવા માટે ઉગ્ર સ્પર્ધા ચાલી રહી છે.

આ સ્વાયત્તતા કે સ્વતન્ત્રતાનો અર્થ એ નથી કે વિદ્યાપીઠ સમાજથી નિલિર્પ્ત રહે, આ બધાં આન્દોલનો પરત્વે નરી ઉદાસીનતા કેળવે. અમેરિકાની એક વિદ્યાપીઠમાં સેનેટર મેકાર્થી મુલાકાતે ગયેલા. ત્યાં રાજકારણના વિષયમાં સામ્યવાદનો પણ, એક મહત્ત્વની વિચારણા લેખે, અભ્યાસ કરાવવામાં આવતો હતો. તે જાણીને એમણે નારાજી પ્રકટ કરીને પૂછ્યું 'આ અનિષ્ટ વિચારણાનું ઝેર અહીં શા માટે પ્રસારવામાં આવે છે?' વિદ્યાપીઠમાંના એ વિષયના અધ્યાપકે જવાબ વાળ્યો 'તો પછી આપણે દાક્તરી શીખવતા

કેન્સર જેવા રોગનો અભ્યાસ શા માટે કરાવીએ છીએ?' જેનો પ્રતિકાર કરવો હોય તે વિશે તો તટસ્થ બુદ્ધિથી પૂરેપૂરું જ્ઞાન મેળવી લેવું જોઈએ, તો જ પ્રતિકાર સમર્થ બને. વિદ્યાપીઠ જે છે તેને તે જ સ્વરૂપે સાચવી રાખવા માટેનું સંગ્રહસ્થાન નથી, એ સત્તાનું માળખું ટકાવી રાખવા માટેનું સાધન નથી. બધા જ ક્ષેત્રની સમસ્યાઓની તટસ્થ દૃષ્ટિએ આલોચના વિદ્યાપીઠમાં જ થઈ શકે. એને માટેનાં બૌદ્ધિક ઓજારો કુશળતાપૂર્વક વાપરવાની સજ્જતા અધ્યાપકોમાં હોવી ઘટે. વિદ્યાપીઠ પરિસ્થિતિનું સૂક્ષ્મ આલોચનાથી નિદાન કરી આપે છે અને એ રીતે એના ઉકેલ માટેની અનિવાર્ય એવી ભૂમિકા રચી આપે છે. ઘણા કેવળ કોઠાસૂઝથી બધી સમસ્યાનું નિરાકરણ કરવાનો દાવો કરતા હોય છે. એમના પર આધાર રાખનાર સમાજ જોખમ વહોરી લે છે. સત્યને જોવાની અવિચલિત સ્થિર દૃષ્ટિ કેળવી આપવાનું કામ વિદ્યાપીઠોનું છે.

# ૮

સ્પૅનિશ ફિલસૂફ ઓર્તેગાએ ઘણાં વર્ષ પહેલાં વિદ્યાપીઠના કાર્યક્ષેત્ર અને લક્ષ્ય વિશે 'મિશન ઓવ ધ યુનિવર્સિટી' એ નામની પુસ્તિકા લખી હતી તે આજના સન્દર્ભમાં સંભારવા જેવી છે. એમની મુખ્ય ફરિયાદ એ છે કે વિદ્યાપીઠની સમસ્યાઓ વિશે આપણે વિધેયાત્મક દૃષ્ટિએ વિચારતા નથી. વિદ્યાપીઠમાં અમુક દૂષણો પ્રવેશી ગયેલાં દેખાતાં હોય તો એને દૂર કરવા પૂરતી સુધારણાથી આપણે સન્તોષ માની લેતા હોઈએ છીએ. પણ આ દૂષણોની ઊંડી તપાસ કરીને ધરમૂળથી જે પરિવર્તન કરવું જરૂરી છે તે કરવાની આપણી દાનત હોતી નથી. આવી થાગડથીંગડથી કશો અર્થ સરે તેમ નથી. આપણી કાર્યપ્રણાલી અને નીતિમાં જ કશીક મૂળભૂત ક્ષતિ રહેલી છે. એના પર હવે આપણે ધ્યાન આપવું જ જોઈએ.

કોઈ સંસ્થાની સ્થિતિ સંગીન છે એમ આપણે ક્યારે કહી શકીએ? નાની-મોટી ઊણપો અને ક્ષતિઓ છતાં સંસ્થાનો પાયો હચમચી ન ઊઠે એવી એની કાર્યપ્રણાલી હોવી જોઈએ. થોડીક કાંકરી ખરવાથી જ જો આખું સ્થાપત્ય હચમચી ઊઠતું હોય તો એવી પરિસ્થિતિ ચિન્તાજનક જ લેખાય. તન્ત્રવાહકોની કાર્યદક્ષતાનો અભાવ, સંચાલકોની દૃષ્ટિની સંકુચિતતા, સમકાલીન સામાજિક અને રાજકીય વાતાવરણ – આ બધામાં કંઈક ને કંઈક મર્યાદા તો રહેવાની જ. પણ એટલા માત્રથી જ વિદ્યાપીઠ એનું લક્ષ્ય ચૂકી જાય, એના મૂળભૂત ઉદ્દેશને સિદ્ધ કરવાની ક્ષમતા ગુમાવી બેસે તો એના પાયામાં કશુંક ખોટું છે એમ જ માનવું રહ્યું. જેનું સ્વાસ્થ્ય સારું હોય તેવો માણસ એકાદ-બે નાની ઉપાધિથી ખખડી જતો નથી. એવું બધું આસાનીથી વેઠી લઈને અડીખમ રહી શકે છે. વિદ્યાપીઠની

બાબતમાં પણ આવું જ છે. આથી વિદ્યાપીઠની આજની પરિસ્થિતિ પરત્વે વિચારનારા જો કામચલાઉ અમુક સુધારા કરીને બધું હેમખેમ છે તેમ માનતા થઈ જાય તો ભવિષ્ય-માં મોટા અનિષ્ટને નોતરી બેસવા જેવું થશે. એ માટે જ તો યુનિવર્સિટીના ઉદ્દેશ વિશે ફરીથી વિચારવાનું અનિવાર્ય થઈ પડે છે.

વિદ્યાપીઠ સજીવ અને પ્રાણવાન છે તે તો એ પોતાના ઉદ્દેશને સમર્થ રીતે સિદ્ધ કરી શકતી હોય તો જ માની શકાય. એને આ કે તે જૂથના તરંગો કે સંકુચિત આશયોનું સાધન બનાવીએ તો એ આ ઉદ્દેશના મૂળમાં જ કુઠારાઘાત કરે. આપણા દેશની વિશિષ્ટ સાંસ્કૃતિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નની વિચારણા થવી જોઈએ. આપણે કેવળ પશ્ચિમની યુનિવર્સિટીના અમુક નમૂનાઓને દૃષ્ટિ સમક્ષ રાખીને વિચાર કરીશું તો એવી અનુકરણાત્મક પ્રવૃત્તિ આપણી પોતાની સર્જનાત્મક અને વિધેયક દૃષ્ટિથી વિચારવાના પુરુષાર્થ આડે અન્તરાય ઊભા કરશે. પછી તો આપણે આ સમસ્યાના ઉછીના ઉકેલથી જ ચલાવી લેવાનું રહેશે. આ સમસ્યા વિશે વિચારતાં આપણે અન્યત્ર જે નિર્ણયો લેવાયા હોય કે નિરાકરણો સૂચવાયાં હોય એ નિર્ણયો અને નિરાકરણો પર આવીએ તે ઝાઝું મહત્ત્વનું નથી. જે મહત્ત્વની વાત છે તે એ કે એવા નિર્ણયો અને નિરાકરણો આપણે, આપણી મૂળભૂત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને, સ્વત-ન્ત્ર મૌલિક દૃષ્ટિએ વિચાર્યા હોવા જોઈએ.

રાષ્ટ્રની મહત્તા ઘણાં તત્ત્વોની સુગ્રથિત એકતા પર આધાર રાખે છે. જો રાષ્ટ્રની પ્રજાની રાજકીય સ્થિતિ કથળી ગયેલી હોય તો એની દૂરગામી અસર તેની શિક્ષણસંસ્થાઓ પર પડવાની જ. એવી સ્થિતિમાં શિક્ષણસંસ્થાનાં ઉત્તમ ફળ અલ્પસંખ્ય લોકોને જ મળે. એવું ફળ પ્રાપ્ત કરનારા મોટા ભાગના લોકોથી વેગળા અને નિલિપ્ત થઈને રહેતા હશે. એમ બને કે લાંબે ગાળે ફળ મેળવનારા આ અલ્પસંખ્ય લોકો રાષ્ટ્રના સમૂહજીવન પર પ્રભાવ પાડી શકે અને દેશની શૈક્ષણિક પરિસ્થિતિને ધરમૂળથી ફેરવી નાખવામાં સફળ બને. શિક્ષણના એક મૂળભૂત સિદ્ધાન્તનો આપણે ત્યાં સ્વીકાર થયેલો લાગતો નથી. શિક્ષણસંસ્થા જ્યારે ખરેખર રાષ્ટ્રના એક અનિવાર્ય કાર્યક્ષમ અંગ તરીકે ક્રિયાશીલ બનતી હોય છે ત્યારે એનો આધાર દેશમાં પ્રવર્તતા આગવા સાંસ્કૃતિક વાતાવરણના પર વિશેષ રહે છે. સંસ્થામાં કૃત્રિમ રીતે ઊભા કરવામાં આવેલા 'પેડેગોગિક એટમોસ્ફિયર'

પર એ આધાર રાખતી નથી. એ એનો પ્રાણવાયુ ન હોઈ શકે. આવા બાહ્ય અને આન્તરિક દબાણ વચ્ચે સન્તુલન સ્થાપવાનું અનિવાર્ય થઈ પડે છે. એના સંગીન પાયા પર જ શિક્ષણ સંસ્થાને ઊભી કરી શકાય.

આપણે તો પશ્ચિમના માળખાનું અનુકરણ કરીને શિક્ષણસંસ્થાઓ ઊભી કરવાનો જ ઉત્સાહ બતાવ્યો છે, અને આપણા સાંસ્કૃતિક સન્દર્ભને અનુરૂપ શિક્ષણવ્યવસ્થા ટાળતા રહ્યા છીએ. આજે મોટા ભાગના લોકો સાંસ્કૃતિક શૂન્યાવકાશમાં જીવવાને ટેવાઈ ગયા છે. રાષ્ટ્રનો કશો સ્પષ્ટ સંકેત એમની પાસે નથી. આથી જ તો 'બ્રેઇન ડ્રેઇન'ની સમસ્યા ઊભી થઈ છે. સમાજનો શિક્ષણ પામેલો ઉપલો થર પોતાની ભાષા સુધ્ધાં ખોઈ બેઠો છે અને અંગ્રેજી ભાષા પાસેથી જે શ્રેષ્ઠ પામી શકાય તેનાથી પણ મોટે ભાગે વંચિત રહ્યો છે. આવી પરિસ્થિતિમાં ધનપ્રાપ્તિ અને એથી મળતું પશુસુખ જ જીવનરીતિમાં પ્રાધાન્ય પામે તે દેખીતું છે. આજે શિક્ષક, અધ્યાપકો અને કહેવાતા બુદ્ધિશીલોનો વર્ગ પણ પંદર કે વીસ વર્ષ પાછળ જીવતો હોય એમ લાગે છે. એમ બને કે એમના અભ્યાસના મર્યાદિત ક્ષેત્ર પૂરતી એમની જાણકારી હોય.

સમયનું હાર્દ પારખવાની સૂઝ આપણે શિક્ષણથી કેળવી નથી. એ સૂઝ જ જ્ઞાનનાં બધાં ક્ષેત્રોને ખિલવવામાં અનિવાર્ય બની રહે છે. આ સૂઝનાં પરિવર્તનો લયબદ્ધ હોય છે. એનો બદલાતો લય પારખવાની શક્તિ આપણામાં હોવી જોઈએ. એ પરિવર્તન પેઢી દર પેઢી થતાં રહે છે. એથી બે પેઢી વચ્ચે સમજનો અભાવ પ્રવર્તે છે, એમાંથી જે સમસ્યાઓ અને સંઘર્ષો ઊભાં થાય છે તેની ભૂમિકા સમજવાનો આપણે પૂરો પ્રયત્ન કરતા નથી. આપણી સમજ કેળવવા માટે જે માહિતી જરૂરી લાગે તે પશ્ચિમમાંથી મેળવીએ, પણ આપણી શિક્ષણસંસ્થાનું માળખું પશ્ચિમમાંથી ઉછીનું માગી આણવાની જરૂર નથી. આથી જ તો શિક્ષિતોનો વર્ગ પ્રજાજીવનના મુખ્ય પ્રવાહથી વેગળો થઈ જતો લાગે છે. વર્ણવ્યવસ્થામાં અનેક દૂષણોથી પીડાતા સમાજમાં એક નવો વર્ણ ઊભો થયો છે.

આપણા દેશમાં જે લોકો ઉચ્ચ શિક્ષણની સુવિધાનો લાભ લેતા હોય છે તેઓ ઘણું ખરું સાચા અર્થમાં તેના અધિકારી હોતા નથી. એમને આ સુવિધા પ્રાપ્ત થાય છે. કારણ કે એઓ સાધનસમ્પન્ન છે અને આપણા દેશમાં ઉચ્ચ શિક્ષણ ઘણું ખરચાળ છે, જે સમાજના અલ્પસંખ્ય લોકોને જ પરવડે છે. આ વર્ગની નજર પશ્ચિમ તરફ જ મંડાયેલી હોય

છે. આપણે વિદ્યાપીઠમાં જે સુધારણા કરવા માગીએ છીએ તેમાં અસર પાડી શકે એવા મોટા ભાગના અધ્યાપકો પણ જાણે આપણી વિદ્યાપીઠને પશ્ચિમની વિદ્યાપીઠ સાથે સ્પર્ધામાં ઉતારવા માંગતા હોય તેમ લાગે છે. આપણા ઉચ્ચ શિક્ષણમાં વ્યવસાયલક્ષિતા અને સંશોધન-સત્યાન્વેષણ આ બંનેનું વર્ણસંકર મિશ્રણ થયેલું જોવા મળે છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં 'પ્યોર રિસર્ચ' તરફ વળનારો વર્ગ બહુ જ નાનો છે. આમ છતાં વ્યવસાયલક્ષી અને સંશોધનલક્ષી આ બન્ને વર્ગને માટે એક જ પ્રકારની શિક્ષણવ્યવસ્થા પ્રવર્તે છે! તો આપણને પ્રશ્ન થાય છે કે ઉચ્ચ શિક્ષણ એ માત્ર આ બેનો સરવાળો જ છે? એથી વિશેષ કશું નથી?

'સર્વસામાન્ય સંસ્કૃતિ' જેવી સંજ્ઞા આજકાલ પ્રચારમાં આવેલી દેખાય છે અને એને શિક્ષણના ઉદ્દેશ તરીકે ઓળખવામાં આવે છે. પણ ભૌતિક વિજ્ઞાન કે ગણિત શીખનારો ભણેલો હોઈ શકે, સંસ્કારી પણ હોય જ એવું કહી શકાય નહિ. કોઈ 'કલ્ચર્ડ ઇન ફિઝિક્સ' એવું કહે છે ખરું? આમ છતાં સમાજમાં શણગારરૂપ ગણાય એવું નામ આપવાની આપણી નેમ લાગે છે.

# ૮

ટેકનોલોજીનો વિકાસ થતો રહ્યો છે, પણ એને સમાન્તર સાંસ્કૃતિક વિકાસ થયો નથી. આથી માનવીનો પણ એક સાધન તરીકે ઉપયોગ થવા લાગ્યો છે. પશ્ચિમમાં તો વિજ્ઞાનના વર્ચસ્ને કારણે અમુક વિશિષ્ટ પ્રકારની જીવનરીતિનો સ્વીકાર થયો છે. એને એની મર્યાદા છે. વિજ્ઞાન એ સમગ્ર સાંસ્કૃતિક વિકાસનું એક અંગ છે. એને બદલે સંસ્કૃતિ વિજ્ઞાનમૂલક હોય એવી પરિસ્થિતિ ત્યાં ઉદ્ભવી છે. આપણે ત્યાં તો વિજ્ઞાનની સાથે સાથે અન્ધશ્રદ્ધા અને પુરાણમતવાદ પણ એટલાં જ ફાલતાં રહ્યાં છે. વિજ્ઞાનનો અધ્યાપક મંતરજંતરમાં માનતો હોય તો આપણે ત્યાં એથી નવાઈ નહિ લાગે. વિજ્ઞાનના અભ્યાસથી વૈજ્ઞાનિક પદ્ધતિએ આપણે આપણું જીવન સમજ્યું કે ગોઠવ્યું નથી. આથી વિજ્ઞાનનો આપણી જીવનરીતિ પર ઝાઝો પ્રભાવ પડ્યો નથી.

હવે વ્યવસાયલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. એવા નિર્ણયના ફલિતાર્થો અને તેની ઉપપત્તિઓ તારવીને વિચારી જોઈ હોય એવું લાગતું નથી. વ્યવસાયલક્ષી શિક્ષણ માનવીને એકપરિમાણી બનાવીને જુએ છે. એની સમગ્રતાને એ લક્ષમાં લેતું નથી. આથી જીવનમાં જે સમસ્યાઓ અને વિકલ્પો ઊભા થાય તે પરત્વે તારતમ્યનો વિવેક કરવાની શક્તિ એનામાં હોતી નથી. આથી જ શિક્ષિત માનવી જીવન જીવવાની બાબતમાં અસભ્ય બર્બરની જેમ વર્તે છે. એનામાં માનવતાની ઊણપ વર્તાય છે. આંરિ મિશો જેવા કવિએ તો ચેતવણી ઉચ્ચારેલી જ છે : 'ધ બાર્બેરિયન્સ આર કમિંગ.' આજની આપણી યુનિવર્સિટીનું વાતાવરણ જોતાં આપણે ત્યાં તો અસભ્ય બર્બરો આવી પહોંચ્યા હોય એવું લાગે છે. અંગ્રેજીમાં જેને 'કલ્ચર' કહે છે તે માત્ર જીવવાનાં સાધનો કે ઓજારો

જ સપડાવે છે એવું માનવામાં આવતું નથી. 'કલ્ચર' તો જીવનની દૃઢ પીઠિકારૂપ વિચારપ્રણાલી છે.

આજના શિક્ષણમાંથી એ દૃઢ ભૂમિકા અદૃશ્ય થઈ ગઈ છે. આને કારણે કેવળ અંગત સ્વાર્થને કારણ સિદ્ધ કરવાની દક્ષતા પામનાર માનવી આજે સફળ લેખાય છે. સારાસારનો વિવેક કરનાર અને એને અંગેની વૈચારિક ભૂમિકાને સિદ્ધ કરવા મથનાર માનવીને દીર્ઘસૂત્રી અને વેદિયો કહીને એની હાંસી ઉડાવવામાં આવે છે. આજનો ઇજનેર કે દાક્તર કે વકીલ એના વ્યવસાયમાં નિષ્ણાત હશે, પણ એક વિકસિત માનવ લેખે એ અનેક રીતે ઊણો હશે. આથી જ તો ઘણા દાક્તરો માનવતા વિનાના હોય એવો આપણને અનુભવ થાય છે. ઘણા ઇજનેરો ભ્રષ્ટાચારી બનીને દેશને પારાવાર નુકસાન કરતા હોય છે. અને વકીલો તો મુકદ્દમો જીતવાને જ લક્ષ્ય ગણે છે, એમાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખવાનું એમને પરવડતું નથી. આપણે જે થવા ઇચ્છતા હોઈએ તે થવાનો આપણો વિશિષ્ટાધિકાર કોઈ નકારી કાઢતું નથી, પણ એની પૂર્વશરત એ છે કે સૌથી પહેલાં આપણે માનવ્યનો વિકાસ કરેલો હોવો જોઈએ અને માનવતાનું ગૌરવ કરવાનું આપણે અનિવાર્ય ગણ્યું હોવું જોઈએ. વાંદરાના હાથમાં અસ્ત્રો આપો તો કદાચ એ પોતાનું જ ગળું કાપે. અસંસ્કૃત માનવીના હાથમાં અણુબોમ્બ જેવું સંહારક શસ્ત્ર આવી પડતાં એણે માનવીનો જ વિનાશ કર્યો છે. આપણે જે નથી બની શક્યા તે છીએ એવું દેખાડવાનો આપણે દમ્ભ કરવો ન જોઈએ. આવો દમ્ભ કોઠે પડી ન જાય તે માટેની પ્રતિકારશક્તિ આપનાર શિક્ષણ આપણને મળ્યું હોય છે ખરું?

આથી જ તો ઓર્તેગા કહે છે કે આજની યુનિવર્સિટીને અવળસવળ કરી નાંખવાની જરૂર છે. આજે એ જેને આધારે ટકી રહે છે તેને ખસેડીને એને બીજા દૃઢ આધાર આપવાની જરૂર છે. આજે તો યુનિવર્સિટીની દશા પહેલાંના જમાનાની નગરવધૂના જેવી છે. એના પર સૌનો અધિકાર છે. ઉદ્યોગપતિઓ ઇચ્છે છે કે એમને વધુ ઉત્પાદનમાં મદદ કરે એવું શિક્ષણ પામેલા યુવાનો યુનિવર્સિટીઓએ તૈયાર કરવા જોઈએ, રાજકારણવાળા એમ ઇચ્છે છે કે ભવિષ્યના રાજકીય નેતા થવાની યોગ્યતા વિદ્યાર્થીઓને આપવી જોઈએ. ધર્મવાળાની પોતાની આગવી માંગણી છે. પણ કોઈ માનવીની સમગ્ર-

તાને ધ્યાનમાં રાખીને માંગણી કરતું નથી. અનુદાન પર નભતી પરાવલમ્બી વિદ્યાપીઠો આ બધી જુદી જુદી માગણી સંતોષવાનો પ્રયત્ન કરીને ટકી રહેવા મથે છે તે દેખીતું છે.

આજે થોડીક વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરવો જરૂરી છે. આપણે શું શીખવવું ઘટે તેનો વિચાર કરવા કરતાં આપણે શું શીખવી શકીશું તેનો વિચાર કરવો જોઈએ. આપણા બધા જ અભ્યાસક્રમો કાગળ પર તો બહુ દીપી ઊઠતા હોય છે, અને ઘણા મહત્ત્વાકાંક્ષી લાગતા હોય છે, પણ વાસ્તવિક પરિસ્થિતિ તો એ છે કે એમાંના દશમાં ભાગ જેટલું પણ સિદ્ધ થઈ શકતું નથી. શિક્ષણનું માળખું એનો વહીવટ, એનાં ધારા-ધોરણ – આ બધા પ્રપંચમાં એટલો બધો રસ આપણને પડી જાય છે કે જેને માટે આ બધું છે તે વિદ્યાર્થી જ આપણા લક્ષ્ય બહાર રહી જાય છે. આને કારણે એવું લાગે છે કે વિદ્યાર્થી જ યુનિવર્સિટીમાં સૌથી વધુ ઉપેક્ષિત છે.

સૅમ્યુઅલ બૅકેટે બે પ્રકારના અભણપણાની વાત કરી છે તે પણ અહીં સંભારવા જેવી છે. એક અભણપણું આપણે કશું શીખવાનું શરૂ કર્યું તે પહેલાંની આપણી સ્થિતિ છે, પણ બીજું અભણપણું તો આપણે ભણી રહીએ પછી શરૂ થાય છે. આપણા દેશમાં આ બીજા અભણપણાને દૂર કરવા માટે યુનિવર્સિટીએ પ્રયત્નો કરવાના છે. આપણા જાણીતા કલાવિદ આનન્દ કુમારસ્વામીએ આ વાત ઘણાં વર્ષો પહેલાં, બીજી રીતે કરી હતી. એમણે કહ્યું હતું કે આપણાં દેશની સમસ્યા તે અભણ લોકોનું અભણપણું નથી, પણ ભણેલાઓનું અભણપણું છે. આ અભણપણું એમને એકપરિમાણી બનાવી દે છે. સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ એમના લક્ષ બહાર રહી જાય છે. માનવી એકબીજાને અંગત સ્વાર્થની ભૂમિકા પર જ મળતો હોય તો સંઘર્ષની શક્યતા જ વધારે રહે તે દીખીતું છે. આજે તો સંઘર્ષ જ આપણી જીવનરીતિ બની રહે છે. આ સંઘર્ષ જ આપણી વિવેકબુદ્ધિને ડહોળી નાખે છે, એથી નિર્ણયો કરવાના પરિપ્રેક્ષ્યને આપણે પામી શકતા નથી.

# ૧૦

આપણે જેને યુવાનોની ‘નવી પેઢી’ કહીએ છીએ તે વાસ્તવમાં શું છે? એ માત્ર છાપાળવો શબ્દપ્રયોગ જ છે? અમુક વયના કે અમુક પ્રકારનાં કપડાં પહેરનારા કે અમુક પ્રકારની હેરસ્ટાઈલ રાખનારા નવી પેઢીના લોકો છે? પણ આવાં વર્ણનો જાહેરખબરવાળાને કે કપડાં બનાવનારાને શોભે. આપણે વખાણવા માટે કે નિંદા કરવા માટે ‘નવી પેઢી’નો ઉલ્લેખ કરતા હોઈએ છીએ ત્યારે ખરેખર આપણે એ સંજ્ઞાથી શું સમજતા હોઈએ છીએ? સામાજિક દૃષ્ટિએ આ પેઢી એવાં લક્ષણો ધરાવે છે ખરી કે જેથી એનું મહત્ત્વ સ્વીકારવું જ પડે? એ નવી પેઢીના સભ્ય થવા માટે કઈ વિચારસરણીને સ્વીકારવાની રહે કે પછી કશી ગમ્ભીર વિચારસરણીની વિડમ્બના એ જ નવી પેઢીનું લક્ષણ છે?

સામાન્યતઃ કોઈ એક જૂથનો આપણે વિચાર કરતા હોઈએ છીએ, ત્યારે એ જૂથની વિચારસરણી અથવા જીવનદૃષ્ટિના પાંચ ઘટકો હોય છે. એમાં થયેલાં પરિવર્તનોની એમાં નોંધ લેવાઈ હોય છે, સંસ્કૃતિની વર્તમાન પરિસ્થિતિની એ આલોચના કરે છે, વર્તમાન સંસ્કૃતિને સ્થાને તે પોતાને અભિમત એવી આદર્શ સંસ્કૃતિની કલ્પના રજૂ કરે છે. સાંસ્કૃતિક પરિવર્તન શી રીતે કરવું એની પદ્ધતિ એણે વિચારી હોય છે.

આજે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ વિરોધ કે વિદ્રોહના વિધિઓનું પ્રદર્શન કરતા હોય છે. એની પાછળ આવી કશી વૈચારિક ભૂમિકા હશે કે કેમ એ વિશે ઘણાના મનમાં શંકા રહે છે, એ એક પ્રકારનો માનસિક આવેગ કે ભાવદશા છે, ગમ્ભીર પર્યેષણા નથી એવું ઘણાને લાગે છે. જો આવી સ્વીકૃત કે વૈચારિક ભૂમિકા કે કાર્યક્રમ હોતા નથી તો એ જૂથને જોડી રાખનારું તત્ત્વ હોતું નથી. આથી એ જૂથને ‘નવી પેઢી’ને નામે ઓળખાવી શકાય

નહિ. કામચલાઉ પ્રયોજનને માટે તત્પૂરતા તો ઘણા ભેગા થાય છે ને પ્રયોજન સિદ્ધ થયા પછી સૌ પોતપોતાના માર્ગે ચાલ્યા જાય છે. સમય એક એવી જ્વાલા છે જે જોતજોતાંમાં બધું ભસ્મીભૂત કરી નાખે છે. એવું બને તે પહેલાં ભૂતકાળના ટકાવી રાખવા જેવા અંશનો આપણે ઉદ્ધાર કરી લીધો હોવો જોઈએ. બધું જ કાળના ખપ્પરમાં હોમી દેવા જેવું હોય છે એવું તો માની શકાય નહિ. આ શું છે તે વિચારવું ઘટે. એને માટે બૌદ્ધિક ઊહાપોહ નવી પેઢીમાં ચાલ્યા કરતો હોવો જોઈએ, વિચાર-વિનિમય સતત થયા કરતો હોવો જોઈએ, અર્થપૂર્ણ સંવાદની ભૂમિકા રચાઈ હોવી જોઈએ.

આપણી સંસ્કૃતિમાં કેટલું જીર્ણ અને વર્જ્ય બન્યું છે, કેટલાનું સંવર્ધન કરવાનું છે, અને કેટલાનો પરિહાર કરવાનો છે એ વિચારવાનું રહે છે. 'સંસ્કૃતિ' અને 'સભ્યતા' એ બે સંજ્ઞાઓનો આવી વિચારણામાં વ્યવહાર થતો રહ્યો છે. પણ એ બન્નેના સંકેત વિશે કશી સ્પષ્ટ સમજ પ્રવર્તતી હોય એવું લાગતું નથી. એને વિશેની કેટલીક જાણીતી વ્યાખ્યાઓમાં મોટે ભાગે અતિવ્યાપ્તિનો દોષ રહ્યો હોય છે. આ સંજ્ઞાની ઘણી અર્થચ્છાયાઓ છે અને જુદા જુદા સન્દર્ભમાં આ જુદી જુદી અર્થચ્છાયાઓ પ્રવર્તતી આપણે જોઈએ છીએ. આમ છતાં એ વિશેની સર્વસામાન્ય સમજૂતીનો અભાવ હોતો નથી તેથી જ તો હજી આપણે સંસ્કૃતિ, સાંસ્કૃતિક પરિવેશ અને સાંસ્કૃતિક મૂલ્યની વાત કરતા હોઈએ છીએ.

અમુક એક સમાજ કયાં સાંસ્કૃતિક મૂલ્યોને ઉચ્ચતાના કયા ક્રમે સ્વીકારે છે તે જોવું જરૂરી બની રહે છે. રાષ્ટ્રને માટે શહાદત વહોરનારા જુવાનો આપણે ત્યાં હતા. હવે સહેજ-સરખા પશુસુખ માટે, ધનપ્રાપ્તિ માટે, રાષ્ટ્રને ક્ષણ વારમાં હંમેશને માટે છોડી જનારા જુવાનોની સંખ્યા વધતી જાય છે. ધર્મ કે ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યે નવી પેઢીને ખાસ કશું આકર્ષણ નથી. તો આઠવલે શાસ્ત્રીએ યોજેલા કાર્યક્રમો અને સરઘસોમાં મોટી સંખ્યામાં જુવાનોને જતા જોઈએ છીએ.

આ મૂલ્યોની પણ ચઢતીઊતરતી શ્રેણી છે. કેટલાંક મૂલ્યો બીજાં મૂલ્યો સિદ્ધ કરવાને માટેનાં સાધનરૂપ હોય છે. તો કેટલાંક મૂલ્યો આત્યન્તિક સ્વરૂપમાં હોય છે. આજે ઘણી જગ્યાએથી મૂલ્યબોધ ડહોળાઈ ગયાની કે મૂલ્યહ્રાસની ફરિયાદ થતી સાંભળીએ છીએ. મૂલ્યો આત્યન્તિક સ્વરૂપનાં હોઈ જ ન શકે. બદલાતા માનવસન્દર્ભ અનુસાર એનું

સ્વરૂપ બદલાતું રહે છે એમ પણ કહેવાય છે. મૂલ્ય વ્યવહારમાં સિદ્ધ કરવાનું રહે છે. પરમ્પરા પાસેથી શ્રદ્ધાથી સ્વીકારવાનું હોતું નથી એવું આજે જોરશોરથી કહેવાઈ રહ્યું છે. વાસ્તવમાં મોટા ભાગના જુવાનો સંસ્કૃતિ જેવી કશી અલાબલા વિના જ જીવતા હોય છે. જીવવાની ટેવના ધક્કાથી જ એઓ આગળ વધતા હોય છે, જ્યારે જે કરવાથી લાભ થાય તે કરવું એટલી સાદી એમની મૂલ્ય વિશેની સમજ હોય છે. આજે તો પોતાની માતૃ-ભાષાને જ બરાબર ન જાણનારો અને એ બદલ ગૌરવ અનુભવનારો એક વર્ગ ઊભો થતો જાય છે. આથી ભાષા આપણને સાંકળનારું તત્ત્વ છે એવું પણ કહી શકાશે નહિ.

બધાથી નોખા પડવું, વેગળા રહેવું એમાં જે ખુમારીની જરૂર પડે છે તે કદાચ આજના જુવાનમાં નથી. ટોળામાં જ એ સાહસિક બને છે, કારણ કે ત્યારે એને પકડાઈ જવાનો ભય રહેતો નથી. વાસ્તવમાં સ્વતન્ત્રતાનો એને મન ઝાઝો અર્થ નથી. કારણ કે સૌ પ્રથમ એ સહીસલામતી શોધે છે. બીજા નવ જે કરે છે તે એ કરે છે ને એ બધાની સાથે જ છે, નોખો નથી એવી લાગણી ઉત્પન્ન કરે છે. આ એના વ્યવહારમાં તરત જ પરખાઈ આવે છે. એનો પોષાક, એની બોલવાચાલવાની રીત, એના મનોરંજન મેળવવાના માર્ગો – એ બધામાં એ પોતાના જૂથને વફાદાર રહે છે. એમાં જુદા તરી આવવાનું જોખમ એ ખેડવા તૈયાર નથી.

સંસ્કૃત સાથેનો આપણો વિચ્છેદ હવે લગભગ પૂરેપૂરો થઈ ચૂક્યો છે. આથી એ ભાષા દ્વારા સંસ્કૃતિની જે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ અને સચવાઈ તે હવે આજના મોટા ભાગના જુવાનો માટે દુષ્પ્રાપ્ય છે. પશ્ચિમમાં જ શિક્ષણ પામેલા અને એક્કેય ભારતીય ભાષા નહિ જાણનારા શ્રી અરવંદિ ઘોષે વડોદરામાં આવીને સંસ્કૃત શીખી લીધું અને છ મહિ-નામાં કાલિદાસના 'વિક્રમોર્વશીયમ્'નો અનુવાદ પણ 'ધી હિરો એન્ડ ધી નીમ્ફ'ને નામે કર્યો. સંસ્કૃત દ્વારા એઓ ભગવદ્ગીતા અને પાંતજલ યોગસૂત્ર સુધી પહોંચી શક્યા અને પૂર્ણયોગની પોતાની વિભાવના રજૂ કરી શક્યા. આજે જીવવું તે માત્ર એક પ્રકા-રની ઘટમાળ જેવું બની રહ્યું છે. કશા લોકોત્તર પુરુષાર્થની મહત્ત્વાકાંક્ષા જુવાનોમાં નથી. આથી જ યુનિવર્સિટી કેમ્પસમાં યેનકેન પ્રકારેણ ચૂંટણી જીતનારો, પરીક્ષા મોકૂફ રખા-વનારો, નાના નાના લાભ મેળવી આપનારો વિદ્યાર્થી જેટલો પ્રિય છે તેટલો કોઈ વિદ્યા-વ્યાસંગી કે અભ્યાસમાં ક્ષેત્રના કશી અસાધારણ સિદ્ધિ મેળનારો વિદ્યાર્થી નથી.

યુવાનોનો અજંપો ભારતમાં જ છે એવું નથી, એ એક જાગતિક ઘટના છે. વિકસેલા દેશોમાં પણ યુવાનો તોફાને ચઢે છે, વિદ્રોહ કરે છે. હાર્વર્ડ જેવી યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓએ ભાંગફોડ કરી હતી. ભારત જેવા વિકાસશીલ દેશમાં તો વિદ્યાર્થીઓને મળતી અપૂરતી સગવડો, ભણી રહ્યા પછી બેકારીનો સામનો કરવો પડે એવી પરિ-સ્થિતિ, સામાજિક રૂઢિ સામેનો વિરોધ – આમ ઘણાં કારણો અજંપા માટે હોઈ શકે. કથળતી જતી અર્થવ્યવસ્થા પરત્વેનો અસન્તોષ પણ એનું કારણ હોઈ શકે. ચોથા મહત્ત્વના બળ લેખે યુવાનોને પોરસાવ્યા કરવાનું વલણ પણ, ખાસ કરીને, રાજકીય પક્ષો દાખવે છે.

એ જે હોય તે, પચાસના ગાળામાં જેને 'સાયલેન્ટ જનરેશન' કહેતા હતા તે હવે વિરોધ કરવામાં વાચાળ અને સક્રિય બની છે એટલું નક્કી. આ જુવાનો જોતજોતામાં દંગલ ઊભું કરી દે છે, એ લોકો સ્વસ્થતાથી બુદ્ધિપૂર્વક દલીલ કરવામાં માનતા નથી, નારા ગજાવ-વામાં માને છે, એમના રોષને ભડકી ઊઠતાં વાર લાગતી નથી. આ દોષ હિંસાનું સ્વરૂપ પણ લે છે. એ લોકોને એમ લાગે છે કે વડીલોની પેઢીએ એમની સામે કાવતરું યોજ્યું છે. શિક્ષણસંસ્થાના વહીવટકર્તાઓ મોટે ભાગે આવા વિદ્યાર્થીઓ આગળ નમતું જોખે છે, અથવા તો પોલીસની કુમક બોલાવીને મામલાને વધુ વણસાવે છે. કેટલાક વિદ્યાર્થીઓને 'પીનહેડેડ ઇન્ટેલેકચ્યુઅલ્સ' કહીને ભાંડે છે. એમનામાં ટાંકણીનાં ટોચકાં જેટલી જ બુદ્ધિ છે એમ કહીને વિદ્યાર્થીઓને બુદ્ધિમત્તા વિરુદ્ધ જ ઉશ્કેરી મૂકવા જેવું કરે છે. કેટલીક વાર એને 'ઇડિપલ રિબેલિયન' જેવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આમ માનનારા કહે છે કે જુવાનોને, એમને અણગમતું જે કાંઈ બને છે તે માટે, વડીલો જ જવાબદાર લાગે છે. એમના પર જ એઓ બધો દોષ ઢોળી દે છે. વડીલોના શાસનને એઓ સ્વીકારતા નથી. આ એક જાતનો અન્ધ અને અસંપ્રજ્ઞાત એવો આવેગ છે. એનાં મૂળ બાળપણની કેટ-લીક પરિસ્થિતિઓમાં રહ્યાં હોય એમ બને. દોસ્તોએવ્સ્કીએ 'બ્રધર્સ કારામઝોવ'માં કહ્યું છે તેમ દરેક પુત્રને જીવનમાં એક વાર તો પિતાની હત્યા કરવાની પ્રબળ ઉત્તેજના થતી હોય છે.

આ આવેગને આદર્શવાદી લેબલ ચોંટાડીને ઓળખાવવામાં આવે છે. આ વિધ્વંસકતા આત્મવિધ્વંસક નથી હોતી એવુંયે નથી. આ રીતે આ ઘટનાને સમજાવવામાં આપણે જે

મનોવૈજ્ઞાનિક કારણો આપીએ છીએ તે કેટલે અંશે સાચાં છે? ઇડિપસ કોમ્પ્લેક્સ તો થોડે ઘણે અંશે દરેક બાળકમાં હોય જ છે, તો પછી વિદ્યાર્થીઓનાં આન્દોલનો પાછળ પણ એ જ કામ કરે છે એમ કહેવું તે તો 'દરેક બાળક ચાલતાં શીખે છે' એમ કહેવા બરાબર છે. જો એના જેવી આ સાર્વત્રિક ઘટના હોય તો અમુક તબક્કે જ વિદ્યાર્થીઓ ચળવ-ળિયા બને છે, બાકીના સમયમાં એઓ શાન્ત હોય છે, એ હકીકતને શી રીતે સમજાવી-શું? વળી તોફાનો જગાવનાર અને એની સરદારી લેનાર તો અમુક જ વિદ્યાર્થીઓ હોય છે. બાકીના તો એમને કેવળ અનુસરનારા હોય છે. આ આપણે શી રીતે સમજાવીશું? આ તોફાન કરનારા મોટે ભાગે ઉપલા મધ્યમ વર્ગના કે સાધનસમ્પન્ન વર્ગના જુવાનો હોય છે. એમને ભણીને તરત વ્યવસાય શોધવાનો હોતો નથી. એકાદ-બે વર્ષ બગડે તે એમને પરવડતું હોય છે. વળી આ વિદ્યાર્થી-ચળવળિયાઓનો એમનાં માતાપિતા સાથેનો સમ્બન્ધ સંઘર્ષપૂર્ણ હોતો નથી. એથી ઊલટું, પોતાનાં સન્તાનોમાં નેતાગીરીનાં લક્ષણો જોઈને, એ લોકો તો એમને પોરસાવતા હોય છે.

પરદેશમાં આ આન્દોલન કરનારા વિદ્યાર્થીઓનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ થયો છે. એ વિદ્યાર્થીઓ મોટે ભાગે કોઈ પ્રકારની મનોરુગ્ણતા કે ન્યુરોસિસથી પીડાતા હોય એવા જણાયા નથી. માત્ર એમનામાં 'જનરેશન સોલિડારિટી' હોય છે. આનું બીજું મહત્ત્વનું કારણ તે પોતાની ઉપેક્ષા થઈ રહી છે, પોતાનું કુટુમ્બમાં, સમાજમાં કે વિદ્યાપીઠમાં, કોઈ મહત્ત્વ નથી એવી જુવાનોમાં પ્રવર્તતી પ્રબળ લાગણી છે. આ ઉપરાંત આન્દોલનોની પાછળ રોમેન્ટિક અભિનિવેશ પણ કામ કરતો હોય છે. આ દૃષ્ટિએ જોતાં આવાં આન્દો-લનોનાં કારણો મનોવૈજ્ઞાનિક નહિ પણ સામાજિક હોવાનો વધુ સમ્ભવ છે. ઔદ્યોગિક ક્રાન્તિ પછીની સામાજિક પરિસ્થિતિમાં થયેલું પરિવર્તન આને માટે જવાબદાર છે. આથી આ આન્દોલન એ એક પ્રતિક્રિયા છે, 'કાઉન્ટર રેવોલ્યુશન' છે. ડેનિયલ બેબે કહ્યું છે તેમ એ એક પ્રકારની નપુંસકતા અને વન્ધ્ય ક્રોધમાંથી ઉદ્ભવેલો રોમેન્ટિક અભિનિવેશ છે.

હવે આપણે ઝડપથી ટેકનોક્રસીના વર્ચસ્વાળા તબક્કા તરફ ધકેલાઈ રહ્યા છીએ. એમાં સાચું પ્રભુત્વ કોમ્પ્યુટર નિષ્ણાતોનું અને 'ટેક્નોબ્યુરોક્રેટ'નું હશે. આવા જગતમાં માન-વતાવાદ કે રોમેન્ટિસિઝમને કેટલું સ્થાન રહેશે? આ કદાચ વાસી થઈ ચૂકેલાં મૂલ્યો

લેખાશે. આ વિદ્રોહ કરનારાના મનમાં એવી લાગણી હોય છે કે પોતે પણ નષ્ટ થવા આવેલા સમાજના છેલ્લા અવશેષો જેવા છે. યન્ત્રો આવતાં શ્રમિકોએ એની સામે રોષ પ્રગટ કરીને તોડફોડ કરેલી તેના જેવી આ પરિસ્થિતિ છે.

આમ માનવું પણ પૂરેપૂરું સાચું નથી. ભાવિનો નિર્ધાર ટેકનોલોજીથી જ થવાનો છે એવું ગૃહીત એની પાછળ રહ્યું છે, જે પૂરેપૂરું સ્વીકારી શકાય તેમ નથી. આન્દોલન કરનારા વિદ્યાર્થીઓ એમને આ ટેકનોલોજીથી નિયન્ત્રિત સમાજમાં કશો આદર, કશી સત્તા કે કશો લાભ મળવાનો નથી એવી લાગણીને કારણે બળવો કરવા પ્રેરાય છે. ભાવિ આ રીતે નિર્ધારિત થઈ ચૂક્યું છે એ એકદમ સ્વીકાર્ય બની શકે એમ નથી. વિદ્યાર્થીઓ આ જાણી ચૂક્યા છે એવું પણ નથી. આપણે ત્યાં હજી એમનામાં પોતાની પરિસ્થિતિ વિષે ભયંકર અજ્ઞાન પ્રવર્તે છે. ભવિષ્યમાં માનવજીવન કેવું હશે, સામાજિક અને રાજકીય સંસ્થાઓનાં ઘડતર કેવાં હશે એ વિશેની આગાહીઓ મોટા ભાગે સાચી પડતી નથી. માનવી જ એના ભાવિનો સાચો વિઘાતક અને નિર્ણાયક છે. ટેકનોલોજી માનવી પર કે તેના ઇતિહાસ પર અનિવાર્યતયા પ્રભુત્વ ધરાવે એવું નથી, અમુક વિશિષ્ટ સમસ્યાઓ પરત્વે વૈજ્ઞાનિક સૂઝનો વિનિયોગ કરવાની એ અનુકૂળતા ઊભી કરી આપે છે એટલું જ. માનવી એનું નિયન્ત્રણ કરીને એનો વિનિયોગ કરે અથવા તો એનાથી નિયન્ત્રિત થઈને એના વડે વપરાય. આમ આન્દોલન કરનારાઓ માનવસન્દર્ભની પૂરી અભિજ્ઞતા કેળ-વીને એવું કરતા હોય છે એવું પણ નથી.

# ૧૧

દરેક ક્રાન્તિના મૂળમાં એક વિરોધાભાસ રહેલો છે. આપણે સામાન્ય રીતે એમ માનીએ છીએ કે એ જૂનાને ઉથાપીને એને સ્થાને કશાંક નવીનને સ્થાપવા માંગે છે. વાસ્તવમાં ઘણી વાર તો જૂનાં મૂલ્યોની ઉપેક્ષા થતી હોય છે, એ મૂલ્યોની પુન:સ્થાપના માટે ક્રાન્તિ થતી હોય છે. ફ્રાન્સની ક્રાન્તિની પાછળ રહેલા આદર્શોનાં મૂળ પ્રાચીન કાળના એથેન્સ-માં રહેલાં જોવામાં આવશે. નવા આદર્શોનો એકાએક આવિર્ભાવ થાય છે તેથી ક્રાન્તિ થાય છે એવું હંમેશાં બનતું નથી. એથી ઊલટું, નવી પેઢી જૂનાં મૂલ્યોને ગમ્ભીરતાથી લેવા માંગતી હોય છે. એનો બળવો એ મૂલ્યો પરત્વેના જૂની પેઢીના વલણ સામે હોય છે. આ મૂલ્યોના સૈદ્ધાન્તિક ઊહાપોહમાં માત્ર એને રસ નથી, એ મૂલ્યોને રાજકારણમાં તથા સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં ચરિતાર્થ થતા જોવામાં એમને રસ છે. માનવતાવાદી દૃષ્ટિકોણ, માનવજીવનની ચરિતાર્થતા તથા અભિવ્યક્તિથી સમૃદ્ધ, કલ્પનાપ્રવણ અને ઉત્કટ ભાવાવેશપૂર્ણ જીવન જીવવાનું રોમાંચક વલણ નવી પેઢી દાખવે છે. એ લાખ્ખો વિદ્યાર્થીઓનો આદર્શ બની રહે છે. આથી આ મૂલ્યોને સ્વીકારનાર વિદ્યાર્થીઓને પ્રતિ-ક્રાન્તિકારી કહી દેવાશે નહિ.

આજનો વિદ્યાર્થી ટેક્નોલોજીનો વિરોધી છે. એવું કહી શકાશે નહિ. એનો વિરોધ કરવાને જરૂર એવી જાણકારીની ભૂમિકા એની પાસે છે ખરી? ‘હાઇ ટેક્નોલોજી’ને મોટા ભાગનો સમાજ કશા પ્રશ્ન પૂછ્યા વિના, સ્વીકારી લેતો દેખાય છે. એ વિશે ઝાઝી ચિન્તામાં કોઈ પડતું હોય એવું લાગતું નથી. પણ ટેક્નોલોજી જ એક માત્ર આરાધ્ય છે એવી માન્યતા સામે વિરોધ છે ખરો. લોકોને ટેક્નોલોજીની વ્યવસ્થામાંના ‘ઇનપુટ’ અને

'આઉટપુટ' તરીકે જોવામાં આવે એની સામે વિરોધ છે. ટેક્નોલોજીના કાર્યક્રમોમાં માનવીને ગૌણભાવે જોવામાં આવે એની સામે વિરોધ છે જ. વિદ્યાર્થીઓનું અલ્પસંખ્ય જૂથ જ વિરોધ અને વિદ્રોહનો આરમ્ભ કરે છે. બાકીના બીજા તો ભાઈચારાની ભાવનાને વશ થઈને, કશીક આત્મપ્રતીતિથી નહિ પણ વફાદારીની ભાવનાથી, એમાં તણાતા હોય છે. ટેક્નોલોજીને પ્રધાન સ્થાન આપનારો સમાજ ભવિષ્યમાં કઈ દિશા લે છે, તે પરત્વે જ એમને મતભેદ અને વિરોધ છે. ટેક્નોલોજી સામે એમને વિરોધ હોય એવું દેખાતું નથી.

વિદ્યાર્થીઓના વિરોધને કેવળ જૂની પેઢી સામેના બળવારૂપે કે પોતાને નિરર્થક બનાવનાર સમાજ સામેના વિદ્રોહરૂપે જ જોવાનું ભૂલભરેલું લેખાશે. અત્યારે જે વિરોધના ઉપચારો તથા આન્દોલનો થઈ રહ્યાં છે તેને સમજાવવા માટે આટલું પૂરતું નથી. યુવાનોનો સામાજિક સંસ્થા પરત્વેનો અભિગમ કેવો છે, એ સંસ્થાઓની પ્રવૃત્તિમાં એઓ સક્રિય રીતે સંલગ્ન છે કે નહિ, તેનો પણ વિચાર કરવો જોઈએ. એના બૌદ્ધિક, નૈતિક તેમ જ ઊમિર્ગત વિકાસ માટે સમાજ કેવીક તકો ઊભી કરે છે? આ બાબતમાં જ, ખાસ કરીને પછાત દેશોમાં, ઊંડો અસન્તોષ પ્રવતી રહ્યો હોય એવું લાગે છે.

પહેલાના જમાનામાં શૈશવ પૂરું થતાંની સાથે જ માનવી મોટેરાંઓના સમાજમાં ભળી જતો. છ સાત વર્ષની વય વટાવ્યા પછી એને કિશોરાવસ્થા જેવું કશું હતું જ નહિ. આથી એઓ મોટી વયનાઓ જે કરે તેમાં જોડાઈ જતા. પાછળથી કિશોરાવસ્થાનો જીવનની એક આગવી અવસ્થા તરીકે સ્વીકાર થયો. આ હકીકત તરફ ફિલિપ એરિસે એમના પુસ્તક 'સેન્ચ્યુરીઝ ઓવ ચાઇલ્ડહુડ'માં ધ્યાન ખેંચ્યું છે. પ્રાથમિક શિક્ષણનો પ્રારમ્ભ આમ ઘણો મોડો થયો. એ જ રીતે વય:સન્ધિની અવસ્થાનો સ્વીકાર પણ ઘણો મોડો થયો.

ઔદ્યોગિક ક્રાન્તિ પછીના સુસંપન્ન સમાજમાં કિશોરને તરત જ આજીવિકા રળવામાં જોતરી દેવાની જરૂર રહી નથી. આથી માધ્યમિક શિક્ષણનો અને ઉચ્ચ શિક્ષણનો પ્રારમ્ભ થયો. સમાજની વ્યાવસાયિક અને મનોવૈજ્ઞાનિક આવશ્યકતાઓમાંથી પણ આ પરિસ્થિતિ ઊભી થઈ. એને ઊંચા સ્તરની કેળવણીની જરૂર હતી. સમાજ જીવનના તબક્કાઓ જે રીતે નક્કી કરે છે તેને કેળવણીના તબક્કાઓ સાથે મહત્ત્વનો સમ્બન્ધ છે.

વળી આપણે આપણી અર્થવ્યવસ્થા, રાજકારણ અને સામાજિક લાક્ષણિકતાને કેવે સ્વ-રૂપે જોતા હોઈએ છીએ તેની સાથે આપણો નિકટનો સમ્બન્ધ છે.

આ ઉપરાંત, આજના સમાજમાં, યુવાવસ્થાનો એક આગવા તબક્કા રૂપે સ્વીકાર થયેલો દેખાય છે. આ અવસ્થામાં પણ માનવી સીધો સમાજના વ્યાવસાયિક ક્ષેત્ર સાથે સંલગ્ન થઈને રહેતો નથી. વય:સન્ધિ અને પુખ્તતા વચ્ચેના આ તબક્કાનો સ્વીકાર એ માન-વીના વિકાસમાં એક મહત્ત્વની ઘટના છે. આપણાથી થોડેક જ છેટે રહેનારા, આદિવા-સીઓના સમાજમાં કે વસવાટોમાં, આ તબક્કાઓનો સ્વીકાર આજે પણ થયેલો દેખાશે નહિ.

આ અવસ્થા વીસથી ત્રીસ સુધી આજે તો લંબાતી હોય છે. એ દરમિયાન બૌદ્ધિક, નૈતિક અને ઊમિર્ગત વિકાસને માટેની તકો એને ઉપલબ્ધ કરવામાં આવી છે. આજના યુવાનોના વિદ્રોહને આ ઐતિહાસિક સન્દર્ભમાં આપણે જોવો જોઈએ. આ અવસ્થા દરમિયાન જ યુવાન કોલેજ કે યુનિવર્સિટીમાં જતો હોય છે, અને વિકાસ માટે આ અનુ-કૂળ પરિસ્થિતિ છે એવું સામાન્યપણે સ્વીકારવામાં કોઈને કશો વાંધો હોય નહીં. એ દરમિયાન જ એને એવી સજ્જતા પ્રાપ્ત થાય છે જેથી એ ભૂતકાળનાં ગૃહીતોને, એની વિવેક-પૂર્વકની આલોચના કર્યા વિના, યથાતથ સ્વીકારી લેતો નથી. એ દરમિયાન જ બાળપણમાં એ અજ્ઞાતથી જે રૂઢિ અને વહેમને અને કુસંસ્કારને વશ થયો હતો તેનાથી છૂટવાની તક મેળવે છે. એ દરમિયાન જ એ પોતાની લાગણીને વધારે નિખાલસતા અને આત્મવિશ્વાસથી પ્રકટ કરવાનું શીખે છે અને એ દરમિયાન જ એ પોતાના પર પ્રભુત્વ ધરાવનારાઓએ લાદેલાં કેટલાંક, બુદ્ધિને અસંગત એવાં, બંધનોમાંથી છૂટવાનું શીખે છે. આનો અર્થ એ નથી કે બધા જ વિદ્યાથીઓ આ કરી શકે છે, પણ એ સહુને એમ કરવાની તક મળે છે એમ તો કહેવું જોઈએ. આ અવસ્થામાં પણ આપણા દેશમાં ઘણાં વિદ્યા-થીઓ અવિવેકી, બુદ્ધિને અસંગત, જડ રૂઢિ અને કુસંસ્કારથી દોરવાતું, તથા વડીલોના પ્રભુત્વમાં વિશ્વાસ મૂકીને જીવાતું, જીવન જીવતાં દેખાય છે. એટલે અંશે સાચા અર્થમાં શિક્ષણ એમના સુધી પહોંચ્યું નથી એમ જ કહેવું રહ્યું. વિદ્યાપીઠો આપણી અર્થવ્યવ-સ્થાને ટકાવી રાખવા માટેના દક્ષ શ્રમિકો જ તેયાર કરે છે એવું નથી, થોડી સંખ્યામાં એ વિવેકશક્તિ કેળવીને બધું જ આલોચનાત્મક રીતે તપાસીને પછી જ સ્વીકારનારા એવા

જાગૃત નાગરિકોને પણ તૈયાર કરે છે. આ અલ્પસંખ્ય જુવાનો, બીજાઓ જ્યાં પોતાના વધુ વિકાસને છોડી દે છે, ત્યાંથી પોતાના વધુ વિકાસને આગળ ચાલુ રાખે છે. આમ શિક્ષણ, ક્રમિક રીતે સતત ચાલ્યા કરતા, માનવીના વિકાસની ભૂમિકા રચી આપે છે અને સજ્જતા કેળવવામાં સહાયક નીવડે છે. આ અર્થમાં આપણે ત્યાં શિક્ષણ સફળ નીવડ્યું છે ખરું? એ અંગે યુવાન પેઢીને અસન્તોષ હોઈ શકે.

# ૧૨

સમાજમાં મૂલ્યબોધ અને મૂલ્ય-પ્રતીતિ પરત્વે આવી વ્યામોહની સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે વડીલ વર્ગ એની નૈતિક સાભિપ્રાયતા ગુમાવી બેસે છે. વડીલવર્ગ યુવાનો પાસે નીતિનો આગ્રહ રખાવે કે એના વર્તન પર અંકુશ મૂકવાનો પ્રયત્ન કરે તો યુવાનો એને દમન ગણીને એની સામે થાય છે, આવી વફાદારી, સંયમ, નમ્રતા કે સ્થાપિત મૂલ્યો પરત્વે તત્સમ વૃત્તિ કેળવી એમને સ્વીકારી લેવાનો આગ્રહ તરત જ એની પ્રતિક્રિયા રૂપે વિરોધ અને વિદ્રોહ ઊભા કરે છે. વિદ્યાપીઠના વડાનો આદેશ હવે સાંખી લેવા-માં આવતો નથી, એને તરત જ સરમુખત્યારશાહી વલણ તરીકે ઓળખાવવામાં આવે છે અને લોકશાહીનાં મૂલ્યોને નામે એનો વિરોધ કરવામાં આવે છે. વિદ્યાપીઠ અંગેના એમના નિર્ણયોમાં પણ વિદ્યાથીઓની સમ્મતિ હોવી જોઈએ એવો આગ્રહ રાખીને સૅને-ટમાં વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ સ્વીકારવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને હવે શાસક કે સત્તાધીશ નામે ખોટી રીતે પોતાનાં મત કે નીતિને ઠોકી બેસાડનારા લાગે છે. આથી એનું પ્રભુત્વ હવે એ સાંખી લેવા તૈયાર નથી. આથી જ આજે વિદ્યાથીઓમાં એમનું દમન થઈ રહ્યાની અને રૂંધામણની લાગણી પ્રવર્તે છે. જે સમાજ પાસે સ્પષ્ટ નૈતિક સૂઝ નથી, અને એવી સૂઝથી નિયન્ત્રિત થતો આચાર નથી તેનો આદેશ શા માટે સ્વીકારવો? એનો અનાદર કરવો એ જ જાણે નવી પેઢીની ફરજ થઈ પડે છે.

સમાજમાં આવી સ્ફોટક પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે કોઈ મોટી સમસ્યા કે મહત્ત્વના પ્રશ્નોના નિરાકરણ માટે આન્દોલન જગાડવાની વાત રહેતી જ નથી. એને માટે તો ગમે તેવું નિમિત્ત ચાલી શકે. ઘણી વાર સમસ્યા નાની હોય છે અને આન્દોલન એનાથી વ્ય-

સ્ત પરિમાણનું હોય છે. વિદ્યાપીઠોમાં આજે જ ભ્રષ્ટાચાર પેઠો છે એવું નથી, પણ એ પરિસ્થિતિને પોતાના હેતુ માટે વાપરવાની રીત હવે દેખાવા લાગી છે. પછાત વર્ગની ઉન્નતિ માટે પ્રયત્નો વધુ પ્રમાણમાં થઈ રહ્યા છે, નાત-જાતને કારણે ઊભાં થતાં ધોરણો હવે ખાસ રહ્યાં નથી. તેમ છતાં એને જ નિમિત્ત બનાવીને, જાણે આદર્શ સમાજવ્યવ-સ્થા ઊભી કરવા માટે અને અનિષ્ટોને દૂર કરવા માટે જ ધર્મયુદ્ધ આરમ્ભાયું હોય એવો દેખાવ આન્દોલનકારો કરતા હોય છે અને નીતિથી ક્રમશઃ વિમુખ થતા જતા સમાજમાં નીતિનો આગ્રહ રાખવાના આદર્શવાદી વલણને એઓ અપનાવતા હોય એવો દેખાવ કરે છે.

સાચી વાત એ છે કે ભૂતકાળમાં જેનું નિરાકરણ નહોતું થઈ શક્યું એવી ઘણી સમસ્યા-ઓનું નિરાકરણ આજે શક્ય બનતું દેખાય છે; તેથી જ વિદ્યાર્થી એને કલ્પેલી, ઊભી કરેલી કે વાસ્તવિક સમસ્યાઓનું નિરાકરણ કરવાના પ્રયત્નો નથી થતા દેખાતા ત્યારે પુણ્યપ્રકોપથી ભભૂકી ઊઠે છે. હવે એનાં નવાં લક્ષ્યો નક્કી કરવા માંગે છે. જે જૂનું છે તેને સ્થાને નવીનની સ્થાપના કરવા માટેનું ઉદ્દામવાદી વલણ અખત્યાર કરતા દેખાય છે.

આજે વિદ્યાપીઠના ક્ષેત્રમાં એક સાથે બે જુદી જુદી ક્રાન્તિઓ ચાલી રહી હોય એવું લાગે છે. એ બન્નેનાં ઉદ્ભવસ્થાનો જુદાં છે. એ પૈકીની એક તે આપણને પરિચિત ઔદ્યોગિક ક્રાન્તિ, છે, એ હજી પૂરી થઈ નથી. અઢારમી સદીમાં ફ્રાન્સ અને અમેરિકામાં એ શરૂ થઈ હતી. એનું લક્ષ્ય વધુ ને વધુ મોટી સંખ્યાના લોકો સુધી આર્થિક, રાજકીય અને સામા-જિક અધિકાર, લાભ અને તકને પહોંચાડવાનું છે. પહેલાં આ બધું માત્ર સમાજના ઉપલા વર્ગનો જ ઈજારો હતો. આ ક્રાન્તિ સંખ્યાપરાયણ છે, એને જીવનની ગુણવત્તા સાથે નિસ્બત નથી. આ લાભ મોટી સંખ્યામાં લોકોને પહોંચે એટલું જ એ ઇચ્છે છે. લોકોને રાજકીય સ્વતન્ત્રતા કેટલે અંશે મળે છે, ન્યાય કેટલે અંશે મળે છે તે જોવું પણ મહત્ત્વનું છે. હજી આપણા દેશમાં તો ઘણા લોકો ગરીબાઈના આંક નીચે જીવે છે, હજી નાત-જાતના ભેદભાવ જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં પ્રભાવક બની રહેતા જોવામાં આવે છે. આમ છતાં એની સામે ઉગ્ર જેહાદ જગાવવાનું વલણ આજે દેખાય છે. આજે પ્રજાની લાગણી આળી બની ગઈ છે. એ પહેલાં જેટલી સહિષ્ણુ પણ નથી. પહેલી ક્રાન્તિના લક્ષ્યને સિદ્ધ

કરવાની અધીરાઈ પ્રજામાં દેખાય છે. હવે ઝાઝી રાહ જોવી, ક્ષમાવૃત્તિ રાખીને, ધીરજ રાખવી એવું વલણ યુવાન પેઢીમાં દેખાતું નથી. જે પહેલાં સિદ્ધ કરવાના લક્ષ્યરૂપ લેખાતું હતું તેને તો જન્મસિદ્ધ અધિકાર જ હોય એવી રીતે જોવામાં આવે છે. સમાનતા, પ્રાચુ-ર્ય અને ભેદભાવના અનિષ્ટમાંથી મુક્તિ – આ માટે હવે વિનંતી કરવામાં નથી આવતી, એની અધિકારપૂર્વક માંગણી કરવામાં આવે છે. એ બાબતમાં કશું સમાધાન સ્વીકાર-વાની વૃત્તિ હવે દેખાતી નથી. આજે વિદ્યાર્થીઓ પણ એમને જોઈતી સવલતો માટે વિનંતી કરતા નથી, ઝુંબેશ ઉઠાવીને આક્રમક રીતે માગણીઓ રજૂ કરે છે.

બીજા પ્રકારની ક્રાન્તિ આની સાથે જ ચાલી રહી છે. એ ઔદ્યોગિક ક્રાન્તિ પછીની ક્રાન્તિ છે. એ વીસમી અને એકવીસમી સદીને ધ્યાનમાં રાખીને નવાં લક્ષ્યો નક્કી કરવા ઇચ્છે છે. આર્થિક સમૃદ્ધિથી આપોઆપ જ વ્યક્તિગત કૃતાર્થતાનો અનુભવ થતો નથી, કહે-વાતી રાજકીય સ્વતન્ત્રતા માનવીને આન્તરિક સ્વાતન્ત્ર્યની કે સાંસ્કૃતિક સ્વાતન્ત્ર્યની અનુભૂતિ કરાવતી નથી. સામાજિક ન્યાય અને સમતા હોય છતાં જીવનમાં કશાકની ઊણપ સાલ્યા કરતી હોય છે. 1968ના મે-જૂનમાં ફ્રાન્સની સોરબોન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નારો ગજાવ્યો: 'અમારે ઉપભોક્તાનો સમાજ નહિ જોઈએ.' પણ એથી તો વિદ્યાર્થીઓનો વર્ગ શ્રમિકોથી અળગો પડી ગયો. કારણ કે શ્રમિકોને માટે તો સમૃદ્ધિ અને ઉપભોક્તાને કેન્દ્રમાં રાખતો સમાજ હજી લક્ષ્યને સ્થાને છે.

તો આ નવી ક્રાન્તિનાં લક્ષણો શાં છે? વિદ્યાર્થીઓને પણ એ વિષે જાણકારી છે ખરી? 'ભૂતકાળમાં કદી નહોતો એવો સમાજ' સ્થાપવાની ધૂંધળી વાતો એઓ કરતા હોય છે. કોઈક વાર માનવીને વસવા જેવી દુનિયા રચવાનું પણ કહેતા હોય છે. હજી મનોવૈજ્ઞા-નિક, સાંસ્કૃતિક અને સામાજિક મુક્તિની વાતો પણ ચાલતી હોય છે. પણ એમની આ વાતો વિધાયક સ્વરૂપની નહિ, વધુ અંશે નકારાત્મક હોય છે. 'આ ન જોઈએ, પેલું ન જોઈએ' એવું જ એઓ ઘણું ખરું કહેતા હોય છે. એમનો વિરોધ બુલંદ જ હોય છે, પણ સુધારણા માટેની સક્રિયતા મન્દ હોય છે. પરિસ્થિતિનું નિદાન કેટલીક વાર એઓ સાચું કરતા હોય છે. પણ એના ઉપાય વિશેનાં એમનાં સૂચનો અસ્પષ્ટ હોય છે. પ્રથમ ક્રા-ન્તિ જલદી પૂરી થાય એની અધીરાઈ એમને વધુ છે, પણ બીજી ક્રાન્તિનાં લક્ષ્યો નક્કી કરવાની તત્પરતા ઓછી છે.

# ૧૩

ઔદ્યોગિક ક્રાન્તિ પછીની બીજી ક્રાન્તિ માટેની ઝંખના યુવાન પેઢીમાં દેખાય છે, પણ પશ્ચિમમાં એની દાર્શનિક અને વૈચારિક પીઠિકા રચાઈ છે તેવી આપણે ત્યાં રચાઈ નથી. આથી તરત શમી જાય તેવો ઊભરો, થોડાં છમકલાં, થોડીક કૃતક આક્રમકતા દેખાય છે. આલ્બેર કેમ્યૂની, જેમ એ લોકો એમ કહી શકે નહિ કે અમારા બળવાના પાયા પર જ તમારું અસ્તિત્વ અવલંબીને રહ્યું છે. ફ્રાન્સમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વિદ્રોહ કર્યો ત્યારે એમનું સૂત્ર હતું 'લોંગ લીવ ધ પેશોનેટ રેવોલ્યુશન ઓફ ક્રિયેટીવ ઇન્ટેલિજન્સ.' આ ઘણું સૂચક છે. આ વિદ્યાર્થીઓ કેવળ સંખ્યાપરાયણતાથી દૂર સરીને ગુણવત્તા સુધી પહોંચવા માંગતા હતા. એમને 'ક્વોન્ટિટી'માં નહિ, પણ 'ક્વોલિટી'માં રસ હતો. સમૃદ્ધિનું પ્રાચુર્ય બહુસંખ્ય માનવીઓને સમકાલીન માનવીય સન્દર્ભમાં તપાસવા પ્રેરે.

આપણે ત્યાં હજી એ સ્થિતિ આવી નથી. થોડાક સર્જકો અને ચિન્તકોએ જ માનવસન્દર્ભને તપાસવાનું કામ કર્યું છે. એ બધું પણ વેરવિખેર છે. એને સળંગસૂત્ર બનાવીને એ પ્રભાવક નીવડે એવું કરે એ પ્રકારનું કોઈ તત્ત્વ હજી આપણે ત્યાં દૃષ્ટિગોચર થતું નથી. યુનિવર્સિટી પાસેથી એની અપેક્ષા હતી. બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમમાં એની એક અનિવાર્ય પ્રતિક્રિયા રૂપે છવાયેલી હતાશા અને અસંગતિની લાગણીને ઉછીની લઈને આધુનિકમાં ખપવા માટે આપણે એનું રટણ કર્યા કરીએ છીએ. આપણી 'આધુનિકતા'ની વાતો પોકળ છે. કારણ કે હજી આપણે મધ્યકાલીન માનસ પૂરેપૂરું છોડી શક્યા નથી.

વળી આર્થિક સમૃદ્ધિ તો સિદ્ધ થઈ શકી નથી. પ્રતિકૂળતા, હાડમારી અને ગરીબાઈ મોટા ભાગની પ્રજાને કોઠે પડી ગયાં છે. એથી પુરુષાર્થ ઉગ્ર બનવો જોઈએ, એને બદલે

આપણી દૈવવાદી પ્રજા ધર્મ પાસેથી પોકળ આશ્વાસન મેળવીને 'સુખે દુ:ખે સમે કૃત્વા'ની સ્થિતપ્રજ્ઞની મનોદશા કેળવ્યાનું નાટક કરીને રાચ્યા કરે છે. આથી ગુણવત્તાનો ઉત્કર્ષ, પ્રફુલ્લતા, ઉત્સાહનો થનગનાટ – આની વાતો આપણે કરતા નથી. કેટલાક હઠીલા અથવા અન્ધ આશાવાદી અને શ્રદ્ધાળુ હજી રામરાજ્યના આદર્શનું ચિત્ર આંક્યા કરતા હોય છે. પણ જ્યોર્જ ઓર્વેલે જે ભવિષ્ય 'નાઇનટીન એઇટી ફોર' માટે કલ્પ્યું હતું તે સમયની આપણે ઘણા નિકટ આવી પહોંચ્યા છીએ. 'ડિસ્ટોપિયા'નું એવું સમર્થ આલેખન કરનાર સર્જક આપણી પાસે નથી.

હતાશા અને 'એબ્સર્ડ'ને નામે ગતકડાં કરનારા ઘણાં છે. ચેતનાની વિસ્તૃતિનો આગ્રહ, અનુભવની બધી અવસ્થાઓનાં સમર્થ પ્રતિરૂપોનો આવિષ્કાર કરવાના પડકારને ઝીલવાની તત્પરતા, રસવૃત્તિને વિકસાવવાનો ઉત્સાહ, ટૂંકમાં કહીએ તો સાચી સર્જકતાને કેળવીને પુરસ્કારવાનું આપણા સમાજના કહેવાતા શિક્ષિત અને સંસ્કારી વર્ગનું વલણ હોય એવું દેખાતું નથી. આમ છતાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ભરમાર છે, સૌરાષ્ટ્રના લોકસંગીતને બજારુ ચીજ બનાવી દીધી છે. સંગીત શેખીખોરોના મેળામાં જતું રહ્યું છે, નૃત્યનું કલાગત મૂલ્ય સ્વીકાર્યુ નથી. એને સામાજિક પ્રતિષ્ઠા માટે અને સંસ્કારિતાનાં છોગાં તરીકે આપણે જોતા થઈ ગયા છીએ.

યુનિવર્સિટીમાં સર્જકતાને અવકાશ આપે, એનું ગૌરવ કરે એવી પ્રવૃત્તિ કેટલી? 'સંગીતસન્ધ્યા'ના કાર્યક્રમમાં ફિલ્મી સંગીતનું અનુકરણ કરીને રાગડા તાણવામાં આવે છે. કવિસંમેલનો સભારંજની જોડકણાંને જ સ્થાન આપે છે. યુનિવર્સિટી તરફથી પ્રકાશિત, અધ્યાપકો અને વિદ્યાર્થીઓના જ્ઞાનના ક્ષેત્રના ઉદ્યમના નિષ્કર્ષરૂપ, સામયિકનું ધોરણ અત્યન્ત નીચું ચાલ્યું ગયું છે. છતાં કોઈ વિક્ષુબ્ધ થતું નથી, બધું ઠીક છે એવી આત્મતુષ્ટિ ધીમે ધીમે આપણને જડ બનાવી દેશે એવો ભય રહે છે.

આથી આપણે ઔદ્યોગિક ક્રાન્તિ પછીની ક્રાન્તિની વાત કયે મોઢે કરીશું? હા, આપણે ત્યાં પણ પરદેશ જઈ આવેલા થોડા યુવાનો 'કોમ્યુન' સ્થાપીને જીવવાની વાત કરે છે. 'બિટનિક' શબ્દ હવે ભુલાઈ જવા આવ્યો છે. પણ આપણે ત્યાંય થોડા 'હિપ્પી'નો વેશ ભજવનારા છે. એને નામે એલ.એસ.ડી. કે ગાંજા-ચરસનું સેવન કરનારો વર્ગ દરેક વિદ્યાપીઠનાં છાત્રાલયોમાં જોવામાં આવે છે. આમ તો આપણો આખો જમાનો મૂળ

વસ્તુને બદલે તેની અવેજીમાં જે મળે તેનાથી સન્તોષ માનીને જીવનારાઓનો જમાનો છે. મૂળ વસ્તુને જીરવવાનું ગજું આપણામાં નથી. આપણા બધા આનન્દ પણ અજીઠા હોય છે, ઊબાઈ ચૂકેલા હોય છે. આની અસર આપણી બધી જ પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં દેખાય છે.

આમ છતાં આદર્શવાદને વળગી રહ્યા છીએ. ભ્રષ્ટાચારીઓ વચ્ચે 'સદ્વિચાર પરિવાર' આપણી પાસે છે. બીજી ક્રાન્તિની જેહાદ એકવિધતાની સામે છે. સમાનતા સ્થાપવાને નામે આપણે કશા વિશિષ્ટને ઓળખીને એનું ગૌરવ કરવા ઇચ્છતા નથી. 'સ્ટાન્ટર્ડાઇ-ઝેશન'ને નામે આપણે મૌલિકતાને જ દેશવટો આપવા બેઠા છીએ. ટેક્નોલોજી ઉપયોગી વસ્તુ છે, પણ માનવી એનું પ્યાદું બની રહે એ સ્થિતિનો આપણે વિરોધ કરવાનો છે. વ્ય-ક્તિમત્તાનું ગૌરવ થવું જોઈએ, એની અદ્વિતીયતા, સ્વીકારાવી જોઈએ. માણસો વચ્ચેનું સરખાપણું શોધવાના ઉત્સાહમાં માનવી માનવી વચ્ચે જે અનિવાર્ય ભેદ રહ્યો છે તેની વાસ્તવિકતાને આપણે ભૂલી નહિ જઈ શકીએ.

આ વ્યક્તિમત્તાનું ગૌરવ કરવાની વૃત્તિનો અતિરેક પણ દેખાય છે. વિશિષ્ટતા નહિ પણ વિલક્ષણતાને જોરે કેટલાક નોખા તરી આવવા ઇચ્છતા હોય છે. રુચિની વિશિષ્ટતાને આપણે સ્વીકારીએ, પણ અલગારી દેખાવાનું નાટક આપણને ઝાઝું રુચે નહિ એમ બને.

સંસ્થાકીય અભિગમ આ બીજી ક્રાન્તિમાં કદાચ એટલું મહત્ત્વનું સ્થાન નહિ પામે. દોસ્તોએવ્સ્કીએ કહેલું જ કે માનવી દરમાં રહીને પોતાને સહીસલામત માનવા ઇચ્છનારું પ્રાણી છે. આપણી સંસ્થાઓ આપણને સલામતી આપે છે. આપણે સક્રિય છીએ એવો આભાસ ઊભો કરે છે. સંસ્થા અમુક જડ નિયમો અને ધારાધોરણોને આધારે ચાલતી હોય છે. એના પર આ કે તે વગ ધરાવનારા જૂથનું, 'કોકસ'નું, વર્ચસ્ હોય છે.

પણ હવે કશું જડબેસલાક આપણે સ્વીકારી લેવા ઇચ્છતા નથી. આપણે મુક્તપણે નિર્ણયો કરીને વર્તીએ એવી અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવા માંગીએ છીએ. આપણી વિકાસની પ્રક્રિયા નિર્બાધ રીતે નિરન્તર ચાલ્યા કરે એવું ઇચ્છીએ છીએ. સર્વસંમતિને નામે વૈયક્તિક વિશિષ્ટતાનો છેદ ઉડાડી દેવાનું હવે આપણને જચતું નથી. મરણપર્યન્ત હું અનેક તબક્કે મારા વ્યક્તિત્વને વિકસાવતો રહું એવી મારી ઇચ્છા હોય તે દેખીતું છે.

આથી જ સહકારને નામે કે કેન્દ્રને બળવત્તર બનાવવાને નામે આપણે કશા ખોટા ભોગ આપવાનું અને એમ કરીને નૈતિક ઉત્કર્ષ સિદ્ધ કર્યાનું ખોટું ગૌરવ લેવાનું ઇચ્છતા નથી. ભૂલો કરીને શીખવાનો આપણો વિશિષ્ટ અધિકાર આપણી પાસેથી છીનવાઈ જાય એવું આપણે ઇચ્છતા નથી, હવે આપણું સ્થાન સરઘસ અને મોરચામાં નથી, સ્વમાં પ્રતિષ્ઠિત થવાનું મુહૂર્ત આવ્યું છે.

# ૧૪

રજાઓ પૂરી થાય અને યુનિવર્સિટીઓ ખૂલે કે તરત આ કે તે નિમિત્તે કહેવાતા વિદ્યાર્થીનેતાઓ આન્દોલનની ધમકી આપવાની શરૂ કરી દે છે. આ ધમકી માત્ર ધમકી રહેતી નથી. આન્દોલન ઉગ્ર આક્રમક જુસ્સા સાથે શરૂ થાય છે. એમાંથી હિંસાત્મક આક્રમણ શરૂ થાય છે. પહેલાં તો એમાં કોઈ વ્યક્તિને ઇજા પહોંચાડવાનો આશય નહોતો, હુમલો યુનિવર્સિટીનાં મકાનો પર થતો, એથી માલમિલકતને નુકસાન થતું. હવે તો આ કે તે વ્યક્તિ અથવા જૂથ એવું નિશાન બને છે અને ઘણીવાર જાનહાનિ થાય છે. યુનિવર્સિટીમાં નવો પ્રવેશનાર વિદ્યાર્થી હજી વર્ગમાં કશું ભણે તે પહેલાં તો આવાં આન્દોલનોમાં હડસેલાઈ જતો હોય છે. પ્રથમ તો એ હેબતાઈ જઈને સહેજ દૂર ઊભો રહીને આ બધું જુએ છે, પણ વિદ્યાર્થીનેતાઓની ધાકધમકીથી આખરે એને પણ ટોળામાં ભળી જઈને આન્દોલનના પક્ષકાર બનવું પડે છે. એ પોતાનો કોઈ સ્વતંત્ર મત કેળવે અને આત્મપ્રતીતિ સિદ્ધ કરે તે પહેલાં તો એ પ્રવાહપતિત થઈને ખેંચાઈ જતો હોય છે. દરેક વર્ષે આ પરિસ્થિતિ ઊભી થતી હોવા છતાં યુનિવર્સિટીનું વહીવટીતન્ત્ર કે અધ્યાપકમણ્ડળ આ પરિસ્થિતિ ઊભી ન થાય અને ઊભી થાય તો એનો પ્રતિકાર શી રીતે કરવો એ વિશે ગમ્ભીરતાથી વિચારતાં હોય એવું લાગતું નથી. ચૂંટણી પહેલાં આવું આન્દોલન ઊભું કરીને આગળ આવવાનો કીમિયો વિદ્યાર્થીનેતાઓએ હસ્તગત કરી લીધો છે. 'ઓરિએન્ટેશન પ્રોગ્રામ' આથી ફલદાયક નીવડતા નથી.

વિદ્યાર્થીઓની મોટી સંખ્યા ઘણા પ્રશ્નો ઊભા કરે છે. હવે પ્રવેશ ગુણવત્તા પ્રમાણે આપવાનો આગ્રહ બહુ ઓછી યુનિવસિટીઓ રાખી શકે છે. જ્ઞાન મેળવવાનો અધિકાર

લોકશાહીમાં સૌને છે, પણ એમાં યોગ્યતા રુચિ કે ગુણવત્તાની પરવા કર્યા વગર એક પછી એક ટોળું ને ટોળું, પ્રવેશ પામવો તેને જન્મસિદ્ધ અધિકાર લેખીને, યુનિવર્સિટીમાં ઘૂસી જાય છે. પરીક્ષાઓમાં યેનકેન પ્રકારે ઉત્તીર્ણ થવું, ડિગ્રી મેળવવી અને એ ધ્યેય સિદ્ધ કરવામાં સાધન-શુદ્ધિને નેવે મૂકવી. આવું વલણ અત્યારે સ્પષ્ટ વર્તાય છે. એ માટે કોઈ નિષ્ણાત સમાજવિજ્ઞાનીના અભિપ્રાયની કે કોઈ તપાસપંચના તારણની રાહ જોવાની જરૂર નથી.

સંખ્યાબહુલતાને કારણે પુસ્તકાલયની વ્યવસ્થા ઊણી પડે છે. પુસ્તકો બધાંને સુલભ બની રહેતાં નથી. પુસ્તકાલયના બજેટ પણ ટૂંકા હોય છે અને અમુક વિષયમાં તો પરદેશથી પુસ્તકો મંગાવવા પડે. વળી આવા એક પુસ્તકની કિંમત ત્રણસો રૂપિયા જેટલી હોય છે. પણ પુસ્તકાલયની અપૂરતી સગવડ માટે હજી ખાસ આન્દોલન થયાનું સાંભળ્યું નથી. આ હકીકત આખી પરિસ્થિતિની દ્યોતક છે.

સંખ્યાબહુલતાને કારણે શિક્ષક શિષ્ય વચ્ચેનો પ્રત્યક્ષ સમ્પર્ક ઝાઝો સંભવિત રહેતો નથી. પ્રામાણિકપણે એ કબૂલ કરવું રહ્યું કે શિક્ષકો પણ પોતાના જ્ઞાનના સામર્થ્યથી ઝાઝો પ્રભાવ પાડે એવા રહ્યા નથી. એમાં દરેક યુનિવર્સિટીમાંથી થોડા સુખદ અપવાદો મળી રહે. આ વિષય શીખવો હોય તો અમુક વિદ્યાપીઠના અમુક અધ્યાપક પાસે જ જવું જોઈએ એવી જે પરિસ્થિતિ પશ્ચિમમાં છે તેવું કશું આપણે ત્યાં ખાસ નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસમાં, વિદ્યાપ્રાપ્તિની પ્રવૃત્તિમાં સંડોવાયા વિના, અહીંતહીં ભટકતા અને ઇતર પ્રવૃત્તિમાં રાચતા દેખાય છે. વિદ્યાપ્રાપ્તિના પુરુષાર્થથી વંચિત રહી ગયેલો વિદ્યાર્થી અનેક અનિષ્ટો ઊભાં કરવામાં હાથારૂપ બને છે. પરીક્ષા પસાર કરવા પૂરતું એ ધંધાદારી દૃષ્ટિએ ચાલતા વર્ગોમાંથી ‘હેન્ડ આઉટ્સ’ને રૂપે મેળવી લે છે. આ તૈયાર સામગ્રીના જોરે એ પરીક્ષા આપતો હોય છે. આથી વડીલો પર વધારાનો આર્થિક બોજો આવે છે, એટલું જ નહિ, યુનિવર્સિટીના કેટલાક શિક્ષકો સીધી કે આડકતરી રીતે આવી ધંધાદારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય છે. ત્યારે બીજાં ઘણાં અનિષ્ટો પોષાય છે. આ બધું યુનિવર્સિટીના મૂળ ઉદ્દેશને વિફળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે.

વિદ્યાપ્રાપ્તિની પ્રવૃત્તિને પૂરક એવી ઘણી યોજનાઓ કાગળ પર તો છે, એને નામે બે-ચાર વ્યક્તિઓ દરેક યુનિવર્સિટીમાં પોષાતી હોય છે. પણ મોટે ભાગે યુનિવર્સિટી

વિસ્તારમાં આવી કશી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સક્રિયપણે જોડાતા દેખાતા નથી. ઘણી પ્રવૃત્તિ તો અનુદાનો મેળવવા માટે કાગળ પર જ રહેતી હોય છે. આવો પ્રતિષ્ઠાનો અભાવ અને દિલચોરી, શક્તિ અને દ્રવ્યના અપવ્યયમાં જ મોટે ભાગે પરિણમે છે. આપણા ગરીબ દેશને એ પરવડે એમ નથી.

જ્ઞાનવિતરણ માટેના માધ્યમ લેખે માતૃભાષા કે પ્રાદેશિક ભાષાને રાખવી કે કેમ, અંગ્રેજી અને બીજી યુરોપીય ભાષાને કેટલું મહત્ત્વ આપવું – આ બધાં વિશે આપણે કદાચ ગમ્ભીરપણે વિચાર્યું નથી. એને પરિણામે આ વિષે કોઈ ચોક્કસ નીતિ વગર આપણો વ્યવહાર ચાલ્યા કરે છે. પાઠ્યપુસ્તકો અને સન્દર્ભગ્રન્થો પ્રાદેશિક ભાષામાં તૈયાર કરાવવાની પ્રવૃત્તિ પણ આડેધડ ચાલી અને એથી એ પરત્વે અસન્તોષનાં ઘણાં કારણો રહ્યાં. ભાષાનો અભ્યાસ, આજે તો, બીજા વિષયોના અભ્યાસને મુકાબલે, ઝાઝા મહત્ત્વનો લેખાતો નથી. એને નાહકના બોજારૂપે લેખીને પાઠ્યક્રમમાંથી દૂર કર્યાના દાખલા પણ છે. આ સ્થિતિમાં આજના મોટા ભાગના વિદ્યાર્થીઓની અભિવ્યક્તિની ક્ષમતા ખેદજનક રીતે ઘટી જાય તે દેખીતું છે. વિદગ્ધતાના સ્તરની વિભાવનાઓને સમજવા જેટલું એને કોઈ ભાષાનું જ્ઞાન નથી. આથી અભ્યાસવિષય સાથે એને પ્રત્યક્ષ સમ્બન્ધ જ રહેતો નથી. આ પરોક્ષતા વિદ્યાપ્રાપ્તિની આખી પ્રવૃત્તિને નીરસ બનાવી દે છે. એમાંથી અજંપો ઉદ્ભવે છે. આ અજંપો બીજાં અનેક અનિષ્ટો ઊભાં કરે છે.

આ પરિસ્થિતિનો સરકારને કે યુનિવર્સિટીના વહીવટીતન્ત્રને ખ્યાલ નથી એવું હું કહેતો નથી. એ ખ્યાલ હોવાથી જ એમની જવાબદારી વધી જાય છે. ગૌણ વસ્તુને મહત્ત્વ આપીને મુખ્ય સમસ્યાને ટાળવાની નીતિ સામાન્ય રીતે અપનાવાતી હોય એવું જોવામાં આવે છે. આથી ઉત્તમ વિદ્યાર્થીઓને અને ઉત્તમ અધ્યાપકોને ગેરલાભ થાય છે. આખરે એ ગેરલાભ સમાજનો જ છે. પરસ્પર દોષારોપણ કરવાથી તો વૈમનસ્ય વધશે. વિદ્યાર્થી અને અધ્યાપક સામસામે જુદા વર્ગમાં વહેંચાઈ જઈને પોતાનાં હિતોને જુદાં ગણે અને પક્ષિલ માનસ ધરાવે એ પરિસ્થિતિ વિદ્યાપોષક નહિ બને તે દેખીતું છે. વિદ્યાર્થીઓ પણ સાચું હિત શેમાં છે એ સમજે તે જરૂરી છે.

# ૧૫

તો વિદ્યાને આપણે ફરીથી ગૌરવપૂર્વક વિદ્યાપીઠમાં પ્રતિષ્ઠિત શી રીતે કરીશું? હજી ઘણાં પ્રાચીન કાળના ઋષિઓના તપોવનમાં ચાલતી વિદ્યાપીઠનો આદર્શ સેવે છે. કેટ-લાક તક્ષશિલા અને નાલંદામાં હતી એવી વિદ્યાપીઠો ફરીથી સ્થપાય એમ ઇચ્છે છે. ઘણા આપણી યુનિવર્સિટીઓ ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ જેવી બની રહે એવું સ્વપ્ન જોતા હોય છે. આજની વાસ્તવિકતા સ્વીકારીને ચાલ્યા વગર છૂટકો નથી. શિક્ષણ વ્યવસાય-લક્ષી જ હોવું જોઈએ, જ્ઞાન ખાતર, જ્ઞાનની વાતો આપણને આ જમાનામાં પરવડે એમ નથી એવું કેટલાક સ્પષ્ટપણે માનતા હોય છે. આપણે ત્યાં રવીન્દ્રનાથ અને ગાંધીજીએ પોતપોતાના આદર્શ મુજબ વિદ્યાપીઠો સ્થાપી પણ છે. એમ છતાં રાષ્ટ્રમાં એ પ્રભાવક બળ બની રહી શકી છે ખરી, એવો પ્રશ્ન આજે થાય છે. તો આ પરિસ્થિતિમાં શું કરવું? પશ્ચિમની વિદ્યાપીઠોની કાર્બન કોપી જેવી વિદ્યાપીઠો આપણે ત્યાં ઘણી છે. એમાં સેવા આપનારા વિદ્વદ્વર્ગ પર એની પ્રતિષ્ઠાનો આધાર રહે છે. પશ્ચિમમાં નથી એટલું ડીગ્રીનું મહત્ત્વ આપણે ત્યાં છે. આથી જેને આર્થિક દૃષ્ટિએ પરવડે તેમ નથી એવા પણ ગતા-નુગતિક ન્યાયે યુનિવર્સિટી ભણી દોટ મૂકે છે. જેઓ પોલિટેકનિકમાં ત્રણ વર્ષમાં શિક્ષણ મેળવી આ કે તે વ્યવસાયની દક્ષતા પ્રાપ્ત કરી શકે છે તેમને પણ ડીગ્રી મેળવ્યા વગર જાણે પ્રતિષ્ઠામાં ઊણપ આવતી હોય એવું લાગે છે. ડીગ્રીને મળેલી ખોટી પ્રતિષ્ઠાને કારણે ઘણા યુવાનો શક્તિ તથા સમયનો અપવ્યય એ ડીગ્રી મેળવવા માટે કરતા હોય છે. આવી મૂલ્યોની ખોટી સમજ આપણે સુધારી લેવી જોઈએ.

જેમાં જ્ઞાન ખાતર જ્ઞાનને અવકાશ છે, એવા વિષયોમાં વિદ્યાર્થીઓ સૌથી ઓછી સંખ્યા-

માં જતા હોય છે. વિદ્યાનું લક્ષ્ય જ આપણા સમાજમાં બદલાઈ ગયું છે. આથી સર્વાંગીણ મનુષ્યની કેળવણીવાળી વાત આજે આપણને અવ્યવહારુ લાગે છે. આથી આપણી વિદ્યાપીઠોનું વાતાવરણ જ બદલાઈ ગયું છે. માંડ દોઢ-બે કલાક વર્ગમાં બેસીને વિદ્યાર્થીઓ આમથી તેમ ભટકતા દેખાય છે. ગ્રન્થાલયોનો ઝાઝો ઉપયોગ થતો નથી. પાઠ્યક્રમમાંનાં મોંઘાં પુસ્તકો ખરીદી નહિ શકાય, તેથી પરીક્ષા વખતે એ વિભાગ તરફ ધસારો જોવામાં આવે છે. એમાંય હવે તો પુસ્તકમાંથી ખપ પૂરતાં પાનાં ફાડી લેવાનું છડેચોક ચાલે છે. વિદ્યાપીઠોને મળતાં અનુદાન ગ્રન્થાલયોને વિકસાવવા માટે ઘણાં ઓછાં પડે છે. આમ વિદ્યાપ્રાપ્તિને માટેની અનિવાર્ય સામગ્રી વિના જ જો ચલાવી લેવું પડતું હોય તો વિદ્યાનો ઉત્કર્ષ સમ્ભવે શી રીતે? આ માટે મોટાં ઉદ્યોગ સંકુલો તથા વાણિજ્ય પ્રતિષ્ઠાનોએ મદદ કરવી જોઈએ. પછાત વર્ગને આર્થિક મદદ કરીને શિક્ષણ પામવાની સુવિધા કરી આપવામાં આવી છે પણ એનોય વિવેકપૂર્વક ઉપયોગ થતો નથી.

સાચી પરિસ્થિતિ તો એ છે કે વિદ્યાર્થી વિદ્યાપીઠમાં ઝાઝું ભણતો જ નથી. આ કે તે નિમિત્તે, વર્ષમાં અમુક સમય, યુનિવર્સિટીઓ બંધ રહેતી હોય છે. આખા વર્ષમાં ભાગ્યે જ બે મહિના જેટલા સમયનું સઘન શિક્ષણ વિદ્યાર્થી પામતો હોય છે. આટલા અધૂરા જ્ઞાને તે દીક્ષિત થઈને બહાર નીકળે છે એનાં પરિણામ દેશ તથા સમાજને માટે ખતરનાક આવે તે દેખીતું છે. આટલો બધો સમય વેડફી નાખવાનું આપણા ગરીબ દેશને પરવડે નહિ આથી સમયનો પૂરેપૂરો ઉપયોગ થાય અને શિક્ષણ માટેની સઘન પ્રવૃત્તિ થઈ શકે એવી વ્યવસ્થા થવી જોઈએ.

આજની વિદ્યાપીઠોની કાર્યપદ્ધતિ તથા બંધારણીય માળખાને બદલવાનો સમય થઈ ચૂક્યો છે. 'ધીમે ધીમે સુધારાનો સાર' માનનારા લોકો તરત જ આમૂલ ક્રાન્તિકારી પરિવર્તન લાવી દેશે એથી આશા રાખવી અસ્થાને છે, હજી સ્થાપિત હિતો તો 'સ્થિતસ્ય સમર્થન'ની નીતિને જ પકડી રાખે છે. સરકાર કાયદાઓ સુધારે એની આશા રાખીને બેસી રહેવાનો કશો અર્થ નથી. કાયદા સુધારાની પ્રક્રિયા ધીમી અને જટિલ હોય છે.

તો કરવું શું? સૌ પ્રથમ તો વિદ્યાપીઠોમાં વિકેન્દ્રીકરણ થવું ઘટે. નાનાં નાનાં વિદ્યાસંકુલો હોય તે વધારે હિતાવહ છે. હવે 'એફિલિયેટિંગ' યુનિવર્સિટીને સ્થાને 'રેસિડેન્શિયલ' યુનિવર્સિટીની સંખ્યા વધારવી જોઈએ. આવું દરેક વિદ્યાસંકુલ એની આગવી વિશિષ્ટતા

ધરાવતું અને બીજાં વિદ્યાસંકુલોનું પૂરક બની રહેવું જોઈએ. દેશના શ્રેષ્ઠ તજજ્ઞોનો લાભ આ વિદ્યાસંકુલોને, અધ્યાપકોના આદાન-પ્રદાનની વ્યવસ્થા દ્વારા, મળતો રહે તેવી યોજના થવી જોઈએ. અભ્યાસક્રમના વિષયોની પસંદગી આડે જે જડ નિયમો છે તે ફેરવવા જોઈએ. કેમ્બ્રિજ જેવી રૂઢિચુસ્ત ગણાતી વિદ્યાપીઠમાં એરોનોટિક્સના એન્જિનિયર, વિટગેન્સ્ટાઇન, ફિલસૂફીના વિષયમાં સંશોધન કરવા માટે સીધો પ્રવેશ મેળવી શકે, પણ આપણે ત્યાં એવી ઉદાર દષ્ટિનો અભાવ છે. આથી ઘણાં સાચો રસ ધરાવનારા વિદ્યાર્થીઓને, ધારાધોરણને કારણે, એ વિષયમાં પ્રવેશ મેળવવાનું અશક્ય બની રહે છે. વળી ફિલસૂફી ભણતો વિદ્યાર્થી વિજ્ઞાન ભણે તો એને લાભ થાય એ દેખીતું છે. વિદ્યાપીઠોમાં અપાતા શિક્ષણને પૂરક એવી પ્રવૃત્તિ હવે તો લગભગ થતી જ નથી. અભ્યાસવર્તુળો ચાલતાં હોતાં નથી. સેમિનારનો સાચો અર્થ સમજાયો નથી. આથી સેમિનારોથી થતો લાભ આપણે મેળવી શકતા નથી. કશું પારિશ્રમિક સ્વીકાર્યા વિના સ્વેચ્છાએ પોતાના જ્ઞાનનો લાભ વિદ્યાપીઠોને આપનારો નિવૃત્ત અધ્યાપકોનો વર્ગ ઊભો થવો જોઈએ.

હું તો આ સમ્બન્ધમાં કશુંક સક્રિય કરવાને ઉત્સાહી છું. વિદ્યાપીઠો ભલે ચાલે, એને સમાન્તર બીજી વિદ્યાકીય પ્રવૃત્તિ શરૂ થવી જોઈએ. શેઠાશ્રય કે રાજ્યાશ્રય વિના, કેવળ વિદ્યાના ઉત્કર્ષ માટે, આ પ્રવૃત્તિ ચાલવી જોઈએ. ફંડફાળાની અને પૈસાના વહીવટની વાત પેચીદી હોય છે. એમાંથી ઘણાં અનિષ્ટો પ્રવેશે છે. વિદ્યાપીઠો જે જ્ઞાનની શાખાઓને જોડી આપતી નથી. તેમ છતાં જેમની વચ્ચેનો પારસ્પરિક સમ્બન્ધ જ્ઞાનપ્રાપ્તિની ગુણવત્તા વધારવામાં ઉપકારક નીવડે તેમ છે તેવા વિષયોના એકમો નક્કી કરીને એને માટેના ક્રમિક અભ્યાસક્રમની ત્રીસ વ્યાખ્યાનોમાં આવરી લઈ શકાય, એવા ‘કેપ્સ્યુલ’ અભ્યાસક્રમની વ્યવસ્થા કરી શકાય. આવા ક્રમિક અભ્યાસક્રમ માટેના સત્ર દશથી પંદર દિવસના હોય, એમાં તે તે વિષયના વિદ્વાનો નિ:શુલ્ક શિક્ષણ આપે, એમનું આતિથ્ય મિત્રો કે પરિચિતો દ્વારા થાય. રજાઓના ગાળામાં આ સત્રો ચાલે તો ઘણી શિક્ષણસંસ્થાઓનો આ સત્ર ચલાવવા માટે ઉપયોગ થઈ શકે. આવાં સમાન્તર કેન્દ્ર જે સ્થળોને વિદ્યાપીઠનો લાભ નહિ મળ્યો હોય ત્યાં ખાસ શરૂ કરવાં જોઈએ. વિદ્વાનોનું સમાજ પ્રત્યે ઋણ છે જ, એ ઋણ ચૂકવવા માટે, વિદ્યાવ્યાસંગ વધારવા માટે, કેવળ પરમાર્થવૃત્તિથી એમણે આ પ્રવૃત્તિનું સક્રિયપણે સંચાલન કરવું જોઈએ. આવાં ક્રમિક વ્યાખ્યાનોની શ્રે-

ણીનું હું આયોજન કરી રહ્યો છું. મને આશા છે કે મારા વિદ્વાન અધ્યાપક મિત્રો આમાં સક્રિય સહકાર આપશે જ. મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે કે જે પ્રજા જ્ઞાનથી વિમુખ થાય છે તેનો નાશ થાય છે. આપણો સમાજ એમાંથી બચે એ માટે વિદ્યાના ક્ષેત્રમાં પ્રચંડ પુરુષાર્થ કરવાની જરૂર ઊભી થઈ છે.